દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 191 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ શ્રાવણ વદ - ૪/૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 August 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧૩ ઓગસ્ટ ૨૦૨૫ , કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# બિન-અનામત આયોગમાં નિમણૂક કરવા પાટીદાર-રાજપૂત સમાજના આગેવાનોએ મુખ્ય પ્રધાનને રજૂઆત કરી

## ૨૫ ઑગસ્ટ સુધીમાં પદો નહીં ભરાય તો આંદોલનની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટીદાર અનામત આંદોલન પૂરું થયા બાદ સરકારે પાટીદારોની માગણી સ્વીકારતા સમયે આર્થિક નબળા વર્ગો માટે ઈડબલ્યુએસની જાહેરાત કરી હતી. તેની સાથે સાથે બિન-અનામત આયોગની પણ જાહેરાત કરી હતી. આ બિન-અનામત આયોગના ચેરમેન સહિતના હોદ્દાઓ પર નિમણૂક બાકી છે, જેથી અસંતોષ વધી રહ્યો છે. ૧૨ ઓગસ્ટ મંગળવારના રોજ બિન-અનામત આયોગમાં નિમણૂક મુદ્દે પાટીદાર-રાજપૂત સમાજના આગેવાનોએ ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને મળી રજૂઆત કરી હતી, આ સાથે જ જો ૨૫ ઓગસ્ટ સુધીમાં પદો નહીં ભરાય તો આંદોલનની પણ ચીમકી ઉચ્ચારી હતી. • બિન-અનામત આયોગમાં નિમણૂક મુદ્દે પાટીદાર અને ક્ષત્રિય આગેવાનોએ ઝડપથી બિન-અનામત આયોગમાં બાકી રહેલાં પદો પર નિમણૂક થાય એવી રજૂઆત કરી હતી. આ બેઠકમાં પાટીદાર આગેવાનોમાં દિનેશ બાંભણિયા, વરુણ પટેલ, પૂર્વી પટેલ સહિતના આગેવાનો તથા અનેક ક્ષત્રિય એકતા મંચના આગેવાનો પણ હાજર રહ્યા હતા.

રાજપૂત સમાજના અગ્રણી અને રાજપૂત એકતા મંચના કન્વીનર સહદેવસિંહે જણાવ્યું હતું કે બિન-અનામત આયોગના ચેરમેન, વાઇસ-ચેરમેન અને ડિરેક્ટરોની જગ્યા ખાલી છે, જે તાત્કાલિક ભરવામાં આવે એવી રજૂઆત લઈને મુખ્ય પ્રધાનને મળવા ગયા હતા. જો પાટીદાર આંદોલન થશે તો અમે પણ તેમની સાથે છીએ.

બિન-અનામત નિગમમાં ચેરમેનની ગેરહાજરીથી હાલ ૩૨૦૦થી વધુ અરજીઓ પેન્ડિંગ પડી છે. આના કારણે વિદ્યાર્થીઓને શૈક્ષણિક લોન, ભોજન બિલ સહાય અને કોચિંગ સહાય જેવી યોજનાઓનો લાભ મળવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

# ભાજપના રાજમાં સોમનાથમાં ૧૮૪ વર્ષ જૂના મંદિર પર બુલડોઝર ફરશે

## સોમપુરા બ્રહ્મ સમાજ મેદાને આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિશ્વ પ્રસિદ્ધ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરના વિકાસ માટે પ્રસ્તાવિત કોરિડોર પ્રોજેક્ટ મુદ્દે સ્થાનિકોમાં ભારોભાર રોષ પ્રવર્તી રહ્યો છે, આ કોરિડોરમાં આઠ મંદિર સહિત ૩૮૪ મિલકતો હટાવવાની તંત્રએ કવાયત કરી છે, પરંતુ તંત્રની આ કવાયતનો સ્થાનિકો દ્વારા જોરશોરથી વિરોધ શરૂ થયો છે. આ દરમિયાન જૂના સોમનાથ મંદિર નજીક આવેલા અને ૧૮૪ વર્ષથી સોમપુરા બ્રહ્મ સમાજના તાબા હેઠળના દુઃખહરણ મહારાજ મંદિર પર પણ બુલડોઝર ફરે તેવી શક્યતા છે. જેથી સોમપુરા તીર્થ પુરોહિત બ્રહ્મ સમાજના યુવાનો મંદિરની બહાર અને અંદર રાત્રિ પહેરો ભરી રહ્યા છે. કારણ કે તેમને મંદિર ડિમોલિશન થવાનો ભય સતાવી રહ્યો છે. આ મુદ્દે વેરાવળ ડે. કલેક્ટર વિનોદ જોશીએ જણાવ્યું હતું કે આ જગ્યા શ્રીસરકારની છે અને આગામી મંદિર કોરિડોર યોજના અંતર્ગત આ જગ્યા ઉપયોગમાં લેવામાં આવશે. મંદિરના પૂજારી હર્ષ આચાર્યે જણાવ્યું હતું કે પાંચ ઓગસ્ટના રોજ વેરાવળના ડેપ્યુટી કલેક્ટરની ટીમ મંદિર પર આવી હતી અને અહીં નિશાની કરીને જણાવ્યું હતું કે આ જગ્યાએ ડિમોલિશન કરવાનું છે. તેમણે પૂજારીને તેમની વસ્તુઓ સાચવી લેવા જણાવ્યું હતું અને બુલડોઝર ગમે ત્યારે આવી શકે છે એવી ચેતવણી પણ આપી હતી. આ ઘટનાથી સમુદાયમાં ભયનો માહોલ છવાઈ ગયો છે અને લોકોનો તંત્ર પરથી વિશ્વાસ ઊઠી ગયો છે.

# રીબડા ફાયરિંગ કેસમાં ફરાર આરોપી હાર્દિકસિંહની કેરળથી ધરપકડ, અમદાવાદ લવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના રીબડામાં અનિરૂદ્ધસિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલપંપ ઉપર ફાયરિંગ કરાવનાર મોસ્ટ વોન્ટેડ હાર્દિકસિંહ જાડેજાને સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)ની ટીમે કેરળથી ઝડપી લીધો હતો. સ્ટેટ મોનિટરિંગ સેલની બે ટીમોએ હાર્દિકસિંહ જાડેજાને કેરળના કોચીના કોચુપલ્લી રોડ પરથી શોધી કાઢ્યો હતો અને સ્વામી હોટેલ સામેથી તેની ધરપકડ કરવામાં આવી હતી. તેની ધરપકડ અંગેની વાતની પુષ્ટિ એસેમસીના ડીઆઈજી નિર્લિપ્ત રાયે પણ કરી હતી. તેને ગુજરાત લાવી ગોળીબાર અને અન્ય ગુનાઓની સંડોવણી અંગે પૂછપરછ કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ, આરોપી અત્યાર સુધી ગુમ હતો અને ૧૦થી વધુ રાજ્યોમાં ફરી રહ્યો હતો. જોકે, ગોળીબાર કેસમાં સઘન તપાસમાં તે કેરળમાં હોવાનું બહાર આવ્યું હતું. બાદમાં એસએમસીની ટીમે કેરળથી તેની ધરપકડ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપી હાર્દિકસિંહ જાડેજાને હાથકડીના બદલે દોરડા વડે બાંધીને અમદાવાદ લાવવામાં આવ્યો હતો.

રીબડામાં પેટ્રોલપંપ પર થયેલા ફાયરિંગના ચર્ચાસ્પદ કેસમાં હાર્દિકસિંહની સંડોવણી ખૂલી હતી. ફાયરિંગના થોડા સમય બાદ જ તેણે સોશ્યલ મીડિયા ઉપર ફાયરિંગ કર્યાનું કબૂલાત કરી હતી. જેથી ગોંડલ તાલુકા પોલીસ, એલસીબી, એસઓજી સહિતની ટીમો તેની શોધખોળમાં લાગી ગઈ હતી. તેને પકડવા બીજા રાજ્યોમાં પણ પોલીસની ટીમો રવાના કરવામાં આવી હતી, પરંતુ સફળતા મળી ન હતી.

જો કે ફાયરિંગ કરનાર ઉત્તર પ્રદેશના ચાર ભાડુતી આરોપીઓ વિશે માહિતી મળતાં તમામને એલસીબીની ટીમે ઝડપી લીધા હતા. આ તમામ આરોપીઓએ પણ હાર્દિકસિંહના કહેવાથી ફાયરિંગ કર્યાનું કબૂલ્યું હતું. એટલું જ નહીં તેમને ફાયરિંગ કરવા માટે અમુક રકમ આપવાની પણ વાત સ્વીકારી હતી. ચારેય ભાડૂતી આરોપીઓ ઝડપાયા બાદ રાજકોટ રૂરલ પોલીસની ટીમોએ હાર્દિકસિંહની શોધખોળ ચાલું રાખી હતી, પરંતુ સફળતા મળતી ન હતી. રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચ પણ તેની શોધખોળમાં હતી.

# નવી રચાયેલી નવ મનપાની ચૂંટણી આગામી છ મહિનામાં યોજાઈ શકે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આ વર્ષના અંતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની છે. આ દરમિયાન રાજ્યની રચાયેલી નવ નવી મહાનગરપાલિકાઓની ચૂંટણી યોજવાની પણ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે. આમ રાજ્યમાં છ જૂની અને નવ નવી મળી કુલ ૧૫ મહાનગરપાલિકાઓની આ વર્ષના અંતે ચૂંટણીઓ યોજાશે. નવી રચાયેલી મહાનગરપાલિકાઓમાં ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરાયા બાદ હવે તેઓની મદદ માટે મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૪ વર્ષ બાદ ગુજરાતને નવી મહાનગરપાલિકાઓ મળી છે. આ પહેલાં ૨૦૦૨માં જૂનાગઢ અને છેલ્લે ૨૦૧૦માં ગાંધીનગર મહાનગરપાલિકા બની હતી. રાજ્યમાં હાલ આઠ મહાનગરપાલિકાઓ હતી. તેમાં હવે નવસારી, ગાંધીધામ, મોરબી, સુરેન્દ્રનગર, મહેસાણા, વાપી, આણંદ, પોરબંદર અને નડિયાદનો સમાવેશ કરાતા મહાનગરપાલિકાઓની સંખ્યા ૧૭ થઈ ચૂકી છે.

# ગુજરાત હાઈ કોર્ટે મુસ્લિમ દંપતીનો પરસ્પર સંમતિથી લગ્ન વિચ્છેદ મંજૂર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે મંગળવારે ૧૨મી ઑગસ્ટના રોજ મુસ્લિમ દંપતીના છૂટાછેડા કેસમાં મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. જેમાં હાઈ કોર્ટે કહ્યું હતું કે, મુસ્લિમ દંપતી પણ મુબારત એટલે કે મૌખિક પરસ્પર સંમતિથી છૂટાછેડા લઈ શકે છે. આ માટે કોઈ પણ લેખિત કરારની જરૂર નથી.

ગુજરાત હાઈ કોર્ટના જસ્ટિસ એ. વાય. કોગજે અને એન. એસ. સંજય ગૌડાની બેન્ચે રાજકોટની ફેમિલી કોર્ટના આદેશને રદ કરતા આ ચુકાદો આપ્યો હતો. આ કેસમાં એક મુસ્લિમ દંપતીએ મુબારત દ્વારા લગ્ન વિચ્છેદ માટે રાજકોટ ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી, જે ફગાવી દેવાઈ હતી.

આ કેસમાં રાજકોટની ફેમિલી કોર્ટની દલીલ કરી હતી કે ફેમિલી કોર્ટ્સ ઍક્ટની કલમ ૭ હેઠળ આ અરજી ટકી શકે એમ નથી, કારણ કે આ દંપતીએ પરસ્પર સંમતિ માટે કોઈ લેખિત કરાર કર્યો નથી.

જો કે, ગુજરાત હાઈ કોર્ટે કુરાન અને હદીસમાં વર્ણવવામાં આવેલી પ્રક્રિયાનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, મુસ્લિમ દંપતી પણ મુબારત એટલે કે પરસ્પર મૌખિક સંમતિથી નિકાહ સમાપ્ત કરી શકે છે. આ સાથે જ હાઈ કોર્ટે ફેમિલી કોર્ટના નિષ્કર્ષમાં ભૂલ જણાવીને ઉલ્લેખ કર્યો હતો કે, મુસ્લિમોમાં છૂટાછેડા માટે લેખિત કરાર જરૂરી છે એવું કુરાનની કોઈ પણ આયત કે હદીસમાં કહેવાયું નથી. એટલું જ નહીં, મુસ્લિમ પર્સનલ લૉ હેઠળ પણ આવી કોઈ પ્રથા અનુસરવામાં આવતી નથી.

# ગુજરાત હાઈ કોર્ટની મેન્યુઅલ સ્કેવેન્જિંગ મામલે સરકારને ફટકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગટર સફાઈ અને મેન્યુઅલ સ્કેવેન્જિંગ દરમિયાન સફાઈ કામદારોના મોત મામલે ગુજરાત હાઈ કોર્ટ સમક્ષ થયેલી જાહેર હિતની રિટ અરજીની સુનાવણી કરાઈ હતી. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડીએનરેની બેન્ચે સરકાર અને સત્તાવાળાઓને માર્મિક ટકોર કરી હતી કે, ઘણીવાર તો મ્યુનિસિપલ કમિશનરને પણ મેન્યુઅલ સ્કેવેન્જિંગથી કામદારના થતા મોતની જાણ હોતી નથી. શું કોન્ટ્રાક્ટરોને બ્લેક લીસ્ટ કરવાથી કામદારોના જીવ જતા અટકી શકશે? વળી કોન્ટ્રાક્ટરો કે એજન્સીને થોડા સમય માટે જ બ્લેક લિસ્ટ કરાય છે. વાસ્તવમાં કોઈ કોન્ટ્રાક્ટર નિયમો કે શરતો ના પાળે તો, છેવટની જવાબદારી તો, મ્યુનિસિપાલિટી કે મ્યુનિસિપલ કોર્પોરેશનની જ બને છે.

ગુજરાત હાઈ કોર્ટમાં જાહેરહિતની રિટ અરજીની સુનાવણીમાં રાજ્ય સરકાર તરફથી જણાવાયું હતું કે, સરકારના નવા ઠરાવ અનુસાર, વર્ષ ૨૦૨૫થી ગટર સફાઈ તથા મેન્યુઅલ સ્કેવેન્જિંગ માટે યાંત્રિક સાધનો હોવા ફરજિયાત છે. ભવિષ્યમાં નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને વધારાના ૨૦૯ જેટલા મશીનો આ સફાઈ માટે ઉપલબ્ધ બનવાના છે. જેમાં ૫૯ જેટિંગ મશીન, ૧૩૩ ડિસિલ્ટિંગ મશીન અને અન્ય ૧૭ જેટિંગ મશીનનો સમાવેશ થાય છે. આ સંદર્ભે ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે. સરકારે એ બાબતનો સ્વીકાર કર્યો હતો કે, મેન્યુઅલ ખૂબ જરૂર છે અને આ માટે એક એસઓપી પણ તૈયાર કરાઈ છે. સરકાર તરફથી એવો બચાવ કરાયો હતો કે, હવે કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાક્ટ આપતાં પહેલાં તેની વિશ્વસનીયતા ચેક કરવામાં આવે છે અને સર્ટિફાઈડ એજન્સી જેની પાસે પૂરતા સાધનો હોય તેને જ કામ અપાય છે, કોન્ટ્રાક્ટરની ચૂકના કિસ્સામાં તેને બ્લેક લિસ્ટ કરી કાર્યવાહી કરાય છે. આ મામલે હાઈ કોર્ટે સીધો સવાલ કર્યો હતો કે, શું કોન્ટ્રાક્ટરોને બ્લેક લિસ્ટ કરવાથી કામદારોના જીવ જતા અટકશે? કોન્ટ્રાક્ટરો નિયમો ના પાળે તો તેવા સંજોગોમાં પણ જવાબદારી નગરપાલિકા કે મનપાની જ ઠરે છે. હાઈ કોર્ટે આ કેસની વધુ સુનાવણી પહેલી સપ્ટેમ્બર પર નક્કી કરી હતી.

# વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૦.૧૬ લાખ ગુજરાતીઓએ ઈન્કમ ટૅક્સ રિટર્ન ફાઈલ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ગુજરાતમાંથી ૨૦.૧૬ લાખ કરદાતાઓએ ઈન્કમટેક્સ રિટર્ન ફાઇલ કર્યું છે, જેમાં વર્ષે રૂપિયા ૧૨ લાખ કે તેથી વધુ આવક હોય તેવા ૧.૪૬ લાખ કરદાતા છે. દેશભરમાં કુલ ૪૮.૧૪ લાખ કરદાતા રૂપિયા ૧૨ લાખથી વધુની આવક ધરાવે છે. જેમાં મહારાષ્ટ્ર ૭.૪૮ લાખ સાથે મોખરે છે. આ યાદીમાં રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, કેરળ, તેલંગણા પણ ગુજરાત કરતા આગળ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતમાંથી જે ઈન્કમટેક્સ રિટર્ન ફાઇલ થયા તેમાંથી સૌથી વધુ ૮.૮૪ લાખ કરદાતાની આવક ૨.૫૦ લાખથી પાંચ લાખની વચ્ચે છે. આ સિવાય ૪.૫૮ લાખ કરદાતા પાંચ લાખથી રૂપિયા ૭.૫૦ લાખ વચ્ચે સ્થાન ધરાવે છે. ગુજરાતમાં ૨૦૨૩-૨૪ની સરખામણીએ ૨૦૨૪-૨૫માં ઈન્કમટેક્સ રિટર્ન ફાઇલ કરનારાની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે. ૨૦૨૩-૨૪માં ૨૧.૭૬ લાખ દ્વારા રિટર્ન ફાઇલ કરવામાં આવ્યું હતું. ૨૦૨૪-૨૫માં સૌથી વધુ રિટર્ન ફાઇલ કર્યું હોય તેવા રાજ્યમાં મહારાષ્ટ્ર ૪૯.૧૩ લાખ સાથે મોખરે છે. ઉત્તર પ્રદેશ ૩૪.૬૦ લાખ સાથે બીજા નંબરે છે, જ્યારે ગુજરાત સાતમાં સ્થાને છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નવા ટેક્સ સ્લેબમાં ૨ લાખની આવક અને ૭૫,૦૦૦ના સ્ટાન્ડર્ડ ડિડક્શનના કારણે ૧૨.૭૫ લાખની આવક પર ઝીરો ટેક્સ છે, પરંતુ જો આવક ૧૨.૭૬ લાખ થઈ તેના પર ૧૫ ટકાના સ્લેબમાં ટેક્સ ચૂકવવો પડશે. જે મુજબ ૬૨૫૫૬ રૂપિયા ટેક્સ પેટે ચૂકવવા પડશે, પરંતુ માર્જિનલ રિલીફના કારણે ટેક્સેબલ ઈન્કમ રૂપિયા ૧૦૦૦ પર ૧૦૦૦ રૂપિયા જ ટેક્સ ચૂકવવો પડે છે. ગુજરાતમાં ૨૫ લાખથી ૫૦ લાખ રૂપિયાની આવક ધરાવતા ૨૦૨૩-૨૪માં ૨૦૫૩૧ હતા અને તે ૨૦૨૪-૨૫માં વધીને ૨૩૬૦૬ થયા છે. આ પ્રમાણે ૨૦૨૨-૨૩માં ૧૬૮૦૮, ૨૦૨૧-૨૨માં ૧૪૪૬૯ હતા. આમ, ૨૦૨૧-૨૨ કરતાં ૨૦૨૪-૨૫માં ૨૫ લાખથી વધુ આવક ધરાવતા કરદાતામાં ૫૦ ટકાથી વધુના વધારા નોંધાયા છે.

# રાજ્યમાં ૪૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે અલ્પાહાર યોજના

## સરકારે ₹ ૬૧૬.૬૭ કરોડ ફાળવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની ૩૨,૦૦૦થી વધુ સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા પ્રિ-પ્રાઈમરીથી ધોરણ ૮ સુધીના લગભગ ૪૧ લાખ વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે પૂરતું પોષણ મળે તે હેતુથી ૨૦૨૪માં 'સુપોષિત ગુજરાત મિશન' હેઠળ ખાસ યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને દરરોજ પૌષ્ટિક નાસ્તો આપવામાં આવી રહ્યો છે. આ નાસ્તો મધ્યાહ્ન ભોજન ઉપરાંત એક અલગ સરકારી યોજના હેઠળ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ, શાળાની રિસેસ દરમિયાન બપોરે વિદ્યાર્થીઓને સંપૂર્ણ લંચ આપવામાં આવે છે. આ નાસ્તો યોજના હેઠળ, સરકાર દ્વારા સંચાલિત પ્રિ-પ્રાઈમરી અને પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને સવારે પૌષ્ટિક નાસ્તો આપવામાં આવે છે. આ યોજના હાલમાં ૩૨,૨૭૭ સરકારી શાળાઓના બાલવાટિકા (પ્રિ-પ્રાઈમરી) થી ધોરણ ૮ સુધીના લગભગ ૪૧ લાખ વિદ્યાર્થીઓને લાભ આપી રહી છે. વર્ગો શરૂ થાય તે પહેલાં, આ ૪૧ લાખ વિદ્યાર્થીઓને તેમની સંબંધિત શાળામાં દરરોજ પોષણયુક્ત નાસ્તો પીરસવામાં આવે છે. આ બદલાતા મેનુમાં પ્રોટીન અને ઊર્જાથી ભરપૂર પરંપરાગત ખોરાક જેમ કે સુખડી, ચણા ચાટ, મિશ્ર દાળ અને 'શ્રી અન્ના' - ઉચ્ચ પ્રોટીન અને ઊર્જા સામગ્રી માટે જાણીતા બાજરીનું મિશ્રણ શામેલ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે, રાજ્ય સરકારે આ યોજના માટે રૂ. ૬૧૬.૬૭ કરોડ ફાળવ્યા છે, જેણે માત્ર શાળામાં હાજરી વધારવામાં જ નહીં પરંતુ વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક વિકાસમાં પણ નોંધપાત્ર અસર કરી છે. પ્રધાનમંત્રી પોષણ યોજનાના સંયુક્ત કમિશનર નેહા ગુપ્તાએ જણાવ્યું હતું કે, શાળાના વિદ્યાર્થીઓ હવે તેમના નાસ્તાનો આનંદ માણી રહ્યા છે.

# અમેરિકાના 'ટૅરિફ'નો ફટકોઃ હીરા ઉદ્યોગના ૧ લાખ રત્ન કલાકારોની નોકરીઓ પર જોખમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારત પર ૫૦ ટકા ટૅરિફ લગાવવાની જાહેરાત કરતાં, સુરતની હીરા કંપનીઓએ ક્રિસમસ માટે મળેલા ઓર્ડર અટકાવી દીધા છે. આ ઉપરાંત, સૌથી વધુ અસર રત્ન કલાકારો પર થઈ હતી. સૌરાષ્ટ્રમાં લગભગ એક લાખ હીરા કટિંગ અને પોલિશિંગ કામદારોએ તેમની નોકરી ગુમાવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અમેરિકાએ એપ્રિલમાં ૧૦ ટકાનો બેઝલાઈન ટૅરિફ લાગુ કર્યા બાદ આ પરિસ્થિતિ સર્જાઈ છે. છેલ્લા ૧૦ દિવસમાં છટણીની ગતિ વધી છે. મોટા ભાગની નોકરીઓ ભાવનગર, અમરેલી અને જૂનાગઢના નાના યુનિટ્સમાં ગઈ હતી.

અમેરિકાએ ટૅરિફ વધાર્યા બાદ યુએસના ખરીદદારો તરફથી આવતા ઘણા નિકાસ ઓર્ડર કાં તો મોકૂફ રાખવામાં આવ્યા છે અથવા રદ કરવામાં આવ્યા છે. સૂત્રો મુજબ, સૌરાષ્ટ્ર, જૂનાગઢ, ભાવનગર અને અમરેલીમાં ફેલાયેલા આ યુનિટ્સમાં ૩-૪ લાખ લોકો કામ કરે છે. યુએસ અને ચીન તરફથી હીરાની ખરીદી ધીમી હોવાથી અહીં ધંધો નબળો પડી રહ્યો હતો, પરંતુ એપ્રિલમાં યુએસ ટૅરિફની જાહેરાતથી સૌથી મોટો ફટકો પડ્યો હતો. જેના કારણે હીરાના વેપારમાં અનિશ્ચિતતા આવી હતી. ત્યારથી, કટિંગ અને પોલિશિંગનું કામ ધીમું પડી ગયું હતું અને કામદારોને તબક્કાવાર નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા.

સૂત્રોના કહેવા પ્રમાણે અસરગ્રસ્ત કામદારો દર મહિને લગભગ રૂ. ૧૫,૦૦૦થી રૂ. ૨૦,૦૦૦ કમાતા હતા. મોટી કંપનીઓ બદનામીના ડરથી છટણીના પ્રમાણ પર મૌન સેવી રહી છે, પરંતુ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા સભ્યોનું કહેવું છે કે કેટલાક વિસ્થાપિત કામદારોને લેબ-ગ્રોન ડાયમંડ સેક્ટરમાં નોકરી મળી રહી છે. જોકે, એવી ચિંતાઓ પણ છે કે જો લેબ ગ્રોન ડાયમંડ સેક્ટર પર પણ ૫૦ ટકા ટૅરિફ લાગુ થશે તો રોજગાર પર ગંભીર અસર પડી શકે છે.

અમેરિકાના બજારમાં ક્રિસમસના તહેવારો દરમિયાન વર્ષભરના કુલ વેચાણનો લગભગ અડધો ભાગ થાય છે. જીજેઈપીસીના આંકડા મુજબ ૨૦૨૪માં અમેરિકાની કુલ હીરા આયાતમાં ભારતનો હિસ્સો ૬૮ ટકા (વોલ્યુમમાં) અને ૫.૭૯ અબજ ડૉલર (મૂલ્યમાં) હતો. નવા ટૅરિફના કારણે ભારતની હીરાની નિકાસ પર ગંભીર અસર થવાની સંભાવના થશે. સૂત્રોએ કહ્યું, છેલ્લા બે વર્ષમાં અમેરિકામાં નિકાસમાં ૨૫ ટકાનો ઘટાડો થયો છે અને ઉત્પાદન ૩૦-૩૫ ટકા ઘટ્યું છે. હવે નવા ટૅરિફથી નિકાસ વધુ ઘટશે.

સૂત્રો મુજબ અમે ૨૭ ઓગસ્ટની રાહ જોઈ રહ્યા છીએ. આ તારીખથી ૫૦ ટકા ટૅરિફ લાગુ થશે. ત્યાર બાદ અમે અમેરિકન ખરીદદારો સાથે વાટાઘાટો કરીને તેમને થોડો બોજ ઉઠાવવા વિનંતી કરીશું. આ ઊંચા ટૅરિફથી સુરત અને મુંબઈ સૌથી વધુ પ્રભાવિત થશે. જૂન મહિનામાં કટ અને પોલિશ્ડ હીરાની નિકાસમાં ૨૩.૪૯ ટકા અને લેબ-ગ્રોન ડાયમંડની નિકાસમાં ૨૪.૯૫ ટકાનો ઘટાડો નોંધાયો છે.

ભારત વિશ્વનો સૌથી મોટું હીરા નિકાસકર્તા છે અને વિશ્વભરમાં દર દસમાંથી નવ હીરાનું કટિંગ અને પોલિશિંગ કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતે યુએસને કટ અને પોલિશ્ડ હીરા અને હીરાના દાગીના સહિત ૧૦ અબજ ડોલરની જેમ્સ અને જ્વેલરીની નિકાસ કરી હતી.

# કૌભાંડી સીએ પર સકંજોઃ આઈસીએઆઈએ ૧૫ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ વિરુદ્ધ કાર્યવાહી કરી

અમદાવાદઃ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ના બોર્ડ ઓફ ડિસિપ્લિને અમદાવાદ સ્થિત ૧૫ જેટલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (સીએ) સામે સુનાવણી શરૂ કરી છે. આ સીએ પર રજિસ્ટર્ડ અનરકગ્નાઈઝ્ડ પોલિટિકલ પાર્ટીઝ (આરયુપીપીએસ)ને નકલી દાનની સુવિધા આપવાનો આરોપ છે. અમદાવાદના આવકવેરા વિભાગે તપાસ બાદ આ સીએ સામે ફરિયાદ નોંધાવી હતી. તપાસમાં દાતાઓએ ચેક દ્વારા રજિસ્ટર્ડ અનરેકગ્નાઈઝ્ડ પોલિટિકલ પાર્ટીઝને પૈસા મોકલ્યા હતા અને બાદમાં કમિશન કાપીને રોકડ પાછી મેળવી હતી. સૂત્રોના મતે આવકવેરાની પૂછપરછ દરમિયાન ઘણા સીએએ આવી લેવડ-દેવડમાં મદદ કરી હોવાનું સ્વીકાર્યું હતું.

# તહેવારોની સીઝનમાં ખાનગી ટ્રાવેલ્સની ઉઘાડી લૂંટ, ડબલ ભાડા આપી મુસાફરી કરવા લોકો મજબૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં તહેવારોની સીઝન શરૂ થાય તે દરમિયાન ખાનગી ટ્રાવેલ્સ બેફામ બની મુસાફરોની ઉઘાડી લૂંટ ચલાવે છે. હવે જ્યારે જન્માષ્ટમીના તહેવારને ગણતરીના દિવસો બાકી છે ત્યારે ફરી એકવાર ખાનગી બસ સંચાલકો સક્રિય બન્યા છે. જન્માષ્ટમી ટાણે શુક્રવાર, શનિવાર અને રવિવાર એમ કુલ ત્રણ દિવસનું મીની વેકેશન હોવાથી લોકો મોટી સંખ્યામાં તેમના વતન તરફ પ્રયાણ કરતા હોય છે. આ તકનો લાભ લેવા માટે ખાનગી બસ સંચાલકોએ બસ ભાડા વધારી દીધા છે અને આ રીતે ખાનગી બસ સંચાલકો મુસાફરો પાસેથી ખુલ્લેઆમ લૂંટ ચલાવી રહ્યા છે.

અમદાવાદ શહેરમાં નિકોલ બાપુનગર ઠક્કર નગર સહિત અનેક વિસ્તારોમાં સૌરાષ્ટ્રના લોકો વસવાટ કરી રહ્યા છે. અને વાર તહેવારના દિવસે તેઓ અહેવાલની ઉજવણી પોતાના માત્ર વતન જ કરતા હોય છે. જેનો ગેરલાભ હવે ખાનગી ટ્રાવેલ સંચાલકો ઉઠાવી રહ્યા છે.

ખાનગી ટ્રાવેલ બસ સંચાલકોએ જે ટિકિટ રૂ.૫૦૦ની મળતી હતી. તે જ ટિકિટના ભાવ હાલમાં ૮૦૦ થી ૯૦૦ કરી દેવામાં આવ્યા છે. ખાનગી બસ સંચાલકોની વાત કરવામાં આવે તો રાજ્ય સરકારનો ખાનગી બસ ઉપર કોઈ જ પ્રકારનો કંટ્રોલ નથી ગુજરાત હાઇ કોર્ટના આદેશ છતાં અમદાવાદ શહેરમાં ખાનગી ટ્રાવેલ્સ બેફામ રીતે કોઈપણ સમયે એન્ટ્રી અને એક્ઝિટ કરતા જોવા મળે છે.

રાજ્ય સરકારનો ખાનગી બસ સંચાલકો ઉપર કોઈપણ પ્રકારનો કંટ્રોલ નથી. એના કારણે ગુજરાતની પ્રજા વધારે પૈસા આપવા માટે મજબૂર બની છે. ત્યારે હવે ખરેખર ખાનગી બસ સંચાલકોને ઉઘાડી લૂંટ મામલે રાજ્ય સરકારનો ટ્રાન્સપોર્ટ વિભાગ અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ કેવા પગલાં લેશે તે જોવું રહ્યું.

# સુરતમાં વધુ એક સામૂહિક આપઘાતઃ માતાએ બે બાળકો સાથે માલગાડી સામે ઝંપલાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડાયમંડ નગરી સુરતમાં એક સામૂહિક આપઘાતની ઘટના બની હતી. એક માતા તેનાં બે બાળકો સાથે માલગાડી આગળ સૂઈ ગઈ હતી. ટ્રેન અફડેટે તે કપાઈ ગઈ હતી અને ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે બંને બાળકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ ઘટનાને પગલે સ્થળ ઉપર મુસાફરો તેમજ સ્ટાફ સહિતના લોકોની ભારે ભીડ એકત્ર થઇ ગઈ હતી અને સ્થળ ઉપરનાં દૃશ્યો જોઈ તમામ ચોકી ઊઠ્યા હતા. બંને બાળકોને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે ૧૦૮ દ્વારા સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા.

મળતી વિગત પ્રમાણે, ૨૭ વર્ષીય એક અજાણી મહિલા અને તેનાં બે બાળકો ત્રણ વર્ષીય પુત્ર અને ૫ વર્ષીય પુત્રી સાથે બપોરે લગભગ ૧૨ વાગ્યે સુરત રેલવે સ્ટેશન ખાતેના પ્લેટફોર્મ નંબર ૨ની આગળ એક માલગાડી ટ્રેન આગળ આવી ગયા હતા. આ ગંભીર ઘટનામાં ટ્રેન અડફેટે આવ્યા બાદ કપાઈ જવાને કારણે મહિલાનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જયારે બંને બાળકોને માથા અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટનાને પગલે સ્થળ ઉપર ભેગા થયેલા લોકોએ તાત્કાલિક ૧૦૮ને જાણ કરતા આવી પહોંચી હતી અને ઈજાગ્રસ્ત હાલતમાં બંને બાળકોને સારવાર માટે સ્મીમેર હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. સ્મીમેર હૉસ્પિટલ અને રેલવે સ્ટેશનનાં સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું કે, અજાણી મહિલા પોતાના બંને બાળકોને લઈને સ્ટેશન પર આપઘાત કરવાને ઈરાદે પહોંચી હતી અને એક માલગાડી આગળ ટ્રેક ઉપર સૂઈ ગઈ હતી. ટ્રેન અડફેટે આવી જતા તેનું મોત નીપજ્યું હતું. જો કે, આ મહિલા કોણ છે અને આ સમગ્ર ઘટના શું છે તે અંગે રેલવે પોલીસે તપાસ શરૂ કરી હતી.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 191 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ વદ - ૪/૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 August 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૧૩ ઓગસ્ટ ૨૦૨૫ , કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# મોંઘવારી આઠ વર્ષના તળિયે

## શાક, ખાંડ, કઠોળ સસ્તાં થયાં

નવી દિલ્હીઃ શાકભાજી, કઠોળ વગેરે ખાદ્યસામગ્રીનાં ભાવ ઘટતાં જુલાઈ મહિનામાં મોંઘવારીનો દર આઠ વર્ષની સૌથી નીચી સપાટીએ એટલે કે ૧.૫૫ ટકાએ પહોંચ્યો હતો, એમ સરકાર દ્વારા મંગળવારે જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું.

મોંઘવારી આધારિત કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઈ) જૂન અને જુલાઈ ૨૦૨૪માં અનુક્રમે ૨.૧ ટકા અને ૩.૬ ટકા રહ્યો હતો.

જુલાઈ ૨૦૨૫માં મોંઘવારીમાં ઘટાડો થવાનાં મુખ્ય કારણોમાં શાકભાજી, ખાંડ, કઠોળ સહિતનાં વિવિધ ઉત્પાદનો અને પરિવહન તેમ જ સંદેશવ્યવહાર, શિક્ષણ સહિતના ક્ષેત્રમાં ફુગાવામાં જોવા મળેલા ઘટાડા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં સીધા કરવેરાની વસૂલી ૩.૯૫ ટકા ઘટીને રૂ. ૬.૬૪ લાખ કરોડ થઈ હોવાનું જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું.

કંપની, વ્યક્તિ, વ્યાવસાયિક અને અન્યો દ્વારા ચૂકવવામાં આવતી રકમ પરના કરવેરાનો સીધા (જુઓ પાનું ૨) ▸▸


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 92,160/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## મુંબઈ, સુરતમાં ₹ ૨,૦૦૦ કરોડની છેતરપિંડી સંદર્ભે દરોડા

મુંબઈઃ ગેરકાયદે બૅટિંગ ઍપની મદદથી લોકો સાથે કરવામાં આવેલી રૂ. ૨,૦૦૦ કરોડની છેતરપિંડી સંબંધિત મની લૉન્ડરિંગને લગતા કેસની તપાસના ભાગરૂપ ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ મંગળવારે મુંબઈ અને સુરત સહિત દેશના જુદા જુદા રાજ્યમાં દરોડા પાડ્યા હતા. સૂત્રોના જણાવ્યાનુસાર પરિમૅચ નામ ધરાવતી ઍપ વિરુદ્ધના કેસને મામલે સુરત (ગુજરાત), મુંબઈ, દિલ્હી-એનસીઆર, હૈદરાબાદ, જયપુર, મદુરાઈ (તમિળનાડુ)માં ઓછામાં ઓછા ૧૫ સ્થળે દરોડા પાડવામાં (જુઓ પાનું ૨) ▸▸

બૉમ્બે હાઈ કોર્ટનો મહત્ત્વનો ચુકાદો

## ‘આધાર, પૅન, વૉટર કાર્ડ નાગરિકત્વના પુરાવા નથી’

નવી દિલ્હીઃ ભારતમાં ગેરકાયદે પ્રવેશ કરનાર બાંગ્લાદેશી વ્યક્તિને જામીન આપવાનું નકારતાં બૉમ્બે હાઈ કોર્ટે મંગળવારે કહ્યું હતું કે માત્ર આધાર, પૅન કાર્ડ કે વૉટર આઈડી ધરાવવાને કારણે જ વ્યક્તિ ભારતીય નાગરિક નથી બની જતી,

બનાવટી દસ્તાવેજોની મદદથી ભારતમાં એક દાયકા કરતાં પણ વધુ સમયથી રહેવાનો બાંગ્લાદેશી વ્યક્તિ પર આરોપ છે.

જસ્ટિસ અમિત બોરકરની ખંડપીઠે કહ્યું હતું કે સિટીઝનશિપ ઍક્ટની જોગવાઈ દર્શાવે છે કે કોણ ભારતનો નાગરિક બની શકે છે અને ભારતનું નાગરિકત્વ કઈ રીતે મેળવી શકાય છે.

આ ઉપરાંત સિટીઝનશિપ ઍક્ટની જોગવાઈમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે આધાર કાર્ડ, પૅન કાર્ડ અને વૉટર આઈડી જેવા દસ્તાવેજોનો ઉપયોગ માત્ર વ્યક્તિની ઓળખ માટે તેમ (જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પે સોનાને ટૅરિફમાંથી મુક્તિ આપતા દિલ્હીમાં ભાવ ઘટ્યા

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સોનાની આયાતને ટૅરિફમાંથી મુક્તિ આપવાની જાહેરાત કરતાં મંગળવારે દિલ્હીમાં સોનાના ભાવમાં ઘટાડો થયેલો જોવા મળ્યો હતો.

ઑલ ઈન્ડિયા સરાફ એસોસિયેશનના જણાવ્યાનુસાર વૈશ્વિક બજારમાં સોનાની વેચવાલી વધવાને પગલે મંગળવારે રાજધાની દિલ્હીમાં સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૧,૦૦૦ રૂપિયા ઘટીને ૧,૦૧,૫૨૦ રૂપિયા થઈ ગયો હતો.

સોમવારે ૯૯.૯ ટચ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૧,૦૨,૫૨૦ રૂપિયા પર બંધ રહ્યો હતો.

સ્થાનિક બજારમાં ૯૯.૫ ટચ સોનાનો ભાવ મંગળવારે ૧,૦૦૦ રૂપિયા ઘટીને પ્રતિ ૧૦ ગ્રામ ૧,૦૧,૧૦૦ રૂપિયા (ઈન્ક્લૂઝિવ ઑફ ઑલ ટૅક્સિસ) (જુઓ પાનું ૨) ▸▸


SALE
FLAT 20% OFF
on
All Fabrics & Readymades
Starting from
5th Aug. to 15th Aug. 2025
BABUBHAI JAGJIVANDAS
PRARTHANA SAMAJ • DADAR TT • MULUND • VASHI
Tel: 23883057 CLOSED ON SUNDAY | Tel: 98193 66608 CLOSED ON MONDAY | Tel: 25905919 CLOSED ON THURSDAY | Tel: 27892925 CLOSED ON FRIDAY


## એડવાન્સ ટૅક્સ મોડો કે ઓછો ભરવાથી મુશ્કેલી સર્જાશે

નવી દિલ્હીઃ એડવાન્સ ટૅક્સ એક દિવસ મોડો કે ઓછો ભરાશે તો હવે વધુ દંડ ભરવો પડશે. ઓછા એડવાન્સ ટૅક્સ પર ત્રણ ટકા વ્યાજ ભરવું પડશે, જ્યારે એડવાન્સ ટૅક્સ ભરવામાં એક દિવસ મોડું થશે તો ઓછામાં ઓછા ત્રણ મહિનાનું વ્યાજ દંડ તરીકે ભરવું પડશે. નાણાં ખાતાએ મંગળવારે આ અંગેનો શુદ્ધિપત્ર બહાર પાડ્યો હતો.

રૂ. ૧૦,૦૦૦ કે તેથી વધુ ટૅક્સ ભરવાની જવાબદારી ધરાવતા કરદાતાઓએ ૧૫ જૂન, ૧૫ (જુઓ પાનું ૨) ▸▸

## જામનગરની રિલાયન્સ રિફાઈનરીને લક્ષ્ય બનાવવાની પાકની ધમકીની ટીકા

નવી દિલ્હી : પાકિસ્તાનના લશ્કરના વડા અસીમ મુનીરે જામનગરમાંની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની રિફાઈનરીને લક્ષ્ય બનાવવાની અમેરિકામાં આપેલી ધમકીની ભારતના શાસક અને વિપક્ષના નેતાઓએ આકરી ટીકા કરી હતી. એઆઈએમઆઈએમના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ મંગળવારે પાકિસ્તાનના લશ્કરના વડા અસીમ મુનિરે અમેરિકાની ધરતી પરથી ભારતને આપેલી અણુધમકીની આલોચના કરી હતી. તેમણે કહ્યું હતું કે મોદી સરકારે આનો રાજકીય જવાબ આપવો જોઈએ. હેદરાબાદના સંસદસભ્ય ઓવૈસીએ કહ્યું હતું કે અમેરિકાની ધરતીનો આવો દુરુપયોગ (જુઓ પાનું ૨) ▸▸

## નવો ઈન્કમ ટૅક્સ ખરડો સંસદમાં પસાર

નવી દિલ્હીઃ સંસદે મંગળવારે નવું ઈન્કમ ટૅક્સ બિલ મંજૂર કર્યું હતું. સોમવારે રાજ્યસભાએ ખરડો લોકસભાને પાછો મોકલાવ્યો હતો.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે બે નાણાં ખરડા- ધ ઈન્કમ ટૅક્સ બિલ-૨૦૨૫ અને ટૅક્સેશન લોઝ (એમેન્ડમેન્ટ) બિલ-૨૦૨૫ રજૂ કર્યા હતા. નીચલા ગૃહમાં ખરડા મૌખિક મતદાનથી મંજૂર થયા હતા. ઈન્કમ ટૅક્સ બિલ હવે ઈન્કમ ટૅક્સ ઍક્ટ-૧૯૬૧નું સ્થાન લેશે. (એજન્સી) ■


વી. પી. રોડમાં
કોટન, ટેરીકોટન તથા સિલ્કના દરેક સાઇઝમાં
જભ્ભા લેંગા
પહેરણ
કલર કુર્તા સુટ
થરમલ તથા નાઇટ સુટસ
Madura
સિક્કાનગરની બાજુમાં, ૧૫૪, વિઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબઇ-૪. Tel: 23854193
Mob.: 9326190837








મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સુપ્રીમની ભલામણ પછી જસ્ટિસ વર્મા સામે નવી તપાસની શું જરૂર?

**ભારતમાં** ભ્રષ્ટાચારનો ખાતમો કરવાના ફૂંફાડા બહુ મરાય છે પણ ખરેખર ભ્રષ્ટાચારને નાબૂદ કરવાની વાત આવે ત્યારે રાજકારણીઓ તાત્કાલિક કોઈ પગલાં લેવા તૈયાર નથી હોતા. તેના બદલે સાવ સ્લો મોશનમાં કામ કરીને ભ્રષ્ટાચારીને છટકી જવાનો પૂરતો સમય અને તક આપી દેવાય છે. આ માનસિકતાનો તાજો દાખલો અલાહાબાદ હાઈ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્મા સામે ઈમ્પીચમેન્ટ મોશન લાવીને તેમને હોદ્દા પરથી દૂર કરવામાં કરાતા ઠાગાઠૈયા છે.

જસ્ટિસ યશવંત વર્માના ઘરનો એક વીડિયો છેક ૧૪ માર્ચે વાયરલ થયેલો કે જેમાં વર્માના ઘરના સ્ટોરરૂમમાં અડધી બળી ગયેલી ૫૦૦ રૂપિયાની નોટોનાં બંડલ દેખાતાં હતાં. આ વાતને પાંચ મહિના પૂરા થવામાં છે પણ હજુ લગી જસ્ટિસ વર્માને ઘરભેગા કરી દેવાના મામલે કશું નક્કર થયું નથી. હજુ તપાસ તપાસની રમત ચાલ્યા કરે છે અને આ રમતમાં હવે લોકસભાના સ્પીકર ઓમ બિરલા પણ જોડાયા છે કેમ કે ઓમ બિરલાએ જસ્ટિસ વર્મા સામેના આક્ષેપોની તપાસ માટે નવી સમિતી રચી નાખી છે.

લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ જાહેરાત કરી છે કે, રોકડ કાંડમાં અલાહાબાદ હાઈ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્મા સામેની ઈમ્પીચમેન્ટ મોશન એટલે કે મહાભિયોગ પ્રસ્તાવની તેમને નોટિસ મળી છે. સ્પીકર બિરલાએ કરેલી જાહેરાત પ્રમાણે, ભાજપના રવિશંકર પ્રસાદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત કુલ ૧૪૬ સભ્યોએ સહી કરેલી દરખાસ્ત તેમને મળી છે. આ દરખાસ્તમાં અલાહાબાદ હાઈ કોર્ટના જસ્ટિસ યશવંત વર્માને હોદ્દા પરથી હટાવવાની માગ કરવામાં આવી છે.

સ્પીકરે આ દરખાસ્તના આધારે તાત્કાલિક નિર્ણય લેવાના બદલે તપાસ માટે ૩ સભ્યોની સમિતિની રચના કરી છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અરવિંદ કુમાર, મદ્રાસ હાઇ કોર્ટના ચીફ જસ્ટિસ મનિન્દર મોહન શ્રીવાસ્તવ અને કર્ણાટક હાઇ કોર્ટના સિનિયર વકીલ બી.વી. આચાર્યની બનેલી આ સમિતિ તેનો રિપોર્ટ સ્પીકરને સોંપે એ પછી જસ્ટિસ વર્મા સામે ઈમ્પીચમેન્ટ મોશન લાવવાની દરખાસ્તને મંજૂરી આપવાનો નિર્ણય લેવાશે. આ મંજૂરી મળે પછી જસ્ટિસ વર્મા સામેના આરોપો અંગે ચર્ચા થશે ને ચર્ચા પછી સંસદનાં બંને ગૃહોમાં ઈમ્પીચમેન્ટ મોશન બે તૃતીયાંશ બહુમતીથી પસાર થાય તો જસ્ટિસ વર્માને હોદ્દા પરથી દૂર કરાશે.

સ્વાભાવિક રીતે જ આ બહુ લાંબી પ્રક્રિયા છે પણ એ પહેલાં મુખ્ય બાબત તો તપાસ સમિતિનો રિપોર્ટ છે. તપાસ સમિતિના રિપોર્ટમાં જસ્ટિસ વર્મા સામેના આરોપોને યોગ્ય ઠરાવાય તો જ ઈમ્પીચમેન્ટ મોશનને મંજૂરી મળે, બાકી રામ રામ. આ સમિતિ શું કરશે એ ખબર નથી પણ એક બાબતો બહુ કઠે એવી છે કે, આ સમિતિ તેનો રિપોર્ટ ક્યારે આપશે એ નક્કી નથી. સ્પીકરે તપાસ સમિતિ તો રચી નાખી પણ તેના માટે કોઈ સમયમર્યાદા નક્કી કરી નથી એ જોતાં રિપોર્ટ બે મહિનામાં પણ આવે ને બાર મહિનામાં પણ આવે ને ત્યાં સુધી જસ્ટિસ વર્માનું શું કરવું એ સ્પષ્ટ નથી.

બીજું એ કે, આ સમિતિમાં ઘરના ભૂવા ને ઘરનાં ડાકલાં જેવો ઘાટ છે. સુપ્રીમ કોર્ટના જજ, હાઈ કોર્ટના જજ ને એક વકીલ એમ ત્રણ સભ્યો મળીને જસ્ટિસ વર્માના ભાવિનો ફેંસલો કરવાના છે. આ સંજોગોમાં તપાસ કેટલી તટસ્થ રહેશે એ પણ એક મુદ્દો છે.

જો કે સૌથી મોટો મુદ્દો એ છે કે, સુપ્રીમ કોર્ટ પોતે એક વાર તપાસ કરી ચૂકી છે પછી નવી તપાસની શું જરૂર છે? જસ્ટિસ વર્માના કેસનો અત્યાર લગીનો અનુભવ એવું કહે છે કે, ન્યાયતંત્ર જસ્ટિસ વર્માને તેમનાં કરમોની સજા મળવી જોઈએ એ મુદ્દે એકમત નથી. બલ્કે જસ્ટિસ વર્માને છાવરવાની મથામણ થઈ છે. નવી તપાસ સમિતિ બનાવીને એ જ ધંધો તો નથી કરાઈ રહ્યો ને એવી શંકા જાગે છે.

જસ્ટિસ વર્માના ઘરમાં ૧૪ માર્ચે લાગેલી આગમાં નોટોના થોકડા મળ્યા પછી તરત ફાયર બ્રિગેડ અને પોલીસે દિલ્હી હાઈ કોર્ટના ચીફ જસ્ટિસને જાણ કરી હતી. દિલ્હીના ચીફ જસ્ટિલે પોતાની ફરજ બજાવીને સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી. ચીફ જસ્ટિસે જસ્ટિસ વર્મા સામે આકરાં પગલાં લેવાની ભલામણ કરેલી પણ સુપ્રીમ કોર્ટે કોઈ પગલાં ના લીધાં. સુપ્રીમ કોર્ટને ગમે તે કારણોસર આખી વાતને દબાવી દેવામાં રસ હતો ને મીડિયામાં વાત ના આવી ગઈ હોત તો ભીનું સંકેલાઈ પણ ગયું હોત પણ દેશના એક ટોચના અખબારમાં આ સમાચાર છપાયા ને તરત વીડિયો વાયરલ થયો તેમાં ભાંડો ફૂટી ગયો પછી પણ સુપ્રીમ કોર્ટે જસ્ટિસ વર્મા સામે નક્કર પગલાં લેવાના બદલે તેમને અલ્લાહાબાદ હાઈ કોર્ટમાં મોકલવાનું ફરમાન કરેલું.

અલ્લાહાબાદ હાઈ કોર્ટે આ વાત સામે વાંધો લઈને મોરચો માંડ્યો પછી સુપ્રીમ કોર્ટે આ મામલે જસ્ટિસ વર્માને બચાવવાનું વલણ છોડીને તપાસ સમિતિ રચી હતી. ૨૨ માર્ચ, ૨૦૨૫ ના રોજ ભારતના ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાએ તપાસ કરવા માટે ત્રણ ન્યાયાધીશોની એક ટીમની રચના કરી. આ ટીમે દસ દિવસમાં ૫૫ સાક્ષીઓ સાથે વાત કરી, સીસીટીવી ફૂટેજ, ફોટા અને વીડિયો જેવા ઇલેક્ટ્રોનિક પુરાવા તપાસ્યા અને સ્થળની પણ મુલાકાત લીધી પછી એવું તારણ કાઢ્યું કે, જસ્ટિસ વર્માએ પોતાના ઘરના સ્ટોરરૂમમાં મોટી રકમ રોકડ છુપાવી રાખી હતી. આ સ્ટોર રૂમ કોઈને ખબર ના પડે એ રીતે રખાયેલો ને ડિજિટલી કંટ્રોલ્ડ હતો.

તપાસ સમિતીએ પોતાના રિપોર્ટમાં એમ પણ કહેલું કે ૧૫ માર્ચની વહેલી સવારે પૈસા ગૂપચૂપ બહાર કાઢીને સગેવગે કરી દેવાયા હતા. કેટલીક નોટો બળી ગયેલી હતી અને સાક્ષીઓએ એ નોટો જોઈ હતી, તેના વીડિયો બનાવ્યા હતા તેથી જસ્ટિસ વર્માના ઘરમાં રોકડ હતી તેમાં કોઈ શંકા નથી. ચીફ જસ્ટિસે આ રિપોર્ટ વડા પ્રધાન અને રાષ્ટ્રપતિને મોકલીને ભલામણ કરી હતી કે, આ કેસમાં અગાઉની જોગવાઈઓ મુજબ કામ કરવામાં આવ્યું છે અને સમિતિના રિપોર્ટમાં ગંભીર બાબતો બહાર આવી હોવાથી જસ્ટિસ વર્માને હટાવવા માટે કાર્યવાહી શરૂ કરવાની જરૂર છે.

હવે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસે પોતે જસ્ટિસ વર્માને દૂર કરવા માટે કાર્યવાહી કરવાની ભલામણ કરી પછી નવી તપાસની જરૂર જ નથી. સ્પીકર આ રિપોર્ટને આધાર બનાવીને જસ્ટિસ વર્મા સામે ઈમ્પીચમેન્ટ મોશન લાવવાની મંજૂરી આપી શકે છે. સ્પીકરે બંધારણીય જોગવાઈનો હવાલો આપ્યો છે પણ સુપ્રીમ કોર્ટે પોતે બંધારણીય જોગવાઈને અનુસરીને તપાસ કરાવી પછી નવી તપાસ જરૂરી નથી છતાં આ તપાસ કેમ એ સમજવું અઘરું છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, બુધવાર, તા. ૧૩-૮-૨૦૨૫, બુધ પૂજન, નાગપંચમી

- ભારતીય દિનાંક ૨૨, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ વદ-૪/૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ વદ-૪/૫
- પારસી શહેનશાહી ગાથા ૪ વોહુક્ષથ્ર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા સવારે ક. ૧૦-૩૨ સુધી, પછી રેવતી.
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૪-૨૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૨ (તા. ૧૪)
- ઓટઃ સવારે ક. ૦૮҉૦૮, રાત્રે ક. ૨૦-૪૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ - ચતુર્થી. બુધ પૂજન, પંચમી ક્ષય તિથિ છે. નાગપંચમી, રક્ષાપંચમી (ઓરિસ્સા), પારસી ગાથા ૪ વોહુક્ષથ્ર, પંચક, સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા. વાહન ગદર્ભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ અહિંબુધ્ન્ય દેવતાનું પૂજન, નાગદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, બુધ-શનિ ગ્રહદેવતાનું પૂજન, લીમડો વાવવો, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, નિત્ય થતાં દુકાન-વેપાર-નોકરી દસ્તાવેજ, સ્થાવર લેવડદેવડ સંબંધિત કામકાજ, બી વાવવું, ખેતીવાડીના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ દંભી, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સર્વાંગી ઉદય
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ (તા. ૧૪), ગુરુ પુનર્વસુ પ્રવેશ, મંગળ હસ્ત નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# જસ્ટિસ વર્મા વિરુદ્ધ તપાસ માટે સ્પીકરે બનાવી ત્રણ સભ્યોની સમિતિ

નવી દિલ્હીઃ બિહારમાં મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર) સામે વિપક્ષ દ્વારા વિરોધ પ્રદર્શન, સૂત્રોચ્ચાર અને ખુરશી પર ફાટેલા કાગળો ફેંકવાના કારણે લોકસભાની કાર્યવાહી મંગળવારે વારંવાર સ્થગિત કરવામાં આવી હતી. ઘણી વખત સ્થગિત કર્યા બાદ સાંજે સાડા ચાર વાગ્યે ફરી શરૂ કરાઈ હતી ત્યારે ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) સુધારો બિલ ૨૦૨૫ ટૂંકી ચર્ચા પછી ધ્વનિ મત દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. વિપક્ષી સભ્યોએ દસ્તાવેજો ફાડીને સ્પીકરની ખુરશી પર ફેંક્યા હતા. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આ વર્તનની નિંદા કરતા કહ્યું હતું કે વિપક્ષે ખુરશીનું અપમાન કર્યું છે અને ગૃહની ગરિમાને ઠેસ પહોંચાડી છે. રિજિજુએ કહ્યું કે ભાજપ ઘણાં વર્ષોથી વિપક્ષમાં હતો પરંતુ તેણે ક્યારેય આવા વર્તનનો આશરો લીધો નથી.

કાર્યવાહીનું અધ્યક્ષપદ સંભાળી રહેલા જગદંબિકા પાલે લોકસભામાં કોંગ્રેસના નાયબ નેતા ગૌરવ ગોગોઈ પર કોંગ્રેસના સભ્યોને ગૃહના વેલમાં પ્રવેશવા અને ખુરશી પર કાગળો ફેંકવા માટે ઉશ્કેરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે તેનાથી ગૃહની ગરિમા ઓછી થઈ છે.

લોકસભાએ ભારતીય પોર્ટ્સ બિલ ૨૦૨૫ પણ પસાર કર્યું, જે મુખ્ય બંદરો સિવાયનાં બંદરોના અસરકારક સંચાલન માટે રાજ્ય મેરીટાઇમ બોર્ડની સ્થાપના અને સશક્તીકરણ કરશે. ઉપરાંત બંદર ક્ષેત્રના માળખાગત વિકાસ પ્રોત્સાહન આપવા માટે મેરીટાઇમ સ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલની સ્થાપના કરશે.

કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણે ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડમાં સુધારો કરવા માટે એક બિલ રજૂ કર્યું અને અધ્યક્ષને તેને ગૃહની પસંદગી સમિતિને વિગતવાર તપાસ માટે મોકલવા વિનંતી કરી હતી. આ પછી ગૃહની કાર્યવાહી દિવસભર સ્થગિત કરવામાં આવી હતી. ગૃહ પાંચ દિવસ પછી ૧૮ ઓગસ્ટે ફરી મળશે.

અગાઉ લોકસભાએ અલ્હાબાદ હાઈ કોર્ટના ન્યાયાધીશ યશવંત વર્મા સામે મહાભિયોગના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. વર્મા સામેના આરોપોની તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ મંગળવારે આ જાહેરાત કરી હતી.

લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજવાની સિસ્ટમ લાગુ કરવા માટે બે બિલોની તપાસ કરતી સંસદીય સમિતિને મંગળવારે શિયાળુ સત્રના છેલ્લા અઠવાડિયા સુધી નવી મુદત લંબાવવામાં આવી હતી. સંયુક્ત સંસદ સમિતિના અધ્યક્ષ પી. પી. ચૌધરી દ્વારા રજૂ કરાયેલ એક પ્રસ્તાવને ગૃહ દ્વારા ધ્વનિ મત દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. પ્રસ્તાવ મુજબ, પેનલને તેનો અહેવાલ રજૂ કરવા માટે શિયાળુ સત્ર, ૨૦૨૫ના છેલ્લા અઠવાડિયાના પહેલા દિવસ સુધીનો સમય આપવામાં આવ્યો છે. ■

# કાશ્મીરી પંડિત મહિલાના ૩૫ વર્ષ જૂના હત્યા કેસમાં દરોડા

શ્રીનગરઃ ૩૫ વર્ષ પહેલાં આતંકવાદ ફાટી નીકળ્યા દરમિયાન કાશ્મીરી પંડિત મહિલાની હત્યાની તપાસ ફરી શરૂ કરવામાં આવી છે, જેમાં રાજ્ય તપાસ એજન્સી (એસઆઇએ)એ મંગળવારે મધ્ય કાશ્મીરમાં પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જેકેએલએફના ભૂતપૂર્વ સભ્યો સાથે જોડાયેલાં આઠ સ્થળોએ દરોડા પાડ્યા હતા.

એપ્રિલ ૧૯૯૦માં સૌરા ખાતે શેર-એ-કાશ્મીર ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સની હોસ્ટેલમાંથી નર્સ સરલા ભટ્ટ, ગુમ થઈ ગઈ હતી અને શ્રીનગરના મધ્ય ભાગમાં મૃત હાલતમાં મળી આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે એસઆઇએ એ તાજેતરમાં કેસની તપાસ સંભાળી હતી, તેણે હત્યાના સંબંધમાં જમ્મુ અને કાશ્મીર લિબરેશન ફ્રન્ટ (જેકેએલએફ) સાથે સંકળાયેલ ઘણી વ્યક્તિઓનાં નિવાસસ્થાનો પર દરોડા પાડ્યા હતા.

એસઆઇએ ના અધિકારીઓ દ્વારા જેમના ઘરોની તલાશી લેવામાં આવી હતી તેમાં જેકેએલએફના ભૂતપૂર્વ નેતા પીર નૂરુલ હક શાહ ઉર્ફે એર માર્શલનો સમાવેશ થાય છે.

'શ્રીનગર જિલ્લામાં આઠ સ્થળોએ હાથ ધરવામાં આવેલી વ્યૂહાત્મક શોધખોળમાં કેટલાક ગુનાહિત પુરાવા મળી આવ્યા છે જે પીડિતા અને તેના પરિવારને ન્યાય અપાવવાના અંતિમ ઉદ્દેશ્ય સાથે સમગ્ર આતંકવાદી કાવતરાનો પર્દાફાશ કરવામાં મદદ કરશે,' એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આતંક સંબંધિત કેસોમાં ઝડપી તપાસ અને કાર્યવાહી તેમજ કેન્દ્રીય એજન્સીઓ સાથે સંકલન માટે નવેમ્બર ૨૦૨૧માં જમ્મુ અને કાશ્મીર પોલીસમાં રાજ્ય તપાસ એજન્સીની રચના કરવામાં આવી હતી.

ભાજપના ઇન્ફોર્મેશન ટેકનોલોજી સેલના વડા અમિત માલવિયાએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ભટ્ટની હત્યા ૧૯૯૦માં કાશ્મીરી પંડિતોના સામૂહિક હિજરતને ઉત્તેજિત કરનારા અત્યાચારોની સૌથી ભયાનક યાદ અપાવે છે.સશસ્ત્ર આતંકવાદીઓએ તેમનું કાર્યસ્થળ પરથી અપહરણ કર્યું, તેમને અજાણ્યા સ્થળે લઈ ગયા અને તેમને ભયાનક ત્રાસ આપ્યો. તેમના પર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો, તેમને વિકૃત કરવામાં આવ્યા અને તેમની હત્યા કરવામાં આવી - તેમના શરીરને ટુકડાઓમાં કાપીને આતંક ફેલાવવા માટે ફેંકી દેવામાં આવ્યો. ■

# બૅન્કમાંથી ₹ ૧૪ કરોડથી વધુનું સોનું લૂંટાયું

જબલપુરઃ મધ્ય પ્રદેશના જબલપુર જિલ્લામાં પાંચ લૂંટારાએ એક હિંમતભરી લૂંટમાં હેલમેટ પહેરીને ૨૦ મિનિટથી ઓછા સમયમાં નાની ફાયનાન્ય બૅન્કની શાખામાંથી ૧૪ કરોડ રૂપિયાથી વધારે કિંમતનું ૧૪.૮ કિલો સોનું અને પાંચ લાખ રોકડ રકમ લૂંટી ગયા હતા. સોમવારે સવારે બૅન્ક ખુલી કે તરત જ લૂંટારાઓ ત્રાટકયા અને ત્યારે ખિટોલા વિસ્તારની શાખામાં કોઈ સુરક્ષા ચોકિયાત નહોતો, એવી માહિતી પોલીસે આપી હતી. લૂંટારાએ સિહોર તાલુકાની શાખામાંથી લોકરમાં મૂકેલું ૧૪.૮૭૫ કિલો સોનું અને પાંચ લાખ રૂપિયાની રોકડ રકમ લૂંટી ગયા હતા. જબલપુર ગ્રામીણ વિસ્તારના વધારાના સુપરિન્ટેન્ડન્ટ સૂર્યકાંત શર્માએ પત્રકારોને કહ્યું હતું કે શાખા જિલ્લા વડા મથકથી ૫૦ કિલોમીટર દૂર છે. જબલપુર રેન્જના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ અતુલ સિંહે માહિતી આપી હતી કે લૂંટ ચલાવામાં ફક્ત ૧૮ મિનિટ લાગી હતી. લૂંટારાઓ બે મોટર સાઈકલમાં આવ્યા હતા. તેમણે હેલ્મેટ પહેરીને ઈએસએએફ સ્મોલ ફાયનાન્સ બૅન્કની શાખામાં પ્રવેશ્યા હતા. શાખામાં કોઈ સિક્યોરિટી ગાર્ડ નહોતો. બનાવ બન્યો ત્યારે શાખામાં છ કર્મચારી હતા. લૂંટારાઓ સવારે ૮.૫૦ કલાકે પ્રવેશ્યા હતા અને લૂંટ ચલાવીને ૯.૦૮ કલાકે બહાર આવી હતા લૂંટારા મોટરસાઈકલમાં સવાર થઈને પલાયન થઈ ગયા હતા. તેમના હાથમાં કોઈ હથિયાર નહોતા. એક લૂંટારાએ તેના પટ્ટાની અંદર પિસ્તોલ ખોસેલી હતી.

બૅન્કના કર્મચારીઓએ બનાવ બન્યા બાદ તેમના ઉપરી સાથે વાતચીત કરી હતી અને બનાવ બન્યાના ૪૫ મિનિટ બાદ પોલીસને જાણ કરી હતી. ડીઆઈજીએ કહ્યું હતું કે જો તેઓએ અમને વહેલી જાણ કરી હોત તો લૂંટારાઓ પરડાઈ ગયા હોત. લૂંટારાને પકડવાના પ્રયાસ ચાલુ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે તહેવારનો સમય હોવાથી બૅન્ક હંમેશના સવારના સાડાદસ વાગ્યાને બદલે સવારે આઠ વાગ્યે બૅન્ક ખોલી હતી. (એજન્સી) ■

# કલમ ૩૭૭, ટ્રિપલ તલાક અને નવા ફોજદારી કાયદાઓ ભણશે વિદ્યાર્થીઓ

## સીબીએસઈના અભ્યાસક્રમમાં મોટો ફેરફાર

નવી દિલ્હીઃ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) ૨૦૨૬-૨૭ સત્રથી લીગલ સ્ટડીઝના અભ્યાસક્રમમાં કલમ ૩૭૭ રદ કરવા, ટ્રિપલ તલાક અને દેશદ્રોહ જેવા જૂના કાયદાઓ રદ કરવા અને ભારતના નવા ફોજદારી કાયદાઓનો સમાવેશ કરવાનો નિર્ણય લીધો છે. સીબીએસઈની અભ્યાસક્રમ સમિતિએ આ પ્રસ્તાવને મંજૂરી આપી હતી, જેને જૂનમાં ગવર્નિંગ બોડી દ્વારા પણ મંજૂરી આપવામાં આવી હતી.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનની અભ્યાસક્રમ સમિતિ દ્વારા મંજૂર કરાયેલ અને જૂનમાં ગવર્નિંગ બોડી દ્વારા મંજૂર કરાયેલ આ નિર્ણય હેઠળ માધ્યમિકના વિદ્યાર્થીઓને નવા કાયદાઓનો અભ્યાસ કરાવવામાં આવશે. સાથે સાથે ભારતના કાનૂની માળખાને ફરીથી આકાર આપનારા ઐતિહાસિક નિર્ણયો અને સિદ્ધાંતોનો પણ અભ્યાસ કરશે.

રિપોર્ટ અનુસાર, સીબીએસઈના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓમાં મૂળભૂત કાનૂની સાક્ષરતા વિકસાવવા માટે કાયદાના અભ્યાસની પાઠ્યપુસ્તકો પાંચ વર્ષ પહેલાં રજૂ કરવામાં આવી હતી પરંતુ ત્યારથી સુધારાની ગતિ ધીમી પડી ગઈ છે. બોર્ડ 'એક નિષ્ણાત સમિતિ' ની સ્થાપના કરશે અને ૨૦૨૬-૨૭ શૈક્ષણિક સત્ર માટે પાઠ્યપુસ્તકો તૈયાર થાય તેની ખાતરી કરવા માટે એક એજન્સીની નિમણૂક કરી શકે છે. બોર્ડના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે પાઠ્યપુસ્તકો નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુરૂપ આધુનિક અને આકર્ષક શિક્ષણ પદ્ધતિ અનુસાર તૈયાર કરવામાં આવશે.

સીબીએસઈ દ્વારા પ્રથમવાર ૨૦૧૩મા ધોરણ ૧૧ મા અને ૨૦૧૪મા ધોરણ ૧૨માં કાયદાના વિષયનો અભ્યાસ શરૂ કર્યો હતો. કાયદાનો અભ્યાસ એક વિશિષ્ટ વૈકલ્પિક વિષયમાંથી કાયદો, જાહેર નીતિ અથવા શાસનમાં કારકિર્દી બનાવતા વિદ્યાર્થીઓ માટે એક મહત્ત્વપૂર્ણ વિષય બન્યો છે. એપ્રિલ ૨૦૨૪માં શિક્ષણ નિયામકમંડળે ૨૯ વધારાની શાળાઓમાં તેના અમલીકરણને મંજૂરી આપી અને આચાર્યોને સીબીએસઈ દ્વારા માંગવામાં આવેલી બધી ઔપચારિકતાઓ પૂર્ણ કરવા વિનંતી કરી હતી. ■

# સૅમિકન્ડક્ટરના ચાર પ્લાન્ટને મંજૂરી

નવી દિલ્હીઃ કેન્દ્રના પ્રધાનમંડળે ઓડિશા, પંજાબ અને આંધ્ર પ્રદેશમાં ચાર સૅમિકન્ડક્ટર પ્રોજેકટને બહાલી આપી છે, એવી જાણકારી માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે મંગળવારે આપી હતી. દેશમાં ચિપ સુવિધા સ્થાપવા માટે સરકારે ૭૬,૦૦૦ કરોડ રૂપિયાના મૂડીરોકાણ સાથે શરૂ કરેલા ઈન્ડિયા સૅમિકન્ડક્ટર મિશન હેઠળ આ દરખાસ્તને મંજૂરી આપી હતી. વૈષ્ણવે કહ્યું હતું કે પ્રધાનમંડળે ચાર સૅમિકન્ડક્ટર પ્રોજેકટને બહાલી આપી છે અને તે ઓડિશા, પંજાબ અને આંધ્ર પ્રદેશમાં સ્થાપવામાં આવશે. પ્રધાને કહ્યું હતું કે સિસસેમ પ્રાઈવેટ લિમિટેડ સિલિકોન કાર્બાઈડ સૅમિકન્ડક્ટર પ્લાન્ટ ૨,૦૬૬ કરોડ રૂપિયાના ખર્ચે ભુવનેશ્વરમાં સ્થાપાશે. રાજ્યમાં બીજો પ્લાન્ટ ૧,૯૪૩ કરોડ રૂપિયાના ખર્ચે થ્રીડી ગ્લાસના ઉત્પાદન માટે સ્થાપાશે. આમાં અમેરિકાની આગેવાન યુએસ ટેક્નોલોજી ફર્મ ઈન્ટેલ, લોકહીડ માર્ટિન વગેરે રોકાણ કરશે.

દરમિયાન પ્રધાનમંડળે ૫,૮૦૧ કરોડ રૂપિયાના ખર્ચે ૧૧.૧૬૫ કિલોમીટર લાંબો કોરિડોર ધરાવનારો લખનઊ મેટ્રો પ્રોજેક્ટના ૧બી તબક્કાને મંજૂરી આપી હતી. આ તબક્કો શરૂ થવાથી લખનઊમાં મેટ્રોની સક્રિય નેટવર્ક ચાલુ થઈ જશે. દરમિયાન કેન્દ્ર સરકારે અરુણાચલ પ્રદેશના શી યોમી જિલ્લામાં ૭૦૦ મૅગાવોટનો ટેટો-બે હાઈડ્રો-ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ ૮,૧૪૬.૨૧ કરોડ રૂપિયાના ખર્ચે બાંધવાનો પ્રોજેક્ટ મંજૂર કર્યો હતો. આ પ્રકલ્પ પૂરો કરવામાં ૭૨ મહિના લાગશે. ■

પહેલા પાનાનું ચાલુ

### મોંઘવારી

કરવેરામાં સમાવેશ થાય છે. પહેલી એપ્રિલથી ૧૧ ઑગસ્ટ દરમિયાન નૅટ ડિરેક્ટ કોર્પોરેટ ટેક્સની વસૂલીનો આંક રૂ. ૨.૨૯ લાખ કરોડ તો (વ્યક્તિ, હિન્દુ અવિભાજિત પરિવાર અને કંપનીનો સમાવેશ કરતા) નૉન કોર્પોરેટ ટેક્સની વસૂલીનો આંક રૂ. ૪.૧૨ લાખ કરોડ અને સિક્યોરિટીસ ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી)ની વસૂલીનો આંક રૂ. ૨૨,૩૬૨ કરોડ રહ્યો હતો. ટોટલ નૅટ કલેક્શનનો આંક રૂ. ૬.૬૪ લાખ કરોડ રહ્યો હતો જે અગાઉના વર્ષના એ જ સમયગાળાના રૂ. ૬.૯૧ લાખ કરોડમાં ૩.૯૫ ટકાનો ઘટાડો સૂચવે છે.

અત્યાર સુધી આપવામાં આવેલા રિફંડનો આંક ૧૦ ટકા વધીને રૂ. ૧.૩૫ લાખ કરોડ થયો છે. પહેલી એપ્રિલથી ૧૧ ઑગસ્ટ દરમિયાન રિફંડ આપ્યા અગાઉનો ગ્રોસ કલેક્શનનો આંક રૂ. ૭.૯૯ લાખ કરોડ રહ્યો હતો જે અગાઉના વર્ષના એ જ સમયગાળાના રૂ. ૮.૧૪ લાખ કરોડમાં ૧.૮૭ ટકાનો ઘટાડો સૂચવે છે.

વર્ષ ૨૦૨૫-૨૬ના ચાલુ નાણાકીય વર્ષ માટે સરકારે પ્રોજેક્ટેડ ડિરેક્ટ ટેક્સ કલેક્શનનો આંક રૂ. ૨૫.૨૯ લાખ કરોડ મુકરર કર્યો છે જે ૧૨.૭ ટકાનો વધારો સૂચવે છે.

ચાલુ નાણાકીય વર્ષમાં સરકાર એસટીટી મારફતે રૂ. ૭૮,૦૦૦ કરોડ એકઠાં કરવાનું લક્ષ્ય ધરાવે છે. (એજન્સી) ■

### જામનગરની

ભારત અને ભારતીયોને સ્વીકાર્ય નથી. તેમણે માગણી કરી હતી કે કેન્દ્ર સરકારે આ બાબત અમેરિકા સમક્ષ ઉઠાવીને જોરદાર વિરોધ નોંધવવો જોઈએ. ઓવૈસીએ એક્સ પર મૂકેલી પોસ્ટમાં લખ્યું હતું કે પાકિસતાનના લશ્કરના વડાની ભારત સામેની ધમકી અને ભાષા ટીકાપાત્ર છે. મુનીર આ ધમકી અમેરિકાની ધરતી પર આપે છે એ વાત આને બદતર બનાવે છે. વિદેશ મંત્રાલયનું નિવેદન પૂરતું નથી, પરંતુ મોદી સરકારે આનો જવાબ આપવો જોઈએ. મુનીરે જામનગરની રિલાયન્સની રિફાઈનરીને ઉડાવી દેવાની ધમકી પણ આપી હતી.

ઓવૈસીએ કહ્યું હતું કે ભારત બજેટમાં સંરક્ષણને ઓછી ફાળવણી કરે છે , પરંતુ હવે એ ચાલશે નહીં, ભારતે બહેતર તૈયારી કરવી પડશે. ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે મુનીરની ધમકી ભારતની એ શંકાને મજબૂત કરે છે કે એ દેશમાં ન્યુક્લિયકર કમાન્ડ અને અંકુશ આતંકવાદી જૂથોના આકા લશ્કર પાસે છે. નવી દિલ્હી ન્યુક્લિયર બ્લેકમેલને વશ નહીં થાય. એ પણ ખેદજનક છે કે આવી ધમકી મિત્ર દેશની ધરતીમાં આપવામાં આવી છે. (એજન્સી) ■

### ઍડવાન્સ ટૅક્સ

સપ્ટેમ્બર, ૧૫ ડિસેમ્બર અને ૧૫ માર્ચ એમ ચાર હપ્તામાં એડવાન્સ ટૅક્સ ભરવાનો રહેશે.

એડવાન્સ ટૅક્સ ત્રિમાસિક મુદત પછી એક દિવસ પણ મોડો ભરવામાં આવશે, તો ઓછામાં ઓછું ત્રણ મહિનાનું વ્યાજ લાગશે.

લોકસભામાં મંજૂર કરવામાં આવેલા ઈન્કમ ટૅક્સ (નં.૨) બિલ ૨૦૨૫ની કલમ ૪૨૫ મુજબ એડવાન્સ ટૅક્સ નિર્ધારિત સમયમર્યાદા કરતાં એક દિવસ પણ મોડો ભરવામાં આવશે તો એક મહિના માટે એક ટકાના દરે વ્યાજ વસૂલવામાં આવશે.

નવો કાયદો છ દાયકા જૂના ઈન્કમ ટૅક્સ ઍક્ટનું સ્થાન લેશે અને તે કરવેરાના કાયદાને વધુ સરળ બનાવશે. (એજન્સી) ■

### આધાર

જ સરકારી યોજનાઓનો લાભ લેવા પૂરતો જ છે એમ જણાવી કોર્ટે યોગ્ય પાસપોર્ટ તેમ જ પ્રવાસી દસ્તાવેજો વિના ભારતમાં પ્રવેશેલા કથિત બાંગ્લાદેશી બાબુ અબ્દુલ રઉફ સરદારને જામીન આપવાનું નકારી કાઢ્યું હતું. (એજન્સી) ■

### ટ્રમ્પે સોનાને

થઈ ગયો હતો.

સોનાની આયાતને ટૅરિફમાંથી મુક્તિ આપવાની ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર કરેલી સ્પષ્ટતા બાદ સોનાના ભાવમાં ઘટાડો થયેલો જોવા મળ્યો હતો.

ટ્રમ્પની આ જાહેરાતે વેપાર સંબંધિત ચિંતામાં પણ ઘટાડો કર્યો હતો. (એજન્સી) ■

### મુંબઈ, સુરતમાં

આવ્યા હતા.

મુંબઈ સાયબર પોલીસે વર્ષ ૨૦૨૪માં આ મામલે દાખલ કરેલા ગુનાને પગલે ઈડી દ્વારા પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ)ની વિવિધ જોગવાઈ અંતર્ગત કેસ નોંધવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસ મુજબ છેતરાયેલા ગ્રાહક પાસેથી મેળવેલી રકમ બનાવટી ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી અને ત્યાર બાદ સ્થાનિક મની ટ્રાન્સફર એજન્ટોની મદદથી રૂ. ૨,૦૦૦ કરોડ જેટલી રકમ ક્રિપ્ટો વૉલેટ, એટીએમ, લૉ વેલ્યૂ યુપીઆઈ ટ્રાન્સફરના માધ્યમ થકી વિવિધ સ્તરે અન્યત્ર વાળવામાં આવી હતી.

દરોડા દરમિયાન દસ્તાવેજો, કમ્પ્યુટરો, મોબાઈલ વગેરે જપ્ત કરવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## જન્માષ્ટમી, અનંત ચતુર્થી નિમિત્તે શાળાઓમાં રજા આપવા શિક્ષક સંગઠનની માગણી

મુંબઈઃ શાળા શિક્ષણ વિભાગે આ વર્ષે પહેલીવાર નારિયેળી પૂનમની રજા જાહેર કરી હતી, પરંતુ જન્માષ્ટમી અને અનંત ચતુર્થીની રજાઓ રદ્દ કરવામાં આવી હતી. આ કારણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો રોષ વ્યક્ત કરી રહ્યા છે. શિક્ષક સંગઠનો માગણી કરી રહ્યા છે કે આ બે રજા પહેલાની જેમ ચાલુ રાખવામાં આવે. આ સંદર્ભે શિક્ષક સંગઠને શાળા શિક્ષણ પ્રધાન દાદા ભૂસેને પણ રજૂઆત કરી હતી.

રાજ્ય સરકારે આ વર્ષે અચાનક નારિયેળી પૂનમના રજા જાહેર કરી અને જન્માષ્ટમી અને અનંત ચતુર્થીની રજાઓ રદ કરી દીધી. મુંબઈમાં આ બંને તહેવારો પર રસ્તાઓ પર નાગરિકોની મોટી ભીડ જોવા મળે છે. આને કારણે, ટ્રાફિકને બીજા રસ્તે વાળવામાં આવે છે. ઘણી જગ્યાએ રસ્તાઓ ટ્રાફિક માટે બંધ હોય છે. રસ્તાઓ બંધ થવાથી ટ્રાફિક જામ થાય છે. એ કારણે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને શાળાએ જવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ઉપરાંત આ દિવસે ઘણા વિદ્યાર્થીઓ ગેરહાજર રહેવાની શક્યતા રહે છે. તેથી ૧૬ ઓગસ્ટે જન્માષ્ટમી અને છઠ્ઠી સપ્ટેમ્બરે અનંત ચતુર્થીના રદ કરાયેલી રજાઓ પહેલાની જેમ જ ચાલુ રાખવી જોઈએ એવી માગણી કરી હતી. ■

## ડોમ્બિવલીમાં આજે પાંચ કલાક પાણી બંધ

કલ્યાણઃ કલ્યાણ-ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશને ડોમ્બિવલીના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારનો પાણીનો પુરવઠો આજે બપોરે ૧ થી સાંજે ૬ વાગ્યા સુધી સમારકામના કામ માટે બંધ રાખવાનો નિર્ણય લીધો છે. ડોમ્બિવલી પૂર્વમાં, પાથર્લી, ઠાકુર્લી, ચોલે, ૯૦ ફીટ રોડ, ભોઇરવાડી, પેંડસે નગર, સારસ્વત કોલોની, ગોગ્રાસવાડી, અયોધ્યા નગરી, ફડકે રોડ વિસ્તાર, સુનીલ નગર, આયરે રોડ, રાજાજી પથ, મ્હાત્રે નગર, ડોમ્બિવલી રેલવે વિસ્તાર, ડોમ્બિવલી પશ્ચિમમાં વિષ્ણુ નગર, મોઠાગાંવ, ઠાકુરવાડી, કોપર, શાસ્ત્રીનગર, જયહિંદ કોલોની, સુભાષ રોડ, નવાપાડા, કુંભારખાનપાડા, દેવીચાપાડા, ઉમેશનગર, ચિંચોડીચાપાડા, ગણેશનગર, રેલવે કોલોની વિસ્તાર, ભાગશાળા મેદાન વિસ્તારનો પાણી પુરવઠો આજે બંધ રહેશે.

તેથી, નગરપાલિકાએ નાગરિકોને પૂરતા પ્રમાણમાં પાણીનો સંગ્રહ કરવા અપીલ કરી છે. ■

## સાયબર હેલ્પ નંબર પર દરરોજ બે હજાર ફરિયાદ

**નાગરિકોના 300 કરોડ રૂપિયા બચાવ્યા**

મુંબઈઃ મુંબઈ પોલીસ કમિશનર દેવેન ભારતીએ શહેરમાં કાયદો અને વ્યવસ્થા, ગુનાખોરી, ટ્રાફિકની સમસ્યા અને પોલીસ દળમાં ટેકનિકલ ફેરફારો અંગે મહત્ત્વની માહિતી સોમવારે આપી હતી. મુંબઈમાં આજે પણ આતંકી હુમલાના ખતરાને ધ્યાનમાં રાખીને નિવારક પગલાં લેવા એ પોલીસની પ્રાથમિકતા હોવાનું તેમણે જણાવ્યું હતું.

વધુ જાણકારી આપતા તેમણે એમ પણ જણાવ્યું હતું કે સાયબર ક્રાઇમ અને ડ્રગની સમસ્યા અને પડકારો યથાવત્ છે. છેલ્લા બે વર્ષમાં મુંબઈ સાયબર વિભાગે નાગરિકોના ૩૦૦ કરોડ રૂપિયા બચાવ્યા છે અને ઘણા આરોપીઓની ધરપકડ કરી છે. મુંબઈને સાયબર ફ્રોડ અંગે દરરોજ નાગરિકોના બે હજારથી વધુ ફોન આવે છે. એમાંથી દરરોજ આશરે ૬૦ લાખ રૂપિયા ફ્રીઝ કરવામાં આવી રહ્યા છે. દેશની આર્થિક રાજધાની મુંબઈ પર હજુ પણ આતંકી હુમલાનું જોખમ છે એનો ઉલ્લેખ કરી કમિશનરે એમ પણ જણાવ્યું કે સુરક્ષા અમારી પ્રાથમિકતા છે અને નિવારક પગલાં લેવામાં આવી રહ્યા છે. સ્પેશિયલ ટીમ દરરોજ દેખરેખ રાખી રહી છે. ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે અને છેલ્લા કેટલાક મહિનામાં એક હજારથી વધુ બાંગ્લાદેશી નાગરિકોને દેશ નિકાલ કરવામાં આવ્યા છે. ■




## પાલઘરની કૉલેજમાંથી વિદ્યાર્થીઓએ ભરેલી ફી ચોરનારી વલસાડની ટોળકી પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાલઘરની કૉલેજના એકાઉન્ટ ડિપાર્ટમેન્ટમાંથી વિદ્યાર્થીઓએ ભરેલી ફી ૧૧.૨૫ લાખ રૂપિયા ચોરનારી ગુજરાતના વલસાડ જિલ્લાની ટોળકીને પોલીસે પકડી પાડી હતી.

પાલઘર પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડેલા આરોપીઓની ઓળખ શુભમ વીરેન્દ્ર સિંહ (૨૧), મુરલી મનોહર પવાર (૨૩), અરુણ લખન ચવ્હાણ (૧૯) અને ફારુખ ફિરોઝ ખાન તરીકે થઈ હતી. ચારેય આરોપી વલસાડ જિલ્લાના ઉમરગામના રહેવાસી હોવાનું પોલીસનું કહેવું છે.

પાલઘર નજીકના બોઈસર રોડ પર આવેલી દાંડેકર કૉલેજમાંથી ૨૩ જુલાઈની મધરાતે રોકડ ચોરાઈ હતી. અજાણ્યા શખસોએ કૉલેજના એકાઉન્ટ ડિપાર્ટમેન્ટની તિજોરી તોડી ૧૧.૨૫ લાખ રૂપિયા ચોર્યા હતા. બીજી સવારે ચોરીની જાણ થતાં પાલઘર પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી.

ક્રાઈમ બ્રાન્ચના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર પ્રદીપ પાટીલને ટીમે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી આરોપીઓની ઓળખ મેળવી હતી. ઉમરગામથી પકડાયેલા ચારેય આરોપીને કોર્ટે બે દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી. તેમની પાસેથી ચોરેલી રકમમાંથી ચાર લાખ રૂપિયા હસ્તગત કરાયા હતા. આરોપીઓ વિરુદ્ધ ગુજરાતમાં ગુના નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

## ગિરગામ ચોપાટી પર કબૂતરોને ચણ નાખવા બદલ અજાણી વ્યક્તિ સામે કેસ દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે કબૂતરોને ખવડાવવા પર પ્રતિબંધ મૂક્યો છે. જોકે, તે પછી પણ ગિરગામ ચોપાટી પર એક વ્યક્તિ દ્વારા દસ ગૂણ અનાજ ચણ તરીકે નાખવાની ઘટના બહાર આવી હતી. પોલીસે આ સંદર્ભમાં કેસ નોંધ્યો છે. આ વ્યક્તિએ પોતે એક વીડિયો ક્લિપ બનાવીને સોશિયલ મીડિયા પર અપલોડ કરી છે. એક વ્યક્તિએ ગિરગામ ચોપાટી પર કબૂતરોને દસ ગૂણ અનાજ આપવાની ક્લિપ સોશિયલ મીડિયા પર અપલોડ કરી છે. આ ઘટના ૭ ઓગસ્ટની છે.

છેલ્લા પાંચથી છ દિવસથી કબૂતરોને અનાજ મળી શક્યું નથી. તેથી, તેણે તેમને અનાજ ખવડાવ્યું. એવો તેણે વીડિયો ટેપમાં ઉલ્લેખ કર્યો છે કે દરરોજ ૩૦૦ કિલો અનાજ મુંબઈ આવે છે, એક એનજીઓનું નામ લઈને. તેણે વીડિયો ટેપમાં તેનું નામ પણ ઉચ્ચાર્યું છે. વીડિયો ટેપમાં ગિરગામ ચોપાટી પર અનાજ ખાવા માટે મોટી સંખ્યામાં કબૂતરો ભેગા થતા દેખાય છે. આ વ્યક્તિ ૭ ઓગસ્ટની સવારે ચોપાટી પર આવ્યો હતો અને અનાજ છોડી ગયો હતો. અમે આ વ્યક્તિને શોધીશું અને તેની સામે કાર્યવાહી કરીશું. જોકે, હાલમાં, મ્યુનિસિપલ કર્મચારીઓ અને પોલીસ ટીમને ચોપાટી પર તહેનાત કરવામાં આવી છે. આ સંદર્ભમાં, મ્યુનિસિપલ ફરિયાદના આધારે, ડી. બી. માર્ગ પોલીસે અજાણ્યા વ્યક્તિ સામે કેસ નોંધ્યો છે. કોર્ટના તિરસ્કારનો કેસ નોંધવામાં આવ્યો છે અને વીડિયો દ્વારા શંકાસ્પદ વ્યક્તિની શોધ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## ગીતા રબારી-કચ્છી કોયલ કરશે 'સુરભિ નવરાત્રિ ઉત્સવ ૨૦૨૫', બોરીવલીમાં પ્રથમવાર પરફોર્મન્સ

મુંબઈઃ આ વર્ષે બોરીવલીમાં નવરાત્રિના તાલે વધુ રંગીન ઉજવણી થવા જઈ રહી છે, કારણ કે ગુજરાતની લોકગાયકીની લોકપ્રિય હસ્તી અને પ્રેમથી કચ્છી કોયલ તરીકે ઓળખાતી ગીતા રબારી પહેલીવાર બોરીવલીના પ્રતિષ્ઠિત સુરભિ નવરાત્રિ ઉત્સવ ૨૦૨૫માં પરફોર્મ કરવા આવી રહી છે. પ્રિ-નવરાત્રિ પ્રેસ કોન્ફરન્સ આજે વિટ્ટી સ્કૂલ ખાતે યોજાઈ હતી, જેમાં ગીતા રબારીએ બોરીવલીમાં પહેલીવાર આ ભવ્ય ઉત્સવમાં ગાવાની ખુશી વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમનું પ્રોડક્શન અને પ્રોમોશન શો ગ્લિટ્ઝ ઇવેન્ટ એન્ડ એન્ટરટેઇનમેન્ટ પ્રા. લિ. દ્વારા તથા સંયોજન સાઈ ગણેશ વેલફેર એસોસિએશન દ્વારા કરવામાં આવી રહ્યું છે. સ્થળઃ કોરાકેન્દ્ર ગ્રાઉન્ડ નં. ૪, બોરીવલી (પશ્ચિમ) જ્યાં દરરોજ ૩૦,૦૦૦ થી વધુ ગરબા પ્રેમીઓ ઉપસ્થિત રહેશે. માનનીય સાંસદ તથા મંત્રી શ્રી પીયૂષ ગોયલના આશીર્વાદ સાથે આ પ્રસંગે પૂર્વ સાંસદ તથા નવરાત્રિના માર્ગદર્શક શ્રી ગોપાલ શેટ્ટી અને બોરીવલી વિધાનસભાના ધારાસભ્ય શ્રી સંજય ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યાં હતાં.



ફોટોગ્રાફમાં ગાયિકા ગીતા રબારી, પૂર્વ સાંસદ ગોપાલ શેટ્ટી, ધારાસભ્ય સંજય ઉપાધ્યાય, આયોજક સંતોષ સિંગ તેમજ સુરભી ગ્રૂપના મિતેશ મહેતા અને રૂદ્રમાલ ગ્રૂપના સંતોશ કાલે નજરે પડે છે.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી સંજય ઉપાધ્યાયે આ નવરાત્રિ ઉત્સવની ભવ્ય સફળતા માટે શુભેચ્છાઓ આપી હતી. ■

## પુણેમાં ભાજપના પદાધિકારી સહિત સાત જુગાર રમતાં ઝડપાયાઃ પક્ષમાંથી પાણીચું

પુણેઃ ભાજપના સ્થાનિક પદાધિકારી સહિત સાત જણની જુગાર રમવા બદલ પુણે પોલીસે ધરપકડ કરી હતી. પોલીસે સોમવારે કરેલી કાર્યવાહી બાદ પક્ષના પાર્વતી એકમ સાથે સંકળાયેલા ઔદુંબર કાંબળેને બરતરફ કરવામાં આવ્યા હોવાનું ભાજપના શહેર એકમ પ્રમુખે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ પુણેના ધાનકવાડી વિસ્તારમાં પતરાની શેડમાં જુગાર રમવામાં આવતો હોવાની માહિતી મળી હતી. માહિતીને આધારે સોમવારની બપોરે રેઈડ કરવામાં આવી હતી. શેડમાં અમુક લોકો પત્તાં અને અન્ય જુગાર રમતા મળી આવ્યા હતા. પોલીસે ઔદુંબર કાંબળે, રોહન લોંઢે, બાપુ પટોળે, સાગર અડાગળે, યુવરાજ સૂર્યવંશી, મંગેશ શેલાર અને સંગ્રામ ભોસલેને કથિત જુગાર રમવા બદલ પકડી પાડવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

દરોડા દરમિયાન રોકડ અને મોબાઈલ ફોન્સ મળી અંદાજે ૨.૨૦ લાખ રૂપિયાની મતા જપ્ત કરવામાં આવી હતી. સાતેય જણ વિરુદ્ધ મહારાષ્ટ્ર પ્રિવેન્શન ઑફ ગૅમ્બલિંગ ઍક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ભાજપના શહેર એકમના પ્રમુખ ધીરજ ઘાટેએ જણાવ્યું હતું કે કાંબળેની તાજેતરમાં પુણેમાં ભાજપના પાર્વતી એકમના સેક્રેટરી તરીકે નિયુક્તિ કરાઈ હતી. પોલીસ કાર્યવાહી પછી તેને બરતરફ કરવામાં આવ્યો હતો. પક્ષ કોઈ પણ પદાધિકારીનું આવું વર્તન ચલાવી નહીં લે, એમ પણ ઘાટેએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

**ફડણવીસની ટીકા**

## મરાઠા આરક્ષણ કાર્યકર્તા જરાંગેની ઝાટકણી

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ટીકા કરવા બદલ ભાજપના વિધાન પરિષદના સભ્ય પરિણય ફુકેએ મંગળવારે મરાઠા આરક્ષણ કાર્યકર્તા મનોજ જરાંગેની ઝાટકણી કાઢી હતી અને તેમણે પોતાની વિશ્વસનીયતા ગુમાવી દીધી હોવાનો આરોપ મૂક્યો હતો. જરાંગેએ ૨૯ ઓગસ્ટે મુંબઈમાં નવેસરથી ભૂખ હડતાળની જાહેરાત કરી છે મહારાષ્ટ્ર સરકાર પર મરાઠા સમુદાયને આપેલા વચનો પૂરા કરવામાં નિષ્ફળ જવાનો આરોપ મૂક્યો છે. ગયા સપ્તાહે તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સહિત મરાઠા નેતાઓની રાજકીય કારકિર્દી ખતમ કરવાની કોશિશ કરી રહ્યા છે.■



# હળવાથી મધ્યમ સ્વરૂપના વરસાદની આગાહી

મુંબઈ: મુંબઈ સહિત આજુબાજુના વિસ્તાર માટે યલો અલર્ટની ચેતવણી આપીને વરસાદ પાછો આવે એવી શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. મુંબઈ, થાણે સહિતના આજુબાજુના વિસ્તારમાં આગામી બે-ત્રણ દિવસ દરમ્યાન તોફાની પવન સાથે હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ પડવાની શકયતા છે.

લગભગ ત્રણ અઠવાડિયાથી મુંબઈમાં લગભગ છૂટોછવાયો વરસાદ રહ્યો છે. વરસાદની ગેરહાજરીમાં ગરમી અને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે બુધવારે મુંબઈ, થાણે, રાયગઢ અને રત્નાગિરી જિલ્લા માટે યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

સામાન્ય રીતે જુલાઈમાં ધોધમાર અને ઑગસ્ટમાં છૂટોછવાયો હળવા સ્વરૂપનો વરસાદ પડતો હોય છે પણ જુલાઈમાં ઓછો વરસાદ પડયા બાદ ઑગસ્ટની શરૂઆત પણ નબળી રહી છે. હાલમાં સૂકા અને ભેજવાળા પવનો ફૂંકાઈ રહ્યા છે અને તેને કારણે ફરી સારો વરસાદ પડે એવી શકયતા નિર્માણ થઈ હોવાનું હવામાન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું. જોકે આગામી દિવસોમાં ગણેશોત્સવ દરમ્યાન અને એ પછી વરસાદ જોર પકડે એવી શકયતા છે.

આ વર્ષે મુંબઈમાં ચોમાસાનું આગમન જલદી એટલે કે મે મહિનામાં જ થઈ ગયું હતું.

## છેલ્લા પાનાનું ચાલુ

### કચરા પર પ્રક્રિયા

નિયમ હેઠળ પ્રતિબંધિત છે. જયારે બાકીના ૧,૦૯૮ લોકો કચરો સીધો સુધરાઈને આપે છે. પાલિકા પ્રશાસને તમામ બલ્ક વેસ્ટ જનરેટરોને તેમના જ પરિસરમાં કચરા પર પ્રક્રિયા કરવા અથવા સત્તાવાર રીતે પાલિકાને કચરો સોંપવા માટેનો કડક આદેશ આપ્યો છે.

મુંબઈમાં મોટા પ્રમાણમાં કચરો (બલ્ક વેસ્ટ જનરેટર) નિર્માણ કરનારા રહેણાંક/કમર્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ દ્વારા કચરા પર પોતાના પરિસરમાં જ પ્રક્રિયા કરવાને બદલે તેને થર્ડ પાર્ટી (કૉન્ટ્રેક્ટર)ને આપવામાં આવતો હોવાનું જણાઈ આવ્યું છે. તેથી પાલિકાએ કૉન્ટ્રેક્ટરને કચરો આપવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. તેમ જ બલ્ક જનરેટરોને તેમના જ પરિસરમાં કચરા પર પ્રક્રિયા કરવી અથવા પાલિકાને કચરો સોંપવાનો આદેશ આપવામાં આવ્યો છે. જે એસ્ટાબ્લિશમેન્ટ પોતાના જ પરિસરમાં કચરા પર પ્રક્રિયા કરશે તેમને પ્રોપર્ટી ટેક્સમાં રાહત આપવામાં આવશે એવું એડિશનલ કમિશનર અશ્વિની જોશીએ જણાવ્યું હતું.

દરરોજ ૧૦૦ કિલો કરતા વધુ કચરાનું નિર્માણ કરનારા અથવા ૫,૦૦૦ ચોરસ મીટર કરતા વધુ ક્ષેત્રફળ ધરાવતા એસ્ટાબ્લિશમેન્ટનો બલ્ક વેસ્ટ જનરેટરમાં સમાવેશ થાય છે. મુંબઈમાં હાલ કુલ ૨,૬૦૯ એસ્ટાબ્લિશમેન્ટ બલ્ક વેસ્ટ જનરેટરો છે, તેમાંથી કુલ ૭૮૪ એસ્ટાબ્લિશમેન્ટ તેમના પરિસરમાં જ કચરા પર પ્રક્રિયા કરે છે. તો ૭૨૭ એસ્ટાબ્લિશમેન્ટ થર્ડ પાર્ટી એટલે કે કે કૉન્ટ્રેક્ટરને કચરો આપે છે. તો ૧,૦૯૮ એસ્ટાબ્લિશમેન્ટ પાલિકાને કચરો આપે છે.

પાલિકા દ્વારા હવે ૧૫થી ૩૧ ઑગસ્ટ, ૨૦૨૫ દરમ્યાન આ તમામ એસ્ટાબ્લિશમેન્ટની હાલની સ્થિતિ જાણવા માટે સર્વેક્ષણ કરવામાં આવવાનું છે. મોટા પ્રમાણમાં કચરો નિર્માણ કરનારા એસ્ટાબ્લિશમેન્ટના નામ, તેમની ત્યાં કચરા પર પ્રક્રિયા થાય છે કે નહીં અને થાય છે તો કંઈ સંસ્થા મારફત કરવામાં આવે છે અને તેની માટે કેટલી ફી વસૂલ કરવામાં આવે છે જેવા બાબતોને સર્વેક્ષણમાં ધ્યાનમાં રાખવામાં આવશે એવું અશ્વિની જોશીએ જણાવ્યું હતું.

#### પાલિકાને અહીં સંપર્ક કરો

તમારી સોસાયટી બલ્ક જનરેટર શ્રેણીમાં આવતી હોય અને તમે પાલિકાને કચરો આપવા માંગતા હોય તો તે માટે રજિસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે. રજિસ્ટ્રેશન માટે https://docs.google.com/forms/d/e/1FAIpQLSc6zR8XHoOzXRNanCCdj4oKtS27Iu7vuaXBANiCGoKCfUCn5g/viewform લિંક પર જઈને ફોર્મ ભરવાનું રહશે. મુંબઈના રજિસ્ટર્ડ એસ્ટાબ્લિશમેન્ટને વોટ્સએપ તથા અન્ય માધ્યમથી ક્યૂઆર કોડ સ્કેન કરીને પણ રજિસ્ટ્રેશન કરવાની પ્રક્રિયા કરી શકશે.

#### જોખમી કચરા માટે પાલિકા પીળી કચરાપેટી આપશે

સુધરાઈના ઘનકચરા વિભાગ મારફત ડોમેસ્ટીક સૅનિટરી ઍન્ડ સ્પેશિયલ કેર વેસ્ટ કલેકશન સેવા પૂરી પાડવામાં આવે છે. આ સેવા હવે બલ્ક જનરેટરો માટે ફરજિયાત કરવામાં આવી છે. તેથી આવા એસ્ટાબ્લિશમેન્ટે આ સર્વિસ માટે રજિસ્ટ્રેશન કરાવીને તેમના સૅનિટરી ઍન્ડ સ્પેશિયલ કેર વેસ્ટ કલેકશન કચરાનું વર્ગીકરણ કરીને પાલિકાને સોંપવાનો રહેશે. તેમ જ આ સેવા અંતર્ગત અત્યાર સુધી જુદી જુદી હાઉસિંગ સોસાયટી, બ્યુટી પાર્લર, મહિલા હૉસ્ટેલ, શૈક્ષિણિક સંસ્થા વગેરેને કચરો ભેગો કરવા માટે ખાસ તૈયાર કરવામાં આવેલી પીળી કચરાપેટીનું વિતરણ પાલિકા દ્વારા ૧૮ ઑગસ્ટ, ૨૦૨૫થી કરવામાં આવશે. અત્યાર સુધી ૩,૫૩૬ એસ્ટાબ્લિશમેન્ટે આ સર્વિસ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાં ૨,૦૯૧ હાઉસિંગ સોસાયટી, ૧,૧૪૬ બ્યુટી પાર્લર, ૨૮૬ શૈક્ષણિક સંસ્થા, ૪૦ મહિલા હોસ્ટેલનો સમાવેશ થાય છે.

### મહારાષ્ટ્ર પોલીસદળમાં

દુકાનદારોના માર્જિનમાં પ્રતિ ક્વિન્ટલ ૨૦ રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેથી, હવે દુકાનદારોને પ્રતિ ક્વિન્ટલ ૨૦ રૂપિયાનો વધારો મળશે અને અગાઉના ૧૫૦ રૂપિયાને બદલે ૧૭૦ રૂપિયાનું માર્જિન મળશે.

અંત્યોદય અન્ન યોજના અને પ્રધાન કુટુંબ યોજના રેશનકાર્ડ ધારકો હેઠળ ઇ-પીઓએસ મશીનો દ્વારા બાયોમેટ્રિક ચકાસણી દ્વારા ૫૩,૯૧૦ વાજબી ભાવ દુકાનદારોને ખાદ્યાન્ન, ખાંડ અને અન્ય વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે.

આ દુકાનદારોને કેન્દ્ર સરકાર તરફથી ૪૫ રૂપિયા અને રાજ્ય સરકાર તરફથી ૧૦૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ મળીને કુલ ૧૫૦ રૂપિયા માર્જિન તરીકે આપવામાં આવતા હતા. દુકાનદારોના સંગઠનોએ આ માર્જિનની રકમમાં વધારો કરવાની માગણી કરી હતી. તે મુજબ, આ માર્જિનમાં પ્રતિ ક્વિન્ટલ ૨૦ રૂપિયાનો વધારો કરવાની મંજૂરી આપવામાં આવી હતી. તે મુજબ, દુકાનદારોને પ્રતિ ક્વિન્ટલ ૧૭૦ રૂપિયા (પ્રતિ મેટ્રિક ટન ૧૭૦૦ રૂપિયા)નું માર્જિન મળશે. આ નિર્ણયને કારણે, દર વર્ષે લગભગ ૯૨ કરોડ ૭૧ લાખ રૂપિયાની વધારાનો બોજ રાજ્ય સરકાર પર પડશે.

#### સોલાપુર-પુણે-મુંબઈ હવાઈ માર્ગ માટે જોગવાઈ

કેબિનેટની બેઠકમાં સોલાપુર-પુણે-મુંબઈ હવાઈ માર્ગ માટે ઉડાન યોજનાની જેમ એક વર્ષ માટે પ્રતિ સીટ પ્રેક્ટિકલ ગેપ ફંડિંગ (વીજીએફ)ની જોગવાઈને મંજૂરી આપવામાં આવી.

કેન્દ્ર સરકારે સામાન્ય લોકો માટે હવાઈ મુસાફરીને સસ્તી બનાવવા માટે ઉડાન (પ્રાદેશિક કનેક્ટિવિટી યોજના) યોજના શરૂ કરી છે. આ યોજના સોલાપુર એરપોર્ટ માટે પણ લાગુ કરવામાં આવશે. આ યોજનાના અમલ સુધી, વર્ષ માટે પ્રતિ સીટ રૂ. ૩,૨૪૦ (૧૦૦ ટકા વીજીએફ)ના દરે વાયેબિલિટી ગેપ તરીકે ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આનાથી સોલાપુર-પુણે-મુંબઈ હવાઈ મુસાફરી ભાડું ઘટાડવામાં મદદ મળશે.

આ નિર્ણય મુજબ, આ વાયેબિલિટી ગેપ ફંડ સોલાપુર-મુંબઈ અને સોલાપુર-પુણે હવાઈ માર્ગો માટે સ્ટાર એર કંપનીને ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ માટે ૧૭,૯૭,૫૫,૨૦૦ રૂપિયાનો રાજ્યની તિજોરી પર બોજ પડશે.

આ એરપોર્ટ માટે ઉડાન યોજના લાગુ થયા પછી, સરકાર દ્વારા આપવામાં આવતું આ ભંડોળ બંધ કરવામાં આવશે અને કેન્દ્ર સરકારની ઉડાન યોજના મુજબ ૨૦ ટકા વાયેબિલિટી ગેપ (વીજીએફ) આપવામાં આવશે.

#### ત્રણ કોર્પોરેશનોની લોન યોજનાઓમાં ગેરંટી શરતોમાં છૂટછાટ

રાજ્ય કેબિનેટની બેઠકમાં મહાત્મા ફૂલે પછાત વર્ગ વિકાસ નિગમ, સંત રોહિદાસ ચામડા ઉદ્યોગ અને ચામડા કામદાર વિકાસ નિગમ અને સાહિત્ય રત્ન લોકશાહિર અન્ના ભાઉ સાઠે વિકાસ નિગમની વિવિધ યોજનાઓ હેઠળ લોન કેસોમાં ગેરંટી અંગેના નિયમો અને શરતોમાં સુધારાને મંજૂરી આપવામાં આવી હતી, તેમજ કોર્પોરેશનોને આપવામાં આવતી સરકારી ગેરંટીમાં પાંચ વર્ષનો વધારો કરવામાં આવ્યો હતો. આ નિર્ણયથી નાના ઉદ્યોગસાહસિકો માટે લોન લેવાની પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત બનશે અને પડતર કેસોના નિરાકરણને વેગ મળશે.

મહાત્મા ફૂલે પછાત વર્ગ વિકાસ નિગમ, સંત રોહિદાસ ચામડા ઉદ્યોગ અને ચામડા કામદાર વિકાસ નિગમ, સાહિત્ય રત્ન લોકશાહિર અન્નાભાઉ સાઠે વિકાસ નિગમ પોતાની અને રાષ્ટ્રીય નિગમની વિવિધ યોજનાઓ અમલમાં મૂકે છે.

આ યોજનામાં ટર્મ લોન યોજના, લોન યોજના અને બીજ મૂડી યોજનાનો સમાવેશ થાય છે. કોર્પોરેશન દ્વારા અમલમાં મુકવામાં આવેલી બે લાખ રૂપિયા સુધીની લોન યોજનાઓ માટે લાભાર્થીઓની મિલકત અથવા એક ગેરંટરની સ્થાવર મિલકતને બોજ કરવાની મંજૂરી આપવામાં આવી છે. અગાઉ, બે થી પાંચ લાખ રૂપિયા સુધીની લોન માટે, બે ગેરંટરની શરત હતી. હવે, તેના બદલે, એક ગેરંટર માટે જોગવાઈ કરવામાં આવી છે. એવી જોગવાઈ કરવામાં આવી છે કે આ ગેરંટર એવી વ્યક્તિ હોવી જોઈએ જેની પાસે સ્થાવર મિલકત અથવા જમીન હોય અથવા ખાનગી ક્ષેત્રમાં કર્મચારી હોય અથવા સરકારી, અર્ધ-સરકારી, સરકારી સહાયિત સંસ્થામાં કર્મચારી હોય. આ સાથે, લાભાર્થીઓ અને ગેરંટરોની સ્થાવર મિલકત બોજ કરવામાં આવશે. આ યોજનાઓના અમલ માટે, મહાત્મા ફૂલે પછાત વર્ગ વિકાસ નિગમને રૂ. ૬૦૦ કરોડ, સાહિત્ય રત્ન લોકશાહિર અન્નાભાઉ સાઠે વિકાસ નિગમને રૂ. ૧૦૦ કરોડ અને સંત રોહિદાસ લેધર ઇન્ડસ્ટ્રીઝ અને લેધર વર્કર્સ ડેવલપમેન્ટ નિગમને રૂ. ૫૦ કરોડની સરકારી ગેરંટી પાંચ વર્ષ માટે લંબાવવામાં આવી હતી. આનાથી બાકી રહેલા લોન કેસોનો ઉકેલ આવશે અને નવા લાભાર્થીઓને પણ લોન મળશે.

#### એકનાથ શિંદે, ભરત ગોગાવલેની ગેરહાજરી

કેબિનેટની બેઠકમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ગેરહાજર હોવાની ચર્ચા છે. જમ્મુ અને કાશ્મીરનો પ્રવાસ પૂર્ણ કર્યા બાદ તેઓ મંગળવારની બેઠકમાં હાજરી આપવાના હતા. જોકે, તેમના લાંબા રોકાણને કારણે તેઓ ગેરહાજર રહ્યા. ઉપરાંત, રાયગડ અને નાશિક જિલ્લાના પાલક પ્રધાનપદ અંગેની નારાજગીના પ્રત્યાઘાત હોવાનું માનવામાં આવે છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળના સામાન્ય વહીવટ ખાતા દ્વારા સ્વાતંત્ર્ય દિવસે વિવિધ જિલ્લા મુખ્યાલયોમાં ધ્વજ ફરકાવનારાની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી તેમાં ભરત ગોગાવલેને બદલે અદિતી તટકરેનું નામ આપવામાં આવ્યું હોવાથી તેઓ નારાજ હોવાનું કહેવાય છે અને તેથી જ તેમણે કેબિનેટની બેઠકમાં હાજરી આપી ન હોવાનું માનવામાં આવે છે.

### કોલાબામાં સુધરાઈની

કરવાની ચીમકી આપી છે. આ બંને સ્કૂલની બિલ્ડિંગ જર્જરીત થવાથી તેને ખાલી કરી દેવામાં આવી છે. સોમવારે કોલાબા મ્યુનિસિપલ સ્કૂલના વિદ્યાર્થીઓએ તેમના વાલી સાથે સ્કૂલ બંધ કરવા અને ઓનલાઈન શિક્ષણ આપવા સામે નારાજગી વ્યક્ત કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઓનલાઈન શિક્ષણ આપવા સામે નારાજગી વ્યક્ત કરતા એક વાલીએ કહ્યું હતું કે એક શાળામાં અમારા બે બાળક હોય અને અમારી પાસે એક સ્માર્ટફોન હોય તો બાળકો કેવી રીતે ભણશે ? કલાસનો સમય પણ માંડ એક કલાક પહેલા જાહેર કરવામાં આવે છે. બાળકોને અભ્યાસ કરવા માટે આપવામાં આવેલા ફોનનો તેઓ દુરુપયોગ કરે છે તો આખો દિવસ કામધંધો છોડીને તેમના પર ધ્યાન આપતા રહીએ?

કોલાબાની સ્કૂલ બંધ કરીને હવે વૈકલ્પિક વ્યવસ્થા રૂપે તેમને જીટી સ્કૂલમાં ખસેડવામાં આવી રહ્યા છે જયાં પરિસ્થિતી વધુ ખરાબ છે. તે બિલ્ડિંગ પણ જર્જરીત હોવાથી તેને પણ ગમે ત્યારે બંધ કરવામાં આવી એવી હાલ છે. સ્કૂલ બંધ થવાથી બાળકો પણ ભણવામાં રસ લેતા નથી. તેની માટે જવાબદાર કોણ એવી નારાજગી અન્ય વાલીએ વ્યક્ત કરી હતી. જો આગામી બે દિવસમાં પાલિકા આ સમસ્યાનું નિરાકરણ નહીં લાવે તો રસ્તા પર ઉતરવા સિવાય કોઈ ઉપાય રહેશે નહીં.

ભૂતપૂર્વ નગરસેવક મકરંદ નાર્વેકરે જણાવ્યું હતું કે કોલાબામાં એ.એમ. સાર્વત માર્ગ પરની સ્કૂલને બિલ્ડિંગ જર્જરીત જાહેર કરીને ગયા મહિને બંધ કરવામાં આવી હતી આ બિલ્ડિંગનું સમારકામ બે વર્ષ પહેલા કરવામાં આવ્યું હતું. આ બિલ્ડિંગ જર્જરીત નથી. નાના સમારકામથી કામ ચાલી શકે છેપણ સ્કૂલ બંધ કરીને વિદ્યાર્થીઓના ભવિષ્યને પાલિકાએ જોખમમાં મૂક્યું છે. જો પાલિકા બે દિવસમાં વૈકલ્પિક જગ્યા પૂરી નહીં પાડે તો વાલીઓ, વિદ્યાર્થીઓ પાલિકા મુખ્યાલય પર મોર્ચો લઈ જશે. પ્રશાસન ૧,૫૦૦ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત રમી રહ્યું છે. વિદ્યાર્થી માટે વૈકલ્પિક વ્યવસ્થા નહીં કરીને ઓનલાઈન કલાસ લેવામાં આવ્યા છે. સ્માર્ટફોનના અભાવે, નબળી કનેક્ટિવિટી અને સાંકડા ઘરને કારણે વિદ્યાર્થીઓ સ્કૂલ છોડી રહ્યા છે.

નાર્વેકરે મહારાષ્ટ્ર સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સને પત્ર લખીને આ બાબતમાં હસ્તક્ષેપ કરવાની માગણી કરી છે.

#### સુધરાઈની સ્કૂલમાં ‘સ્માર્ટ સ્કૂલ’

મુંબઈની ૨૧૭ મ્યુનિસિપલ સ્કૂલમાં નવી ટેક્નોલોજીને આધારે શીખવાની ક્ષમતા વધારવાના હેતુથી મહારાષ્ટ્ર રાજ્ય અને સંપર્ક ફાઉન્ડેશનના સમન્વયથી વિકસિત થયેલી ‘સ્માર્ટ સ્કૂલ-સ્માર્ટ બ્લોક’ ઉપક્રમનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ ઉપક્રમને કારણે પાલિકાની સ્કૂલમાં ભણતા ૧૮,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને ડિજિટલી સાક્ષર બનાવવામાં મદદ મળશે. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે. ૨૭૩ કલાસરૂમ સ્માર્ટ લર્નિંગ સ્પેસમાં ફેરવાશે અને ૪૩૪ શિક્ષકોને સંપર્કની નવી શિક્ષણ સામગ્રી અને શિક્ષણની તાલીમ આપવામાં આવશે. એ સાથે જ ચેમ્બુર, ભાંડુપ, દાદર, પરેલ, ભાયખલા, ઘાટકોપર, બોરીવલી, કુર્લા અને ગોરેગામ સહિતના વોર્ડમાં આવેલી સ્કૂલમાં ૧૫૯ સ્માર્ટ ટીવી પેનલ પણ પૂરી પાડવામાં આવશે.

### મલબાર હિલમાં

ડ્રાઇવર અક્ષય અવિનાશ સુર્વે (૪૬) બસ રોકીને નીચે ઊતર્યો ત્યારે નીતા શાહ ઘાયલ અવસ્થામાં મળી આવ્યાં હતાં. નીતા શાહને તાત્કાલિક સારવાર માટે જે.જે. હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યાં હતાં, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેમને મૃત જાહેર કર્યાં હતાં, એમ પોલીસે જણાવ્યું હતું.

આ અકસ્માત બાદ પોલીસે બસ ડ્રાઇવર અને સ્કોડા કાર જેણે નો-પાર્કિંગમાં પાર્ક કરી હતી તેની વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે નીતા શાહનો પુત્ર યુએસમાં છે અને તેમની પુત્રીનાં લગ્ન થઇ ચૂક્યાં છે, જે પતિ સાથે નજીકમાં જ રહે છે. નીતા શાહ અહીં એકલાં રહેતાં હતાં અને તેમની માટે કેરટેકર રાખવામાં આવી હતી.

### ભૂતપૂર્વ વિધાનસભ્ય

ફરિયાદો હોઈ શકે છે, પરંતુ તેનો અર્થ એ નથી કે કોઈ પણ જન પ્રતિનિધિ આવા અધિકારીઓ પાસે જશે અને તેના પર હિંસક હુમલો કરશે, અધિકારીને ડરાવશે અને તેના કામકાજમાં ખલેલ પહોંચાડશે,’ એમ પણ કોર્ટે કહ્યું હતું. ‘ફક્ત આરોપી વિધાનસભ્ય હોવાથી, તેને કોઈ જાહેર સેવકને ગુનાહિત રીતે ડરાવીને અથવા તેની ઓફિસમાં હુમલો કરીને રોકવાનું કોઈ લાઇસન્સ નથી,’ એમ પણ ન્યાયાધીશે જણાવ્યું હતું.

આ ઘટના ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ બની હતી, જ્યારે પ્રહાર જનશક્તિ પાર્ટીના સ્થાપક કડુએ મુંબઈમાં માહિતી અને ટેક્નોલોજી વિભાગના તત્કાલીન ડિરેક્ટર, આઈએએસ અધિકારી પ્રદીપ પી. ની ઓફિસની મુલાકાત લઈને કથિત રીતે ધમાલ કરી હતી.

### ભિવંડીમાં ભાજપના

મોરચાના ઉપાધ્યક્ષ પ્રફુલ્લ તાંગડી (૪૨) અને તેના પિતરાઈ ભાઈ તેજસ (૨૨)ની હત્યા કરવામાં આવી હતી.

તાંગડી તેની ખારબાવ-ચિંચોટી રોડ પરના ખર્ડી ગામમાં આવેલી ઑફિસમાં બે જણ સાથે ચર્ચા કરતો બેઠો હતો. અચાનક ચારથી પાંચ અજાણ્યા શખસ તલવાર અને ચોપર જેવા તીક્ષ્ણ હથિયાર સાથે ઑફિસમાં ઘૂસ્યા હતા. હુમલાખોરોએ પ્રફુલ્લ અને તેજસ પર શસ્ત્રોના ઘા ઝીંક્યા હતા.

લોહીલુહાણ હાલતમાં જમીન પર ફસડાઈ પડેલા બન્નેનાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયાં હતાં. હુમલા બાદ આરોપી વાહનમાં ફરાર થઈ ગયા હતા.

બનાવની જાણ થતાં ભિવંડી તાલુકા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. બન્નેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, એમ સિનિયર ઈન્સ્પેક્ટર હર્ષવર્ધન બર્વેએ જણાવ્યું હતું.

થાણે ગ્રામીણ પોલીસની ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ આરોપીઓની તપાસમાં લાગી હતી. આરોપીઓની ઓળખ મેળવવા માટે ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસવામાં આવી રહ્યાં છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

### દહીંહાંડીમાં

ઉપયોગ કરનાર ગોવિંદા મંડળોને કડક કાર્યવાહીની ચેતવણી આપી છે.

બોમ્બે હાઈ કોર્ટના આદેશ મુજબ ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને દહીંહાંડી દરમિયાન માનવ પિરામિડમાં ભાગ લેવાની મનાઈ છે. મહારાષ્ટ્ર સરકારે સ્પષ્ટ સૂચનાઓ જારી કરી છે કે રાજ્યમાં ક્યાંય પણ માનવ પિરામિડમાં બાળ ગોવિંદાઓનો ઉપયોગ કરવામાં ન આવે . જો કોઈ મંડળ આ નિયમનું ઉલ્લંઘન કરશે તો તેની સામે કેસ દાખલ કરવામાં આવશે અને કડક કાર્યવાહી કરવામાં આવશે. ગયા વર્ષે દહીં-હાંડી ઉત્સવ દરમિયાન ૨૪૫ ગોવિંદા ઘાયલ થયા હતા.

મહારાષ્ટ્ર સરકારના પ્રધાન અને થાણેમાં સૌથી મોટી દહીં હાંડી સ્પર્ધાના આયોજક પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું કે ૧૧ વર્ષના ગોવિંદાનું મૃત્યુ ખૂબ જ દુ:ખદ ઘટના છે. સંબંધિત મંડળે સલામતીના નિયમોનું પાલન કર્યું નહોતું, જેના કારણે મુંબઈ પોલીસે કેસ નોંધ્યો છે. બધા ગોવિંદા મંડળોએ હાઈ કોર્ટના નિયમોનું પાલન કરવું પડશે. માનવ પિરામિડમાં નાના બાળકોને સામેલ ન કરવા, બાળ ગોવિંદાઓની સલામતી જરૂરી છે.

### ફડણવીસે કબૂતરોના

ફડણવીસે કહ્યું હતું કે ઠીક છે. કોર્ટનો આદેશ ગમે તે હોય અમે તેનું પાલન કરીશું. અમે એ પણ પ્રયાસ કરીશું કે હવે કેટલાક લોકોની લાગણીઓ આ સાથે સુસંગત થાય તેથી જો મુંબઈના નિર્જન ભાગ. સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન અથવા આવા વિસ્તારોને વન વિભાગના નિયમોમાં સમાવીને આવી ખોરાકની વ્યવસ્થા પૂરી પાડી શકાય, તો અમે તેના પર પણ વિચાર કરી શકીએ છીએ, એમ ફડણવીસે કહ્યું હતું.

મુંબઈ હાઈ કોર્ટે કહ્યું હતું કે કબૂતરખાના બંધ કરવાનો નિર્ણય મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનો હતો અમે આવો આદેશ આપ્યો નથી. અમે ફક્ત મનપાના નિર્ણય પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બાડાના બકુલ ચાંપશી ગડા (ઉં.વ. ૫૮) તા. ૧૦-૮-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. નિર્મળાબેન ચાંપસીના પુત્ર. નીતાના જીવનસાથી. નિધિના પિતા. સમીર, જિજ્ઞાના ભાઈ. માતુશ્રી મણીબેન હીરજી મામણિયાના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં. કરશન લધુભાઈ નિસર હોલ-દાદર. ટા. ૨ થી ૩.૩૦.

રાયણના લીલાધર મેઘજી શાહ (ગડા) (ઉં.વ. ૭૪) તા. ૭-૮-૨૫નાં દેવલોક પામ્યા છે. પાનબાઇ મેઘજીના સુપુત્ર. મંજુલાના પતિ. અલ્કા, પ્રીતી, નિરાલી પિતા. લાખાપુરના ઉમરબાઇ પ્રેમજી મારૂના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મંજુલા લીલાધર શાહ, મોટી રાયણ, માંડવી-કચ્છ. પીન-૩૭૦૪૬૫.

ડુમરાના ધનવંતી ધનજી કારાણી (ઉં.વ. ૮૩) તા. ૧૦-૮-૨૫ના અવસાન પામેલ છે. કેસરબેન હીરજી કારાણીના પુત્રવધૂ. ધનજીભાઇના ધર્મપત્ની. વિઢના કસ્તુરબેન પ્રેમજી માવજીના પુત્રી. ટોકરશી, ચુનીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અશ્વિન નાગડા, ૬૦૧, સિધ્ધ દર્શન, હીંગવાલા લેન, ઘાટકોપર (ઇસ્ટ).

બિદડાના ભાનુબેન મગનલાલ ગંગર (ઉં.વ. ૮૭) તા. ૯-૮-૨૫, શનિવારના મુંબઈ મધ્યે અવસાન પામ્યા છે. માંકબાઈ વિરજીના પુત્રવધૂ. સ્વ. મગનલાલ વિરજીના ધર્મપત્ની. નાંગલપુરના લક્ષ્મીબેન કુંવરજી ફુરીયાના સુપુત્રી. કિરણભાઈ અને રશ્મીકાંતના માતૃશ્રી. નાના આસંબીયાના લીલાવતી ખેરાજ છેડા તથા ગુંદાલાના વર્ષા (જયોતી) ચુનીલાલ રાંભીયા, નાંગલપુરના વાડીલાલ અને ચંદ્રકાંતના બહેન. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. રશ્મીકાંત ગંગર, સી-૨-૧૫૦૩, લોક એવરેસ્ટ કોમ્પલેક્સ, જે.એસ.ડી. રોડ, મુલુંડ (પશ્ચિમ).

નવીનાળના પ્રીતિબેન (અરવિંદાબેન) પ્રવીણભાઈ વોરા (ઉં.વ. ૭૨) તા. ૧૦-૮-૨૫ના અવસાન પામેલ છે. ભારતીબેન આણંદજીના પુત્રવધૂ. પ્રવીણભાઈના પત્ની. દેવકાબેન ગગુભાઈના પુત્રી. અજય, રિન્કીના માતા. દિલીપ, લતાના બેન. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લઘુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

મેરાઉના દમયંતીબેન કરમશી ફુરિયા (ઉં.વ. ૧૦૧) ૧૧-૮-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. જેઠીબાઈ ભાણજીના પુત્રવધૂ. જેઠાલાલ, ધીરજલાલ, પ્રવિણચંદ્ર, નવિન, હિરાવંતી, હસુમતી, ભારતીના માતુશ્રી. બાડાના વેલબાઈ જીવરાજ આસગ ગાલાના સુપુત્રી. દેવકાબેન દામજી, લીલાવંતી જેઠાલાલ, સ્વ. પ્રેમજી, સ્વ. પુનશી, ગોધરાના રતનબેન આણંદજી, ભીંસરા ચંચલબેન ધનજી, મેરાઉ પાનબાઈ માવજી, ચુનડી પ્રભાબેન રાઘવજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ધીરજ ફુરીયા : ૫૦૨, પ્રેમ આંગન, અશોક નગર લેન, શિવાજી નગર રોડ, વાકોલા બ્રીજ, સાંતાક્રુઝ (ઈ).

લાખાપરના પ્રફુલ્લ મગનલાલ સંગોઇ (ઉં.વ. ૬૪) ૧૧-૮-૨૫ના અવસાન પામેલ છે. જવેરબેન મગનલાલના પુત્ર. રશ્મીના પતિ. પ્રાચી વિધિ, કુનાલના પપ્પા. કાંતિ, ઉર્મિલા, અરુણ, કપાયા ખંતીલા કેશવજી, કાંડાગરા જયશ્રી જયંતના ભાઈ. હંસાબેન ભવાનજી, હર્ષાબેન ચંદ્રકાન્તના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. કરસન લઘુ નીસર હોલ, દાદર (વે), ટા. ૧૦.૩૦ થી ૧૨.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

હાલ દહીંસર, સ્વ. દમયંતીબેન રસિકલાલ શેઠના સુપુત્ર ચી. નીતિન (ઉં.વ. ૬૬) તે રીટાબેનના પતિ. હિરેન તથા સાગરના પિતા. કિંજલ અને જિયાના સસરા. ઉદય અને અંજના અશોક પાલેજાના ભાઈ. સ્વ. પાનાચંદ છબીલદાસ પટેલના જમાઈ. સોમવાર, તા. ૧૧-૮-૨૫ના અરિહંતશરણ થયેલ છે. તેમની સ્મશાનયાત્રા બુધવારે ૧૩-૮-૨૫ના સવારે ૯.૦૦ વાગ્યે નિવાસસ્થાન ૧૦૫, આરાધના, હેપ્પી હોમ સોસાયટી, જયવંત સાવંત માર્ગ, દહિસર વેસ્ટથી નીકળશે. લૌકીક વ્યવહાર બંધ છે.

**ખેડા જૈન**

ખેડા નિવાસી હાલ દહિસર, શ્રીમતિ શીલાબેન ઉપેન્દ્રભાઈ શેઠ (ઉં.વ. ૭૩) ઉપેન્દ્રભાઈ કાંતિલાલ શેઠના ધર્મપત્ની. ભરતભાઈ રમણીકલાલ શાહના મોટાબેન, તા. ૧૧/૮/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ મુંબઈ, હીનાબેન (ઉં.વ. ૬૪) તે વિરેનભાઈ દેસાઈના ધર્મપત્ની. શમીકા, સાંજલીના માતુશ્રી. સ્વ. શારદાબેન દેસાઈ, સ્વ. રમણીકભાઈ દેસાઈના પુત્રવધૂ. કુંદનબેન દોશી, સ્વ. આશાબેનના ભાભી. ગઢાળી નિવાસી સ્વ. રેખાબેન અનોપચંદ બોટાદરાના સુપુત્રી. મનોજ બોટાદરા, અમીષા દેસાઈ, હેમા પરીખના મોટાબેન તા. ૧૦-૮-૨૫ના અરિહંતશરણં થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૫ને ગુરૂવારના ૫ થી ૭. હોલ ઓફ કલચર, નહેરુ સેન્ટર, વરલી.

**પાટણ દશા પોરવાળ જૈન**

સ્વ. સેવંતીભાઈ જેશંગલાલ શાહ (ઉં. વ. ૯૧) ફોફલીયા વાડો, વખતજીની શેરી, પાટણ હાલ મુંબઈ, સોમવાર, તા. ૧૧-૮-૨૫ના અવસાન પામેલ છે. તે સ્વ. ચંપાબેનના સુપુત્ર. સ્વ. સરોજબેનના પતિ. પરાગ, આરતીના પિતાશ્રી. કેતકીબેન તથા શરદભાઈના સસરા. ઋષભના દાદા. પુજાના નાના. તે સ્વ. મંગળાબેન અનંતરાયના જમાઈ. રે.ઠે.: જેઠાભાઈ બિલ્ડીંગ, બામનજી પીટીટ રોડ, પારસી જન. હોસ્પીટલ રોડ, મુંબઈ-૪૦૦૦૩૬. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ આધોઈ હાલે કાલીના પરાગ શીવજી ભારમલ વધાણ (ઉં. વ. ૪૪) તા. ૯-૮-૨૫ના શનિવારે અવસાન પામેલ છે. સ્વ. લક્ષ્મીબેન શીવજીના સુપુત્ર. જયેશ, જીતેન્દ્ર, દિનેશ, મહેશના ભાઈ. રસીલા, અલ્પા, કિંજલ, હેમલના દિયર. ધ્રુવ, પ્રથમ, રિષભ, દેવ, ઈવા, ફલક, મિહીકાના કાકા. સ્વ. ધનીબેન નેણશી ગાલાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ઠે. એ/૨૫, પ્રેમનિવાસ, મથુરાદાસ કોલોની, કાલીના, સાંતાક્રુઝ-ઈસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

રાજપરા (તણસા) નિવાસી હાલ મુલુંડ સ્વ. મંગળાબેન પ્રભુદાસ વોરાના સુપુત્ર જયેશભાઇ (ઉં. વ. ૫૯) સોમવાર, તા. ૧૧-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે છાયાબેનના પતિ. સાક્ષી તથા હર્ષિતના પિતાશ્રી. દિનેશભાઇ, રાજેશભાઇ તથા હર્ષાબેન પ્રફુલકુમારના ભાઇ. સ્વસુરપક્ષે કાંતિલાલ નંદલાલ શાહ દિહોરવાળાના જમાઇ. તે જીતેન્દ્રભાઇ, ચંદ્રેશભાઇ તથા ભાવીશા હિતેશકુમારના બનેવી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ વાસણ (હાલ જોગેશ્વરી) મહેશભાઈ (ઉં.વ. ૬૧) તા. ૯-૮-૨૫ના શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જશુબેન કરસનદાસના પુત્ર. તે ભાવના (અનિતા)ના પતિ. આશિષ, કામેશના પિતા. કેતન, નયનાના મોટા ભાઈ. દક્ષાના જેઠ. પુજાના સસરા. તેમનું બેસણું શુક્રવાર, તા. ૧૫-૮-૨૫ના બપોરે ૨ થી ૪ બંને પક્ષનું સાથે રાખેલ છે. ઠે.: રૂમ નં. ૧, રામલોચન યાદવ ચાલ, પ્રતાપ નગર, જોગેશ્વરી (ઈસ્ટ). પુષ્પાણીની ક્રિયા તા. ૨૦-૮-૨૫ને બુધવારે ૩ થી ૪ ઘરે રાખેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**કપોળ**

રાજુલાવાળા, સ્વ. કાંતીલાલ ઓધવજી શેઠનાં ધર્મપત્ની ગં. સ્વ. શારદાબેન (ઉં.વ. ૯૦) તે દિપક, ચેતન, જયંત, દિલીપનાં માતુશ્રી. શિલ્પા, ભામિની, પ્રતિભા, શિવાનીનાં સાસુ. વિઠ્ઠલદાસ ઓધવજી શેઠ, હીરાલક્ષ્મી મનસુખલાલ પારેખ તથા નિર્મળાબેન પ્રતાપરાઈ કાણકીયાનાં ભાભી. પિયરપક્ષે મહુવાવાળા અનંતરાઈ બાલુભાઈ બુસાની દિકરી સોમવાર, તા. ૧૧-૮-૨૫નાં શ્રીજીચરણ પામ્યા છે. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**લુહાર સુતાર**

સાવરકુંડલાવાળા હાલ મીરા રોડ, સ્વ. વલ્લભદાસ છગનલાલ હરસોરા (ઉં.વ. ૮૩) તે સ્વ. વિમળાબેનના પતિ. પ્રીતિ જિતેન્દ્ર ચોકસીના પિતાશ્રી. સ્વ. રમણીકભાઇ, અમુભાઈના મોટાભાઈ. સ્વ. જીવનભાઈ ત્રિકમભાઈ મકવાણાના જમાઈ. કરણ, યશના નાના. ગુરુવાર, તા. ૭ ઓગસ્ટ ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ધનશ્યામ નિરંજન મર્થક (ઉં.વ. ૪૯) તા. ૧૦-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ગં. સ્વ. તરુલત્તા નિરંજન માધવજી મર્થકના પુત્ર. ધનલક્ષ્મી, ચેતન, ઉમેશના ભાઈ. દ્વેરીષ ઘનશ્યામ મર્થકના પતિ. કૃષ્ણા, કુંજના પિતા. રાજેશકુમાર સિંધવડના સાળા. વલ્લભદ્રાસ જગજીવનદ્રાસ કાટબામણાના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ૭ આદમટાંગાવાલ ચાલ, ચિંચોલી બંદર રોડ, ઇન્ફન્ટ જીસસ સ્કૂલની પાછળ, મલાડ વેસ્ટ.

**ઘોઘારી મોઢ વણિક**

અ. સૌ. વીણાબેન દોશી (ઉં.વ. ૬૮) તે કિશોરભાઈ હીરાલાલ દોશીના ધર્મપત્ની. હસમુખભાઈ, અરવિંદભાઈ, આશાબેન વિજયભાઈ પરીખના બેન. દેવેશ, મિતેષના માતુશ્રી. મમતા, હેતલના સાસુ. ભવ્યમ, શનાયા, આયશાના દાદી, તા. ૧૦-૮-૨૫ના રવિવાર શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૫ ગુરુવારના ૫ થી ૭. શ્રી લુહાર સુતાર જ્ઞાતિ હિતેચ્છક મંડળ, કાર્ટર રોડ નં. ૩, દત્તપાડા મેઇન રોડ, અંબાજીમંદિર પાસે, બોરીવલી પૂર્વ.

**દશા લાડ વણિક**

હાલ કાંદિવલી, વિલાસ હસમુખલાલ ડાંગરવાલા (ઉં.વ. ૭૪) તે સ્વ. ઉર્મિલાબેન ડાંગરવાલાના પતિ. ચિરાગ અને સ્નેહાના પિતા. ખ્યાતિ ડાંગરવાલા તથા સુરેશ નીલકંઠનના સસરા. ક્રિષાંગી અને ચૈતન્યના દાદા, તા. ૯-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૫ના ૫ થી ૭. હોલ નં. ૪, ઠક્કર ભાટિયા, ક્રોસ રોડ નં ૧, બીજે માળે, જેઠવા નગર, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી મોઢ વણિક**

અમરેલી નિવાસી હાલ બોરીવલી, સ્વ. લલીતાબેન અમૃતલાલ પારેખના પુત્રવધૂ અ.સૌ. નેહા (વિશાખા) રાજુ પારેખ (ઉં.વ. ૬૮) તા. ૧૧-૮-૨૫ના સોમવાર શ્રીજીચરણ પામેલ છે. ચી. હરેન, ચી. નવીન, ચી. ભૂપત, સ્વ. પ્રવિણાબેન, પન્નાબેન, લીલીબેનના ભાભી. નિકિતા, રિદ્ધિના માતુશ્રી. વિરલ, કશ્યપના સાસુ. સ્વ. મુક્તાબેન ચીમનલાલ પારેખના સુપુત્રી. દેવસ્મિતા, નિહારિકા, રેખા, વિરાજ, જીતપ્રજ્ઞા પલ્લવીના બેન. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૫ ગુરુવારના ૫ થી ૭. શ્રી ગિરધારીલાલ મુન્સીલાલ જૈન સભાગૃહ, ન્યૂ શાંતિસાગર, ૧લે માળે, ચામુંડા સર્કલની બાજુમાં, શ્રી આચાર્ય શાંતિસાગર ચોક્ની પાસે, એસ.વી.પી. રોડ, બોરીવલી વેસ્ટ.

**લુહાર સુથાર**

ગામ રાજકોટ (કાલાવડ) હાલ મુંબઇ સ્વ. જ્યોતિન્દ્રભાઇ પરસોત્તમભાઇ ડોડિયા (ઉં. વ. ૭૬) તા. ૧૦-૮-૨૫ના રામચરણ પામેલ છે. તે સરલાબેનના પતિ. સ્વ. લીલીબેન ઇન્દુલાલ મકવાણા તથા ચીમનલાલના નાનાભાઇ. તે મિનળ અનિલ કવા, ભાવિક તથા ધવલના પિતાશ્રી. ડેનિશા (હીના) તથા સ્વ. અ. સૌ. દિવ્યાના સસરા. તારક, પ્રિયેશના દાદા. સ્વ. રસિકભાઇ ખીમજીભાઇ મકવાણા પાંચતલાવડાવાળાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. માધવબાગ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, શ્રી લક્ષ્મી નારાયણ મંદિર, માધવબાગ, સી. પી. ટેન્ક, મુંબઇ-૪.

**લુહાર સુતાર**

ગામ લુવારીયાવાળા હાલ મુંબઇ સ્વ. કેશવજીભાઇ દેવજીભાઇ હરસોરાના ધર્મપત્ની ગં. સ્વ. સવિતાબેન હરસોરા (ઉં. વ. ૯૦) સોમવાર, તા. ૧૧-૮-૨૫ના રામચરણ પામ્યા છે. સ્વ. મનુભાઇ, સ્વ. મંછાબેન નાનજીભાઇ પરમારના માતુશ્રી. સ્વ. ઇન્દુબેન મનુભાઇ હરસોરાના સાસુ. ધર્મેશ, અવનીશ, નીતાબહેન ગુણવંતકુમાર કવા તથા દીનાબેન વિરલકુમાર વાઘેલાના દાદીમા. મિતલબેન તથા પારૂલબેનના દાદીસાસુ. ગામ વિછીંયાવાળા હાલ મુંબઇ સ્વ. ઝવેરભાઇ ગંગદાસ ડોડિયાના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૫ ગુરુવારના સાંજે ૫થી ૭. ઠે. લુહાર સુથાર જ્ઞાતિ હિતેચ્છક મંડળ, વેલફેર સેન્ટર, કાર્ટર રોડ નં.૩, દત્તપાડા રોડ, બોરીવલી (ઇસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

મોરચંદ નિવાસી હાલ ઘાટકોપર કંચનબેન જાદવજી મહેતાના પુત્રવધૂ નરેશભાઇ જાદવજીના પત્ની ભારતીબેન (ઉં. વ. ૭૫) તે પ્રિતી જતીનભાઇ વોરા, કુંજલ હિતેનભાઇ કામદાર, ભાવિશાના માતુશ્રી. દિલ્હી નિવાસી લીલાવતીબેન ગુલાબચંદ ઘેલાણીની દીકરી. દિનેશભાઇ વિજયભાઇના બહેન તા. ૧૦-૮-૨૫ રવિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તેમ જ સાદડીની પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ અંજાર હાલ ઘાટકોપર સ્વ. ભાનુબેન જમનાદાસ નારાયણજી મોરારજી રાણાના પુત્ર શૈલેષ (ઉં. વ. ૬૪) તા. ૧૧-૮-૨૫ને સોમવારે શ્રીજીચરણ પામેલ છે. સ્વ. ડાઇબેન વિઠ્ઠલદાસ કતીરાના દોહિત્રા. ગામ મંગવાણાના હાલ ઘાટકોપર, તે મુકેશ, સ્મિતાના ભાઇ. પુષ્પાબેન મનીષ, સ્વ. વિમળાબેન, સ્વ. વીણાબેન, સ્વ. રેણુકાબેન, સ્વ. પ્રકાશના ભાણેજ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**પાવરાઈ ભાટિયા**

ગામ બીબર કચ્છ હાલ મુંબઈ, સ્વ. લીલાવતી રામદાસ ગોકુલગાંધીના પુત્ર પ્રવિણકુમાર ગોકુલગાંધી (ઉં. વ. ૭૯) તા. ૧૧-૮-૨૫, સોમવારના રોજ શ્રીજીનાચરણ પામેલ છે. તે પ્રવિણાબેનના પતિ. અ.સૌ. બિંદુ દિનેશ ધમાણી, રાજા તથા રવિના પિતા. દિનેશ ધમાણી, અ.સૌ. રાધિકા તથા અ.સૌ. મમતાના સસરા. સની, દિનેશના નાના. તે સોહમ, યશ, રિયા તથા રોનીના દાદા. પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૫, ગુરુવારના સાં. ૫ થી ૭, એમપીએચ, ગોદરેજ ટ્રીસ, વિક્રોલી ૭૯.

**હાલાઈ લોહાણા**

વાસજલિયા નિવાસી હાલ કાંદીવલી, હિંમતલાલ ગોવિંદજી લાખાણી (ઉં. વ. ૮૭) તે સ્વ. ગોવિંદજી અને શાંતાબેનના સુપુત્ર. સ્વ. જગજીવન અને સ્વ. સરસ્વતી કક્કડના જમાઈ. સ્વ. પાર્વતીબેનના પતિ. સ્વ. ધીરજલાલ, મનહરલાલ તથા તારાબેનના ભાઈ. અનીશ અને મનીષાના પિતા. સ્વ. પરાગ રાયચુરા, રાધિકા રાધિકા અને પાયલના સસરાનું તા. ૧૧-૮-૨૫ના અવસાન થયું છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

જમશેદ ફ્રામરોઝ મહેતા તે ઝરીનના ધની. તે મરહુમો દીના ને ફરામરોઝ મહેતાના દીકરા. તે પરવેઝ ને મરહુમ નતાશાના પપા. તે તેહમીના ભાઇ. તે દીલશાદના મામા. તે મરહુમો શેહરુ દારબ બોધાનવાલાના જમાઇ. (ઉં. વ. ૮૨) રે. ઠે. ૨૪, ફેરૂના બિલ્ડિંગ, સરદેસાઇ ચૌક, કોલાબા બજાર, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૩-૮-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે, હોડીવાલા બંગલીમાં છેજી.

કેપટન પેસ્તનજી અરદેશીર ભુજવાલા તે પરવીનના ધની. તે મરહુમો ડોસીબઇ અરદેશીર ભુજવાલાના દીકરા. તે જેહાન ને પ્રયાના પપ્પા. તે કેટી ને કેરસીના સસરા. તે ખુશી ને મરહુમ હોમીના ભાઇ. તે કૈઇ ને એલ્લાના બપાવા. (ઉં.વ.૮૨) રે. ઠે. નાદીરશા દીનશા બિલ્ડિંગ નં.૪, બાબુલનાથ રોડ, સેન્ટ્રલ બેન્કની સામે, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૩-૮-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની ઓલબલેસ બંગલીમાં ડુંગરવાડી.

ઓસતી બખતાવર હોમી પંથકી તે હોમીના ધનીયાની. તે મરહુમો ગુલબઇ બેહરામ વાદીયાના દીકરી. તે કેઝાદના માતાજી. તે રુપાના સાસુજી. તે મરહુમ જાલુના બહેન. તે આતશ ને ફાગના બપઇજી. (ઉં. વ.૭૩) રે. ઠે. જંબો દર્શન, બી-૧/૫, ભોયતળિયે કોલડોંગરી રોડ નં-૨, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૪-૮-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, અંધેરી સાલસેથ અગિયારીમાં.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ડોમ્બિવલી સ્ટેશનના પ્લેટફોર્મ નં.૪ પર છેલ્લાં ચાર વર્ષથી પંખો કે ઈન્ડિકેટર નથી

ડોમ્બિવલીઃ ડોમ્બિવલી રેલવે સ્ટેશન જે સૌથી વધુ પ્રવાસીઓથી ધમધમતું રહે છે, ત્યાં પ્લેટફોર્મ નંબર ચાર પર કલ્યાણ તરફ છેલ્લાં ચાર વર્ષથી પંખા અને ઇન્ડિકેટર (સૂચક) ન હોવાને કારણે મુસાફરોમાં નારાજગી જોવા મળી રહી છે. રેલવે પ્રવાસી સંગઠનો અને મુસાફરોએ સમયાંતરે વરિષ્ઠ રેલવે અને સ્થાનિક અધિકારીઓને આ અસુવિધા અંગે ફરિયાદ કરી છે, પરંતુ તેના પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી.

પંદર અને બાર ડબ્બાની લોકલ ટ્રેન ઊભી રહે તે માટે મધ્ય રેલવેના તમામ રેલવે સ્ટેશનો પરના પ્લેટફોર્મનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. આ વિસ્તરણ દરમિયાન ડોંબિવલી રેલવે સ્ટેશનના તમામ પ્લેટફોર્મનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. કલ્યાણ બાજુના પ્લેટફોર્મનું વિસ્તરણ કરવામાં આવ્યા બાદ આ વિસ્તૃત ભાગમાં ૧૨ અને ૧૫ ડબ્બાવાળી લોકલ ટ્રેનો ઊભી રહેવા લાગી છે. પ્લેટફોર્મના આ વિસ્તૃત ભાગમાં છેલ્લા ચાર વર્ષથી પંખા અને ઈન્ડિકેટર નથી, જેના કારણે મુસાફરોને અસુવિધાનો સામનો કરવો પડે છે. પ્લેટફોર્મ નંબર ચાર પર દિવા બાજુ તરફ ઇન્ડિકેટર અને પંખા છે. કલ્યાણ બાજુ તરફના વિસ્તૃત વિસ્તારમાં આ સુવિધા આપવામાં આવી નથી. તેથી રેલવે પ્રશાસને વિસ્તૃત પ્લેટફોર્મના ભાગ પર પંખા અને ઇન્ડિકેટર લગાવવા માટે પહેલ કરવી જોઈએ, એવી મુસાફરો દ્વારા માગ કરવામાં આવી રહી છે. ■

## મરાઠી અને હિન્દી વિવાદ

# પંઢરપુરના વિઠ્ઠલ મંદિરમાં હિન્દીમાં પૂજા કરવા સામે વાંધો ઉઠાવ્યો

મુંબઈ : ભગવાન પણ હવે ભાષા વિવાદથી બચી શક્યા નથી. મહારાષ્ટ્રમાં ભાષા વિવાદ હવે મંદિરો સુધી પહોંચી ગયો છે. મહારાષ્ટ્રના સોલાપુરમાં ભાષાને લઈને એક નવો વિવાદ ઉભો થયો છે. આ મામલો પંઢરપુરના વિઠ્ઠલ મંદિર સાથે જોડાયેલો છે. એવો આરોપ છે કે મંદિરમાં ૩૦-૩૫ મરાઠી પરિવારો હાજર હતા છતાં એક પરિવાર માટે હિન્દીમાં પૂજા કરાવવામાં આવી હતી. રાહુલ સાતપુતે નામના વ્યક્તિએ આ અંગે ટ્વિટ કરીને મંદિર સમિતિને ફરિયાદ કરી હતી. મંદિર સમિતિના કાર્યકારી અધિકારી રાજેન્દ્ર શેળકેએ તપાસ અને યોગ્ય કાર્યવાહીનું આશ્વાસન આપ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે હવેથી મંદિરમાં પૂજા ફક્ત મરાઠીમાં જ થશે.

રાહુલ સાતપુતેએ આરોપ લગાવ્યો છે કે પંઢરપુરના વિઠ્ઠલ મંદિરમાં તુલસી અર્ચન પૂજાનું આયોજન કરવામાં આવે છે. તેમણે કહ્યું કે મંદિરમાં તેમનો અનુભવ સારો નહોતો. રાહુલ સાતપુતેએ કહ્યું કે તેમના પરિવારે આ પૂજામાં ભાગ લીધો હતો અને પૂજા હિન્દીમાં કરાવવામાં આવી હતી. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે શું મહારાષ્ટ્રના મુખ્ય દેવતાના દરબારમાં પણ હિન્દી ફરજિયાત બની ગઈ છે?

તુકારામ ભવનમાં પૂજા માટે લગભગ ૩૦-૩૫ પરિવારો ભેગા થયા હતા. એક ગુરુજી મંચ પરથી સૂચનાઓ દ્વારા પૂજા કરાવી રહ્યા હતા. શરૂઆતમાં, તેમણે મરાઠીમાં સૂચનાઓ આપી પછી ૩૦-૩૫ પરિવારોમાંથી એકે કહ્યું કે તેઓ મરાઠી સમજી શકતા નથી, તેથી પૂજા હિન્દીમાં કરાવવામાં આવે. રાહુલના કહેવા મુજબ, ગુરુજી તરત જ સ્મિત સાથે સંમત થયા અને પૂજા હિન્દીમાં શરુ કરી.

### મંદિર સમિતિએ શું કહ્યું?

આ ઘટના બાદ મંદિર સમિતિ એક્શનમાં આવી ગઈ છે. તેમણે આ મામલાની તપાસ કરવાની અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ટાળવાની ખાતરી આપી છે. મંદિર સમિતિનું કહેવું છે કે તેઓ ખાતરી કરશે કે મંદિરમાં બધી ધાર્મિક અનુષ્ઠાન અને પૂજા ફક્ત મરાઠી ભાષામાં જ થાય. ■

## મહારાષ્ટ્રમાં ફડણવીસ અને અજિત પવાર જૂથ ધ્વજ ફરકાવશે

# શિવસેનાનું નામ નહીં, એકનાથ શિંદેને આંચકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દેશના ૭૯મા સ્વતંત્રતા દિને રાજ્યની મહાયુતિમાં સત્તા સંઘર્ષ હોવાનું જોવા મળ્યું હતું. સોમવારે જારી કરાયેલા આદેશ મુજબ, એનસીપીના અદિતિ તટકરે રાયગડ જિલ્લામાં અને ભાજપના ગિરીશ મહાજન નાશિકમાં ધ્વજ ફરકાવશે. આ બાબત શિંદે સેના માટે મોટો આંચકો માનવામાં આવી રહ્યો છે. એવું માનવામાં આવે છે કે પાલક પ્રધાનપદ માટે ચાલી રહેલા સંઘર્ષમાં શિંદે જૂથને અપેક્ષિત સફળતા મળી નથી.

મહાયુતિમાં પાલક પ્રધાનપદ માટે શીતયુદ્ધ ફરી એકવાર સામે આવ્યું છે. રાયગડનું પાલક પ્રધાનપદ મેળવવા માટે સંઘર્ષ કરી રહેલા શિંદે જૂથના પ્રધાન ભરત ગોગાવલેને સ્વતંત્રતા દિવસે ધ્વજ ફરકાવવાની તક મળી નથી. આના કારણે શિંદે જૂથના વિધાનસભ્યોમાં ભારે નારાજગી ફેલાઈ છે. શિંદેએ તાજેતરમાં દિલ્હીની મુલાકાત દ્વારા રાજકીય દબાણ બનાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મુખ્ય પ્રધાનના નેતૃત્વ હેઠળના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જાહેર કરાયેલી ધ્વજ ફરકાવવાની યાદીએ શિંદે જૂથને મોટો ફટકો આપ્યો છે.

સામાન્ય રીતે મુખ્ય પ્રધાન રાજધાનીમાં ધ્વજ ફરકાવતા હોય છે અને રાજ્યના પાલક પ્રધાનો જે-તે જિલ્લાના મુખ્યાલયમાં ધ્વજ ફરકાવતા હોય છે. રાજકીય નેતાઓ માટે આ મોટું સન્માનનું કામ હોય છે.

ધ્વજ ફરકાવવાના કાર્યક્રમમાં ભાજપ, શિંદે સેના અને અજિત પવાર જૂથના એક-એક કેબિનેટ પ્રધાનને કોઈપણ જિલ્લાનો ધ્વજ ફરકાવવાની તક મળી ન હતી. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ ભાજપના કેબિનેટ પ્રધાન મંગલ પ્રભાત લોઢા, અજિત પવાર જૂથના બાબાસાહેબ પાટીલ અને શિંદે જૂથના ભરત ગોગાવલેના નામ યાદીમાં નથી.

આ સાથે, મહાયુતિમાં સામેલ ત્રણેય પક્ષોમાંથી એક-એક રાજ્યકક્ષાના પ્રધાનને પણ આ તક મળી નથી. તેમાં ભાજપના માધુરી મિસાળ, શિંદે જૂથના યોગેશ કદમ અને અજિત પવાર જૂથના ઇન્દ્રનીલ નાઈકનો સમાવેશ થાય છે. આ નિર્ણયથી રાજકીય વર્તુળોમાં ભાતભાતની ચર્ચા ચાલી રહી છે.

યાદી મુજબ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ મુંબઈમાં મંત્રાલય ખાતે ધ્વજવંદન કરશે, જ્યારે રાજ્યપાલ પુણેમાં હાજર રહેશે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને તેમના થાણે જિલ્લામાં ધ્વજવંદન કરવાની તક મળી છે, જ્યારે અજિત પવાર બીડમાં ત્રિરંગો ફરકાવશે. ■







## સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી

# રાજ્ય સરકાર ૭૫ હજાર ઈવીએમ મેળવશે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં રાજ્ય ચૂંટણી પંચે ૫૦ હજાર ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઇવીએમ) ખરીદવાનો આદેશ આપ્યો છે અને વધારાના ૨૫ હજાર ઈવીએમ ભાડે લેવા માટે મધ્ય પ્રદેશ રાજ્ય ચૂંટણી પંચ સાથે સમજૂતી પત્ર (એમઓયુ - મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) પર હસ્તાક્ષર કર્યા છે. આ ઈવીએમ આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી દરમિયાન ઉપયોગમાં લેવામાં આવશે.

રાજ્ય ચૂંટણી પંચ (એસઈસી) દિવાળી પછી સમગ્ર મહારાષ્ટ્રમાં ૬૮૭ ગ્રામીણ અને શહેરી સ્થાનિક એકમની ચૂંટણી ત્રણ તબક્કામાં યોજવાનું વિચારી રહી છે અને એસઈસીના અધિકારીઓના અંદાજ મુજબ એને માટે આશરે દોઢ લાખ ઈવીએમની જરૂર પડશે.

ઇલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (ઈસીઆઈએલ)ના ૫૦ હજાર ઇવીએમ પૂર્ણ રીતે સજ્જ છે. આ યુનિટની કિંમત મેમરી મોડ્યુલ અને બેટરી સહિત યુનિટ દીઠ ૨૦ હજાર રૂપિયા હશે. ઓક્ટોબર સુધીમાં તેની ડિલિવરી થવાની સંભાવના છે. મધ્યપ્રદેશ એસઇસી પાસેથી મેળવવામાં આવનારા ૨૫ હજાર ઇવીએમનું ભાડું યુનિટ દીઠ ₹૧,૦૦૦ હશે. એસઈસીની યોજના મુજબ રાજ્યમાં દિવાળી બાદ ત્રણ તબક્કામાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. જિલ્લા પરિષદો અને પંચાયત સમિતિઓમાં પ્રથમ તબક્કામાં, સંભવતઃ નવેમ્બરમાં મતદાન થશે, ત્યારબાદ બીજા તબક્કામાં મ્યુનિસિપલ કાઉન્સિલો અને નગર પંચાયતોમાં ડિસેમ્બરમાં મતદાન થવાની સંભાવના છે. ■

# ત્રીજા ધોરણના વિદ્યાર્થીએ સ્કૂલના ટોઈલેટમાં આઠ વર્ષની વિદ્યાર્થિની સાથે આચર્યું દુષ્કર્મ

યવતમાળઃ યવતમાળ જિલ્લામાં ત્રીજા ધોરણના નવ વર્ષના વિદ્યાર્થીએ તેના જ ક્લાસમાં ભણતી આઠ વર્ષની વિદ્યાર્થિની સાથે સ્કૂલના ટોઇલેટમાં દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના પ્રકાશમાં આવતાં વાલીઓમાં ડર ફેલાઇ ગયો હતો. વિદ્યાર્થી તથા તેને ગુનામાં મદદ કરનારી નવ વર્ષની વિદ્યાર્થિનીને તાબામાં લીધા બાદ તેમને બાળસુધારગૃહમાં મોકલી અપાયાં હતાં.

પીડિતા અને બંને આરોપી બાબુલગાંવ ખાતેની જિલ્લા પરિષદની સ્કૂલમાં ત્રીજા ધોરણમાં અભ્યાસ કરે છે, જ્યાં ૧ ઑગસ્ટે આ ઘટના બની હતી.

થોડા દિવસ બાદ પીડિતાએ ગુપ્તાંગમાં દુખાવો થતો હોવાની ફરિયાદ કરી હતી. આથી તેની માતા તેને હોસ્પિટલમાં લઇ ગઇ હતી, ડોક્ટરોને પીડિતાના ગુપ્તાંગમાં ઇજાઓ નજરે પડી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પીડિતાની માતાએ આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં જણાવાયું હતું કે પીડિતાના ક્લાસના વિદ્યાર્થીએ અન્ય વિદ્યાર્થિનીની મદદથી સ્કૂલના ટોઇલેડમાં પીડિતા સાથે દુષ્કર્મ આચર્યું હતું.

પીડિતાની માતાએ ૯ ઑગસ્ટે ફરિયાદ સાથે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. તેની ફરિયાદને આધારે વિદ્યાર્થી અને તેની ક્લાસમેટ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તેમ જ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરાયો હતો, એમ અધિકારીએ કહ્યું હતું. યવતમાળના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ કુમાર ચિંથાએ જણાવ્યું હતું કે અમને વિધિસર રીતે ફરિયાદ મળી છે, જેને આધારે કાર્યવાહી કરવામાં આવી છે. (પીટીઆઇ)■

# મુંબઈ-નાશિક હાઇવે પર અકસ્માતમાં બે મિત્રનાં મોત

મુંબઇઃ મુંબઈ-નાશિક હાઇવે પર ટૂ-વ્હીલર પર જઇ રહેલા ત્રણ મિત્રોને અકસ્માત નડ્યો હતો, જેમાં બે જણનાં મોત થયાં હતાં, જ્યારે ત્રીજાને ગંભીર ઇજા પહોંચી હતી.

મૃતકોની ઓળખ વિશાલ ઝુગરે અને ગણેશ ઝુગરે તરીકે થઇ હતી, જ્યારે ઘવાયેલા પ્રકાશ કવટેને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ગણેશ ઝુગરે ટૂ-વ્હીલર ચલાવતો હતો અને તેની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. શહાપુર તાલુકાના કસારા ખાતે લતિફવાડી વિસ્તારમાં રહેનારા ત્રણેય મિત્રો રક્ષાબંધનને દિવસે ટૂ-વ્હીલર પર નીકળ્યા હતા. તેઓ હાઇવે પર વશાળા બ્રિજ નજીક પહોંચ્યા ત્યારે તેમને અકસ્માત નડ્યો હતો. ઘટનાસ્થળે કામ ચાલી રહ્યું હતું અને ત્યાં બેરિકેડ્સ લગાવાયા હતા.

ટૂ-વ્હીલર બેરિકેડ્સ સાથે અથડાતાં ત્રણેય જણ રસ્તા પર પટકાયા હતા અને તેમને ગંભીર ઇજા પહોંચી હતી. ત્રણેયને સારવારાર્થે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં વિશાલ ઝુગરે અને ગણેશને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ■
















# ૩૪ કરોડનું ડ્રગ્સ પકડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ થાણે ક્રાઇમ બ્રાન્ચ તેમ જ મુંબઈ પોલીસે ભિવંડી અને અંધેરી વિસ્તારમાંથી ૩૪ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડીને વિદેશી નાગરિક સહિત ત્રણની ધરપકડ કરી હતી.

થાણે ક્રાઇમ બ્રાન્ચે ભિવંડી બાયપાસ નજીક રંજનોલી ખાતેથી ગયા અઠવાડિયે ડ્રગ્સ સાથે પકડી પાડેલા બે આરોપીની ઓળખ તન્વીર અહમદ કમર અહમદ અન્સારી (૨૩) અને મહેશ હિન્દુરાવ દેસાઇ (૩૫) તરીકે થઇ હતી. તેમની પાસેથી બીએમડબ્લ્યુ અને સ્વિફ્ટ ડિઝાયર કાર, મોબાઇલ તથા રોકડ પણ જપ્ત કરાઇ હતી, જ્યારે એમઆઇડીસી પોલીસે અંધેરીથી સોમવારે રાતે વિદેશી નાગરિક હેન્રી અલમોહની ધરપકડ કરી હતી.

થાણે ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૨ના અધિકારીઓને માહિતી મળી હતી કે ભિવંડી બાયપાસની નજીક રંજનોલી ખાતે ૯ ઑગસ્ટે બે જણ મેફેડ્રોન ડ્રગ્સ વેચવા માટે આવવાના છે. આથી પોલીસની ટીમે ઢાબા નજીક નાકાબંધી કરી બે કારને શંકાને આધારે આંતરી હતી અને તેમાં હાજર તન્વીર અહમદ અન્સારી તથા મહેશ દેસાઇને તાબામાં લીધા હતા.

પોલીસે બંને કારની તલાશી લેતાં ૩૧.૮૪ કરોડ રૂપિયાની કિંમતનું પંદર કિલોથી વધુનું મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. આથી બંને વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આરોપીઓ થાણે અને મુંબઈમાં ડ્રગ્સ વેચવા માટે લાવ્યા હતા, એવું તપાસમાં જણાયું હતું. ■



# સૂર્યવંશીને બીસીસીઆઇએ તાલીમ માટે તાબડતોબ બેંગલૂરુ બોલાવ્યો




બેંગલૂરુ: આઠમા ધોરણમાં ભણતા બિહારના ૧૪ વર્ષીય લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશીએ ૨૦૨૫ની આઇપીએલમાં રાજસ્થાન રૉયલ્સને ૧.૧૦ કરોડ રૂપિયાની ફીનાં બદલામાં ૩૫ બૉલની સેકન્ડ ફાસ્ટેસ્ટ સેન્ચુરીના રેકૉર્ડ તેમ જ યંગેસ્ટ સેન્ચુરિયન બનવા સહિત ઘણું આપ્યું અને પછી તેણે ઇંગ્લૅન્ડ ખાતેના ઇન્ડિયા અન્ડર-૧૯ ટીમના પ્રવાસમાં પણ ધમાકેદાર પર્ફોર્મન્સથી ક્રિકેટની દુનિયાને ચોંકાવી દીધી જેને પગલે હવે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ સૂર્યવંશીને પ્રૅક્ટિસ માટે તાબડતોબ બેંગલૂરુ બોલાવ્યો છે.

એવું કહેવાય છે કે સૂર્યવંશીની આ પ્રૅક્ટિસ યુએઇમાં આગામી નવમી સપ્ટેમ્બરે શરૂ થનારા ટી-૨૦ના એશિયા કપ માટે નથી એવું મનાય છે. જોકે પીઢ ખેલાડીઓ ધીરે-ધીરે નિવૃત્તિ લઈ રહ્યા છે અને અમુક ખેલાડીઓ સતત સારા ફૉર્મમાં નથી જોવા મળી રહ્યા એટલે સૂર્યવંશીને સઘન પ્રૅક્ટિસ કરાવવાનું બોર્ડના મોવડીઓએ નક્કી કર્યું છે કે જેથી જ્યારે તાકીદે ભરોસાપાત્ર અને આક્રમક બૅટ્સમૅનની જરૂર પડે ત્યારે તેને ટીમમાં સમાવી શકાય.

ઉલ્લેખનીય છે કે રોહિત શર્માએ ટેસ્ટ-ક્રિકેટ છોડી દીધી એને પગલે શુભમન ગિલને ટેસ્ટ ટીમનો સુકાની બનાવવામાં આવ્યો અને તેણે ઇંગ્લૅન્ડમાં સર્વોત્તમ બૅટિંગ પર્ફોર્મન્સમાં ૭૫૪ રન કરવા ઉપરાંત કૅપ્ટનપદ પણ ખૂબ સારી રીતે સંભાળીને સિરીઝ ૨-૨ ડ્રૉ કરાવી હતી. ટીમમાં બીજા યુવાન ખેલાડીઓને પણ સમાવવાનો બીસીસીઆઇનો અભિગમ રહ્યો છે.

એશિયા કપ માટેની ટીમની જાહેરાત થોડા જ દિવસમાં કરવામાં આવશે અને એ પહેલાં સૂર્યવંશીને બેંગલૂરુમાં અદ્યતન સુવિધાઓ ધરાવતા નવા સેન્ટર ઑફ એક્સેલન્સ (સીઓઈ)માં ટ્રેઇનિંગ લેવા માટે બોલાવવામાં આવ્યો છે.

સૂર્યવંશી ૧૦મી ઑગસ્ટે બેંગલૂરુ પહોંચ્યો ત્યારે તેને અમુક ખાસ પ્રકારની મૅચની પરિસ્થિતિમાં કેવી રીતે બૅટિંગ કરવી એની તેને સમજ આપવા ઉપરાંત ટેક્નિકલ ડ્રિલ્સને ધ્યાનમાં રાખીને પણ વિશેષ તાલીમ આપવામાં આવી હતી.

સૂર્યવંશીના નાનપણના કોચ મનીષ ઓઝાએ એક મુલાકાતમાં કહ્યું છે કે ‘ પોતાની ઇનિંગ્સના પહેલા બૉલથી જ આક્રમક અભિગમ અપનાવીને બૅટિંગ કરવાની ક્ષમતા સૂર્યવંશીમાં છે. ટી-૨૦ અને વન-ડે માટે આ અપ્રોચ સકારાત્મક મનાય છે. સૂર્યવંશીને જો ટેસ્ટમાં રમાડવામાં આવે તો મર્યાદિત ઓવર્સની મૅચોની તુલનામાં ટેસ્ટમાં તેનું સ્તર થોડું ઊતરી શકે. જોકે તેની ૧૦માંથી ૭-૮ ઇનિંગ્સ પ્રભાવશાળી રહે એ રીતે અમે તેને તૈયાર કરવા માગીએ છીએ.’ ■

# વુશુની રમતમાં નમ્રતા બત્રાએ ભારત માટે રચ્યો ઇતિહાસ

ચેન્ગ્ડુ (ચીન): વિશ્વવિખ્યાત વુશુની રમત (ચીની માર્શલ આર્ટ)માં નમ્રતા બત્રાએ ભારત માટે નવો ઇતિહાસ રચ્યો છે. તે આ રમતની વિશ્વ સ્પર્ધામાં મેડલ જીતનારી ભારતની પ્રથમ વુશુ પ્લેયર બની છે. તેણે મંગળવારે વર્લ્ડ ગેમ્સમાં બીજા નંબર પર રહીને સિલ્વર જીતી લીધો હતો.

નમ્રતાએ ફાઇનલમાં પહોંચીને જ ઇતિહાસ રચ્યો હતો, કારણકે આ પહેલાં વુશુની રમતની બહુરાષ્ટ્રીય સ્પર્ધામાં મેડલ પોતાને નામ કરનારી તે પહેલી ભારતીય બની હતી.

મંગળવારે સૅન્ડા બાવન કિલો વર્ગની ફાઇનલમાં નમ્રતાનો ચીનની મેન્ગ્યૂઇ ચેન સામે ૦-૨થી હારી ગઈ હતી. ચેનને સુવર્ણ ચંદ્રક અને નમ્રતાને રજત ચંદ્રક અપાયો હતો. સેમિ ફાઇનલમાં નમ્રતા બત્રાએ ફિલિપીન્સની ક્રિઝાન ફેઇથ કૉલાડોને ૨-૦થી પરાજિત કરીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. એ પહેલાં, તીરંદાજીમાં પુરુષોના વર્ગમાં રિષભ યાદવ વર્લ્ડ ગેમ્સમાં વ્યક્તિગત મેડલ જીતનારો પ્રથમ




ભારતીય બન્યો હતો. તેણે મેન્સ કમ્પાઉન્ડ આર્ચરી ઇવેન્ટમાં બ્રૉન્ઝ જીતી લીધો હતો. ■

# ટીમ ઇન્ડિયાના અણમોલ નાઇટ-વૉચમૅન આકાશ દીપને ઉત્તર પ્રદેશ સરકારની નોટિસ!

લખનઊ: ઇંગ્લૅન્ડમાં ભારતને ટેસ્ટ સિરીઝ ૨-૨ની બરાબરીમાં લાવી આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવ્યા બાદ સ્વદેશ આવ્યા પછી પેસ બોલર આકાશ દીપને થોડી અંગત મુશ્કેલી નડી છે. તેને ઉત્તર પ્રદેશ સરકારના પરિવહન વિભાગે એક નોટિસ મોકલી છે.

કહેવાય છે કે આકાશ દીપે હાઈ સિક્યુરિટી રજિસ્ટ્રેશન પ્લેટ (એચ.એસ.આર.પી.) વિના કાર ચલાવીને રાજ્ય સરકારના નિયમનો ભંગ કર્યો છે.

સરકારી વિભાગે સની મોટર્સ નામના કાર ડીલરને પણ નોટિસ મોકલી હોવાનું મનાય છે. કહેવાય છે



કે આ ડીલરે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂરી કર્યા વગર તેમ જ એચ.એસ.આર.પી ફિટ કર્યા વિના આકાશ દીપને કાર (બ્લૅક ટૉયોટા ફૉર્ચ્યુનર) ડિલિવર કરી દીધી એ બદલ આ ડીલરની ડીલરશિપ એક મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવી છે.

આકાશ દીપે ગયા અઠવાડિયે ઓવલમાં ઇંગ્લૅન્ડ સામેની છેલ્લી ટેસ્ટના બીજા દાવમાં ૯૪ બૉલમાં ૧૨ ચોક્કાની મદદથી ૬૬ રન કરીને ભારતને વિજય મેળવવામાં મોટું યોગદાન આપ્યું હતું.

આકાશ દીપે ખરીદેલી કાળા રંગની ટૉયોટા કાર ૬૨ લાખ રૂપિયાની છે અને એની સ્પીડ કલાક દીઠ ૨૦૦ કિલોમીટરની છે. આકાશને સોશ્યલ મીડિયામાં તેને સૂર્યકુમાર યાદવ સહિત ઘણાના અભિનંદન પણ મળ્યા છે. તાજેતરમાં જ સ્પોર્ટ્સ હર્નિયાનું ઑપરેશન કરાવનાર સૂર્યાએ મીડિયામાં આકાશ દીપને શુભેચ્છા આપતા લખ્યું હતું કે, ‘બહુત બહુત બધાઈ.’ ■

# દીપ્તિ શર્મા નંબર-વન રૅન્કની લગોલગ આવી ગઈ

દુબઈ: ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ મહિલાઓની ટી-૨૦ માટેની બોલર્સના નવા રૅન્કિંગ જાહેર કર્યા છે જે મુજબ ભારતની સ્પિન-ઑલરાઉન્ડર દીપ્તિ શર્મા બીજા નંબર પર આવી ગઈ છે અને હવે સર્વોચ્ચ રૅન્કથી તે બહુ દૂર નથી. દીપ્તિએ ટી-૨૦ના ઑલરાઉન્ડર્સના રૅન્કિંગમાં ત્રીજું સ્થાન જાળવી રાખ્યું છે. દરમ્યાન વન-ડે વિમેન્સ બૅટર્સના રૅન્કિંગમાં સ્મૃતિ મંધાના પ્રથમ સ્થાનેથી બીજા નંબર પર આવી ગઈ છે.

ટી-૨૦ બોલર્સમાં દીપ્તિ શર્મા ૭૩૨ રેટિંગ પૉઇન્ટ સાથે બીજા નંબરે




છે અને પહેલી વાર પ્રથમ ક્રમે પહોંચેલી ઑસ્ટ્રેલિયાની ઍનાબેલ સધરલૅન્ડ ૭૩૬ પૉઇન્ટ સાથે છે. એ જોતાં, દીપ્તિ મોખરાના સ્થાનથી માત્ર ચાર પૉઇન્ટ દૂર છે. પાકિસ્તાનની બોલર સાદિયા ઇકબાલ ટી-૨૦ બોલર્સની યાદીમાં પ્રથમ સ્થાને હતી, પરંતુ તાજેતરમાં આયર્લૅન્ડ સામે પાકિસ્તાની મહિલા ટીમનો ૧-૨થી પરાજય થયો એ સિરીઝમાં સાદિયા ફક્ત ત્રણ વિકેટ લઈ શકી હતી એટલે તેણે સર્વોચ્ચ રૅન્ક ગુમાવી છે અને દીપ્તિ સાથે સંયુક્ત રીતે બીજા સ્થાને આવી ગઈ છે.

દરમ્યાન, સ્ટાઇલિશ ઓપનિંગ બૅટર સ્મૃતિ બંધાના વન-ડે બૅટર્સના લિસ્ટમાં ૭૨૮ પૉઇન્ટ સાથે બીજા સ્થાને આવી ગઈ છે અને તેનું પ્રથમ સ્થાન લેનાર ઇંગ્લૅન્ડની નૅટ સિવર-બ્રન્ટ (૭૩૧)થી તે માત્ર ત્રણ ડગલાં પાછળ છે. ભારતીય કૅપ્ટન વન-ડે બૅટર્સમાં ૧૦ પૉઇન્ટની છલાંગ મારીને ૧૧મા સ્થાને આવી ગઈ છે. ■

# ‘પ્લેયર ઑફ ધ મન્થ અવૉર્ડ’ ચોથી વાર જીતતો શુભમન ગિલ: નવા કેપ્ટને રચ્યો નવો વર્લ્ડ રેકૉર્ડ

### ટેસ્ટ સુકાનીએ કહ્યું, ‘એજબૅસ્ટનની ડબલ સેન્ચુરી ક્યારેય નહીં ભૂલું’

દુબઈ: ભારતના ટેસ્ટ-સુકાની શુભમન ગિલને મંગળવારે જુલાઈ, ૨૦૨૫ માટેનો ‘ પ્લેયર ઑફ ધ મન્થ’ અવૉર્ડ વિજેતા ઘોષિત કરવામાં આવ્યો હતો અને એ પુરસ્કાર મળતાં આનંદિત થયેલા ગિલને આઇસીસીની અખબારી યાદીમાં એવું કહેતો ટાંકવામાં આવ્યો હતો કે ‘ મને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર અપાવનાર ઇંગ્લૅન્ડ સામેની જુલાઈ મહિનાની એજબૅસ્ટનની ડબલ સેન્ચુરી (૨૬૯ રન)ને હું કદી નહીં ભૂલું.’ વાસ્તવમાં ગિલ ચાર વખત ‘ પ્લેયર ઑફ ધ મન્થ’ પુરસ્કાર મેળવનાર વિશ્વનો પ્રથમ પુરુષ ક્રિકેટર બન્યો છે.

પચીસ વર્ષીય શુભમન ગિલ આ પહેલાં જાન્યુઆરી ૨૦૨૩માં, સપ્ટેમ્બર ૨૦૨૩માં અને ફેબ્રુઆરી ૨૦૨૫માં



‘પ્લેયર ઑફ ધ મન્થ’ પુરસ્કાર જીત્યો હતો. શુભમન ગિલે જુલાઈમાં બ્રિટિશરો સામેની બીજી ટેસ્ટમાં ૨૬૯ રન ઉપરાંત ૧૬૧ રનની ઇનિંગ્સથી ભારતને વિજય અપાવ્યો હતો.

જુલાઈમાં (પ્લેયર ઑફ ધ મન્થ માટેના સમયગાળામાં) ગિલે કુલ ૪૩૦ રન કર્યા હતા અને તેણે આખી સિરીઝમાં સૌથી વધુ ૭૫૪ રન કર્યા હતા. તેણે કૅપ્ટન્સી અને બૅટિંગ બન્નેમાં પાકટતા અને નિપુણતા બતાવી હતી અને નિવૃત્ત થયેલા રોહિત શર્મા તથા વિરાટ કોહલીની ગેરહાજરી નહોતી વર્તાવા દીધી. ભારતે ઇંગ્લૅન્ડ સામેની સિરીઝ ૨-૨થી ડ્રૉ કરાવી હતી. શુભમન ગિલે જુલાઈ મહિનાનો પુરસ્કાર જીતવા માટેની હરીફાઈમાં ઇંગ્લૅન્ડના જ બેન સ્ટૉક્સ અને સાઉથ આફ્રિકાના વિઆન મુલ્ડેરને પાછળ રાખી દીધા હતા.

મહિલાઓમાં ઇંગ્લૅન્ડની સોફિયા ડન્ક્લી ‘ પ્લેયર ઑફ ધ મન્થ’નો અવૉર્ડ જીતી હતી.■

# રોહિત-વિરાટને ઇંગ્લૅન્ડમાં રમવાની ઑફર થઈ, બંને દિગ્ગજોએ ચોખ્ખી ના પાડી દીધી

લંડન/નવી દિલ્હી: રોહિત શર્મા અને વિરાટ કોહલી ટી-૨૦ તેમ જ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્ત થઈ ચૂક્યા છે, આગામી વન-ડે સિરીઝને હજી ઘણો સમય બાકી છે અને આઈપીએલ તો નવ મહિના દૂર છે એટલે હાલમાં તેઓ ફેમિલી સાથે ગોલ્ડન પિરિયડ માણી રહ્યા છે એવામાં ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડે તેમને એક ઓફર કરી હતી જે બંનેએ નમ્રતાથી ઠુકરાવી દીધી છે. વન-ડેમાં હાઈએસ્ટ ૨૬૪




રનનો વર્લ્ડ રેકૉર્ડ તેમ જ ત્રણ ડબલ સેન્ચુરીનો વિશ્વવિક્રમ ધરાવતા રોહિત શર્મા અને વન-ડે ક્રિકેટના બેતાજ બાદશાહ વિરાટ કોહલીએ ૫૦-૫૦ ઓવરના આ ફૉર્મેટમાં રમવાનું હજી ચાલુ રાખ્યું છે એવું માનીને ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડે તેમને આ વર્ષની રૉયલ લંડન વન-ડે કપ ટૂર્નામેન્ટમાં રમવા ઇંગ્લૅન્ડ આવવાનું આમંત્રણ આપ્યું હતું, પરંતુ બંને પીઢ ભારતીય ક્રિકેટરોએ કહી દીધું છે કે અમે એ સ્પર્ધા રમવા નહીં આવીએ.

ઉલ્લેખનીય છે કે ભારતમાં તો એવી અટકળ થઈ રહી છે કે ૨૦૨૭નો વન-ડે વર્લ્ડ કપ હજી ઘણો દૂર છે એટલે એ પહેલાં યા તો ખુદ રોહિત અને વિરાટ વન-ડે ફૉર્મેટમાંથી પણ રિટાયરમેન્ટ લઈ લેશે અથવા ક્રિકેટ બોર્ડ નવા ખેલાડીઓને જ વર્લ્ડ કપ માટે તૈયાર કરવાનો અભિગમ અપનાવશે એટલે આપોઆપ રોહિત-વિરાટની બાદબાકી થઈ શકે.

રોહિત અને વિરાટને થોડા દિવસમાં ફરી મેદાન પર ઊતરવાની આશા હતી, પરંતુ બાંગ્લાદેશ સામેની વન-ડે સિરીઝ બંને દેશ વચ્ચેના તંગ રાજકીય સંબંધોને લીધે મોકૂફ રાખવામાં આવી છે. હવે આ બંને દિગ્ગજ ખેલાડીઓ ઑસ્ટ્રેલિયા સામેની ઓક્ટોબરની શ્રેણીમાં રમતા જોવા મળશે. એવું પણ બની શકે કે રોહિત અને વિરાટ મૅચ-ફિટ રહેવા માટે વિજય હઝારે ટ્રોફીમાં રમશે. સામાન્ય રીતે તેઓ ડોમેસ્ટિક ક્રિકેટમાં હવે નથી રમતા, પરંતુ ગયા વર્ષે બીસીસીઆઈએ તમામ ખેલાડીઓને રણજી ટ્રોફીમાં રમવાની ફરજ પાડી હતી એ જોતાં તેઓ અ વર્ષે ડોમેસ્ટિક ક્રિકેટમાં થોડું રમવાનું પસંદ કરશે એવું મનાય છે. ■

# સૂર્યકુમાર એશિયા કપમાં નહીં રમી શકે તો ત્રણ પ્લેયર કૅપ્ટન્સી માટે દાવેદાર: ગિલ, અક્ષર અને હાર્દિક

નવી દિલ્હી: ભારતની ટી-૨૦ ટીમના કૅપ્ટન સૂર્યકુમાર યાદવે તાજેતરમાં સ્પોર્ટ્સ હર્નિયાની સર્જરી કરાવી છે અને હાલમાં ઑપરેશન પછીની સારવાર લેવાની સાથે જિમ્નેશિયમમાં હળવું વર્ક-આઉટ કરવા ઉપરાંત ધીરે-ધીરે બૅટિંગ પ્રૅક્ટિસ પણ તેણે શરૂ કરી છે, પરંતુ આગામી નવમી સપ્ટેમ્બરે યુએઇમાં શરૂ થનારા ટી-૨૦ના એશિયા કપમાં રમવા પૂરતો તે ફિટ નહીં થઈ શકે તો તેના સ્થાને સુકાન સંભાળી શકે એવા ત્રણ નામ ચર્ચાઈ રહ્યા છે.

સૂર્યકુમારે જૂન મહિનામાં જર્મનીમાં સર્જરી કરાવી હતી. તે એશિયા કપના આરંભ સુધીમાં ૧૦૦ ટકા ફિટ નહીં થાય એવું મનાય છે. એશિયા કપમાં ૧૪મી સપ્ટેમ્બરે ભારતનો પાકિસ્તાન સામે મુકાબલો થશે. ત્યાર બાદ ૨૧મી સપ્ટેમ્બરે અને ૨૮મી સપ્ટેમ્બરે પણ આ બન્ને કટ્ટર દેશ વચ્ચે હાઈ-વૉલ્ટેજ મૅચ રમાશે એવી સંભાવના છે.

તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝમાં સફળતાપૂર્વક કૅપ્ટન્સી સંભાળનાર શુભમન ગિલ વાઇસ-કૅપ્ટન્સી માટે ફેવરિટ મનાય છે એ જોતાં સૂર્યકુમારની ગેરહાજરીમાં તેને ટી-૨૦ ટીમનું સુકાન સંભાળવાનું કહેવામાં આવશે એવી



(ડાબેથી) ગિલ, અક્ષર અને હાર્દિક. રવીન્દ્ર જાડેજા (જમણે) ટી-૨૦ ઇન્ટરનૅશનલ છોડી ચૂક્યો છે.

ભારતીય ક્રિકેટમાં ચર્ચા છે. ગયા વર્ષે જૂનમાં ગિલ છેલ્લે (શ્રીલંકા સામે) જે ટી-૨૦ સિરીઝ રમ્યો હતો એમાં તે સૂર્યકુમારનો ડેપ્યૂટી (વાઇસ-કૅપ્ટન) હતો. ત્યાર પછી ગિલને ટેસ્ટ અને વન-ડે ફૉર્મેટ પર એકાગ્રતા રાખવાનું કહેવામાં આવ્યું હતું. ભારતીય ક્રિકેટરો છેલ્લે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ઇંગ્લૅન્ડ સામે ટી-૨૦ શ્રેણી રમ્યા ત્યારે લેફ્ટ-હૅન્ડ ઑલરાઉન્ડર અક્ષર પટેલ ટીમનો વાઇસ-કૅપ્ટન હતો. વાઇટ-બૉલ ક્રિકેટની ટીમમાં અક્ષર મહત્ત્વનો ખેલાડી પણ છે અને ત્યાર બાદ આઇપીએલમાં તેણે દિલ્હી કૅપિટલ્સ ટીમનું સુકાન સંભાળીને પણ સારો અનુભવ મેળવ્યો હતો.

હાર્દિક પંડ્યા પણ એક દાવેદાર છે. એક સમય હતો જ્યારે રોહિત શર્માની ગેરહાજરીમાં હાર્દિકને જ ટી-૨૦ ટીમનું સુકાન સોંપાતું હતું અને ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપમાં હાર્દિક વાઇસ-કૅપ્ટન હતો. હાર્દિકે જ સાઉથ આફ્રિકા સામેની ફાઇનલની છેલ્લી ઓવરમાં ભારતને વિજય અપાવ્યો હતો અને ભારત બીજી વાર ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન બન્યું હતું. હાર્દિકને ૧૬ ટી-૨૦ મૅચમાં સુકાન સંભાળવાનો અનુભવ છે એટલે તે મજબૂત દાવેદાર મનાય છે. ■

# ચાર બાળકનાં પપ્પા-મમ્મી રોનાલ્ડો અને જૉર્જિનાએ કરી સગાઈ

### જૉર્જિનાની રિંગની કિંમત ૩૭.૫ કરોડ રૂપિયા



પોર્ટુગલના ફૂટબૉલ સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને જૉર્જિનાએ સગાઈ કરી છે અને થોડા જ સમયમાં તેઓ લગ્ન કરી લેશે. બન્ને આઠ વર્ષથી એકમેક સાથેની રિલેશનશિપમાં છે અને તેમને ચાર સંતાનો છે. રોનાલ્ડોને એક મોટો દીકરો પણ છે, પરંતુ તેની મમ્મી કોણ છે એ રોનાલ્ડોએ જાહેર નથી થવા દીધું. જૉર્જિનાની સગાઈની રિંગ સૌથી વધુ ચર્ચામાં છે. આ ૨૫-૩૭ કૅરેટ ઓવલ કટ ડાયમંડવાળી રિંગની કિંમત ૩૭.૫ કરોડ રૂપિયા હોવાનું મનાય છે. ■

# ઍન્ડરસન-તેન્ડુલકરના નામની ટ્રોફી હતી અને તેમને જ ન બોલાવ્યા!: સુનીલ ગાવસકર

### સની કહે છે કે ‘સિરીઝના અંત વખતે કેમ પટૌડી પરિવારમાંથી કોઈને આમંત્રણ ન અપાયું?’

મુંબઈ: ભારતે તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામે ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી માટેની ટેસ્ટ સિરીઝ ૨-૨થી ડ્રૉ કરાવી ત્યાર બાદ ટ્રોફી જેમના નામે છે એ બે મહાન ખેલાડી (જેમ્સ ઍન્ડરસન અને સચિન તેન્ડુલકર) લંડનમાં હોવા છતાં ટ્રોફી એનાયત કરવા તેમને કેમ નહોતા બોલાવ્યા? એવો ધારદાર સવાલ સુનીલ ગાવસકરે ઇંગ્લૅન્ડના ક્રિકેટ બોર્ડને પૂછ્યો છે. સિરીઝના બન્ને વિજેતા કેપ્ટન



જૂનમાં ટ્રોફી લૉન્ચ કરતી વખતે એન્ડરસન-સચિન.

(શુભમન ગિલ-બેન સ્ટૉક્સ)ને પટૌડી મેડલ અપાયા હતા, પરંતુ એ એનાયત કરવા સદ્ગત મન્સૂર અલી ખાન પટૌડીના પરિવારમાંથી કેમ કોઈને આમંત્રણ નહોતું અપાયું? એવો સવાલ પણ ગાવસકરે પૂછ્યો છે.

સનીએ એક અંગ્રેજી સામયિકની કૉલમમાં એવું પણ લખ્યું છે કે ‘ઘણા લોકોએ અપેક્ષા રાખી હશે કે ઍન્ડરસન-તેન્ડુલકરના નામે પહેલી જ વાર ટ્રોફી રમાઈ હોવાથી તેમને બન્નેને ઇનામ-વિતરણ સમારોહમાં બોલાવાશે જ, પરંતુ તેમની આશા ફળીભૂત ન થઈ.’

ઉલ્લેખનીય છે કે આ વર્ષની શરૂઆતમાં ઑસ્ટ્રેલિયામાં બોર્ડર-ગાવસકર ટ્રોફી રમાઈ ત્યારે ગાવસકર ઑસ્ટ્રેલિયામાં જ હતા છતાં તેમને નહોતા બોલાવવામાં આવ્યા અને ફક્ત ઍલન બોર્ડરના હાથે જ ટ્રોફી એનાયત કરાઈ હતી.

થોડા મહિના પહેલાં જ્યારે પટૌડીનું નામ હટાવીને ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી નામ આપવામાં આવ્યું ત્યારે ગાવસકરે ટ્રોફીના નામ પરથી પટૌડી નામ હટાવવા સામે સવાલ ઉઠાવ્યો હતો. સનીએ ત્યારે એવું પણ કહ્યું હતું કે આ ટ્રોફીનું નામ ઍન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી નહીં, પણ તેન્ડુલકર-ઍન્ડરસન ટ્રોફી હોવું જોઈએ. ક્રિકેટ જગતના મોટા ભાગના દેશોમાં ક્રિકેટ બોર્ડને નફો કરાવવા માટે વહીવટકારોને બોર્ડની ગાદી પર બેસાડવામાં આવતા હોય છે. તેઓ બોર્ડને નફો કરાવી આપતા હશે, પરંતુ તેમને ક્રિકેટના ઇતિહાસ વિશે ખાસ કંઈ જ્ઞાન ન પણ હોય.’ ■

# ૧૦ વર્ષમાં ભારતનું નામ ખેલકૂદના ટોચના ૧૦ રાષ્ટ્રમાં જોવા મળશે: માંડવિયા



નવી દિલ્હી: રાષ્ટ્રીય ખેલકૂદ વહીવટ ખરડો સંસદના બન્ને ગૃહમાં પસાર થઈ જતાં હવે ભારતીય રમતગમત ક્ષેત્રને નવી દિશા આપવા તેમ જ ખેલકૂદ ક્ષેત્રના વહીવટને ધોરણસરનું બનાવવા માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે અને સ્પોર્ટ્સ મિનિસ્ટર મનસુખ માંડવિયાએ મંગળવારે કહ્યું હતું કે આ ખરડો પસાર થવાથી દેશના ખેલકૂદમાં મોટું પરિવર્તન જોવા મળશે તેમ જ ઍથ્લીટોને સંપૂર્ણપણે ધ્યાનમાં રાખીને નિર્ણયો લઈ શકાશે. માંડવિયાએ એવું પણ કહ્યું હતું કે ‘ વિશ્વમાં ૨૦ દેશમાં ખેલકૂદને લગતો ખરડો (કાયદો) છે અને ભારત હવે એ દેશોની બરાબરીમાં થઈ ગયું છે. મને ખાતરી છે કે આવનારાં ૧૦ વર્ષમાં આપણે રમતગમતમાં વિશ્વ સ્તરે ૧-૧૦ નંબર વચ્ચે આવી જઈશું.’

લોકસભા પછી રાજ્યસભામાં પણ ખેલકૂદ ખરડો પસાર થઈ ગયા પછી માંડવિયાએ કહ્યું હતું કે ‘ સરકાર હવે ચંદ્રકોને લગતો નવો વ્યૂહ રચવા પર ધ્યાન કેન્દ્રિત કરશે કે જેથી આંતરરાષ્ટ્રીય ફલક પરની સ્પર્ધાઓમાં ભારતીય ઍથ્લીટો-ખેલાડીઓના પર્ફોર્મન્સમાં વ્યાપક સ્તરે અને મોટા પ્રમાણમાં સુધારો લાવી શકાય.’

મહિલાઓની દોડમાં ભારતીય લેજન્ડ પી. ટી. ઉષા જેઓ ઇન્ડિયન ઑલિમ્પિક ઍસોસિયેશનનાં પ્રમુખ છે તેમણે તેમ જ નૅશનલ ફેડરેશનોએ ખેલકૂદ ખરડાને યોગ્ય દિશામાં ભરવામાં આવેલાં પગલાં તરીકે ઓળખાવ્યો હતો. ■

# પૂરે... પચાસ હજાર!

**આપણો દેશ બચતની સંસ્કૃતિ ધરાવે છે અને એક જમાનામાં આપણાં દેશનો બચત દર સૌથી ઊંચો રહેતો હતો. ICICIએ નવાં સેવિંગ્સ ખાતાના મિનિમમ બેલેન્સ માટે રૂ. ૫૦,૦૦૦ની રકમ જાહેર કરી છે ત્યારથી તેના વાજબીપણાનો સવાલ ચર્ચાના ચગડોળે ચઢ્યો છે...**




કવર સ્ટોરી__નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com


નવી પેઢીને કદાચ ખ્યાલ ના હોય પરંતુ હિન્દી સિનેમા ઇતિહાસની વિક્રમસર્જક દમદાર ફિલ્મ શોલેમાં આ બે શબ્દો તેના ખલનાયક ગબ્બર સિંગના મોઢે બોલાયા છે અને ત્યારથી અત્યાર સુધી આ બે શબ્દાનો સાવ સરળ ડાયલોગ ખૂબ જ પ્રચલિત અને વાહવાહ મેળવનારો રહ્યો છે. જોકે, આજે નવા સંદર્ભમાં આ પાચસ હજારનો આંકડો મધ્યમવર્ગને ખલનાયક ઉવાચ્ હોય એ રીતે ગભરાવી રહ્યો છે!

આઇસીઆઇસીઆઇ બેન્કે તેના બચત ખાતામાં લઘુતમ બેલેન્સની રકમ અધધધ... રૂ. ૫૦,૦૦૦ જાહેર કરી છે ત્યારથી થાપણદારો ચિંતામાં મુકાયા છે, કારણ કે આ રકમ ખાસ્સી મોટી છે અને જો તેમાં ચૂક થાય તો બેન્ક પેનલ્ટી ભરવી પડે છે. આ ઉપરાંત પણ અન્ય સર્વિસની ફી અને પેનલ્ટીમાં વધારો કરવામાં આવ્યો છે.

હાલમાં જ આઇસીઆઇસીઆઇ બેંકે નવા ખાતાઓ માટે તેની લઘુતમ સરેરાશ માસિક બેલેન્સ (એમએએમબી)ની આવશ્યકતાઓમાં સુધારો કર્યો છે. મેટ્રો અને શહેરી વિસ્તારો માટે એમએએમબીની રકમ રૂ. ૧૦,૦૦૦થી વધીને રૂ. ૫૦,૦૦૦ કરવામાં આવી છે, જ્યારે અર્ધ-શહેરી શાખાઓમાં મર્યાદા રૂ. ૫,૦૦૦થી વધીને રૂ. ૨૫,૦૦૦ અને ગ્રામીણ શાખાઓમાં મર્યાદા રૂ. ૫,૦૦૦થી વધીને રૂ. ૧૦,૦૦૦ જાહેર કરવામાં આવી છે.

આપણો દેશ બચતની સંસ્કૃતિ ધરાવે છે અને એક જમાનામાં આપણાં દેશનો બચત દર સૌથી ઊંચો રહેતો હતો. પાછલા કેટલાંક વર્ષોમાં બચત ખાતાને પણ કરવેરાની જાળમાં આવરી લેવામાં આવ્યું છે, જે અગાઉ કરમુક્ત રહેતું હતું. હવે વ્યાજદરમાં પણ સતત ઘટાડાનો દોર ચાલી રહ્યો છે અને એવી પરિસ્થિતિમાં દેશની ખાનગી ક્ષેત્રની ટોચની બેન્કે ઓગસ્ટ મહિનાથી અમલી બને એ રીતે નવા બચત ખાતા માટે લઘુતમ બેલેન્સની રકમ ૫૦,૦૦૦ રૂપિયા જાહેર કરી ત્યારથી એક સવાલ બચતકર્તાઓને સતાવી રહ્યો છે કે શું બેન્કો મન ફાવે એટલી રકમ નક્કી કરી શકે? શું આટલી મોટી રકમ (અડધો લાખ!) આ રીતે બ્લોક કરવી યોગ્ય છે કે પછી અન્ય બેન્ક તરફ નજર દોડાવવી જોઇએ?

આ વિચારનું કારણ એ છે કે જ્યારે ખાનગી બેન્કો લઘુતમ બેલેન્સની રકમ વધારી રહી છે, ત્યારે જાહેર ક્ષેત્રની બેન્કો લઘુતમ બેલેન્સ ચૂકી જવા સામેનો દંડ માફ કરી રહી છે. નોંધવા જેવી વાત છે કે દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેન્ક સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા અને ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેન્ક એચડીએફસી બેન્કમાં પણ મિનિમમ બેલેન્સની આટલી મોટી રકમ નથી!

આપણે આ સંદર્ભે અન્ય બેન્કો વિશે વાત કરીએ તો બેન્ક ઓફ બરોડા, પંજાબ નેશનલ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક, એક્સિસ બેન્ક અને યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયામાં પણ બચતખાતા માટેની લઘુત્તમ બેલેન્સની રકમ આટલી મોટી નથી. આ રીતે એક ઝાટકે મિનિમમ બેલેન્સની રકમ પાંચગણી વધારી દેવાઇ હોવાથી હવે મધ્યમ વર્ગ તો આ બેન્કમાં ખાતું ખોલાવવા વિશે માત્ર વિચારવા માટે પણ સો વાર વિચાર કરશે!

જોકે, આ સંદર્ભે રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રા કહે છે કે બેંકો પોતાનું લઘુતમ બેલેન્સ નક્કી કરવા માટે મુક્ત છે. ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ)એ હાલમાં જ પત્રકારો સાથેની વાતચીતમાં એવી સ્પષ્ટતા કરી છે કે બચત ખાતાઓમાં લઘુતમ સરેરાશ બેલેન્સ (એમએબી)ની રકમ કે પ્રમાણ અંગેનો નિર્ણય ફક્ત વ્યક્તિગત બેંકોનો પોતાનો હોય છે. સોમવારે ગુજરાતમાં એક નાણાકીય સમાવેશ કાર્યક્રમમાં બોલતા, આરબીઆઇ ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે આ મુદ્દો કેન્દ્રીય બેંકના નિયમનકારી ક્ષેત્ર હેઠળ આવતો નથી.

ભારતીય રિઝર્વ બેંકે સ્પષ્ટતા કરી છે કે વ્યક્તિગત બેંકો બચત ખાતાઓ માટે લઘુતમ સરેરાશ બેલેન્સની આવશ્યકતા કે નિયમ નક્કી કરવાની સ્વાયત્તતા ધરાવે છે. આનો અર્થ એ થયો કે આ મુદ્દા પર દેશની મધ્યસ્થ બેન્કનું કોઇ નિયમન લાગુ થતું નથી. આ વાત કદાચ નવી નથી અને વર્ષો જૂનો નિયમ છે, પરંતુ એક ઝાટકે પાંચ ગણો વધારો થયો હોવાથી અને રકમ ખૂબ જ મોટી હોવાથી મધ્યમ વર્ગમાં નારાજગીની લાગણી પ્રસરી છે.

એકતરફ, કેટલીક ખાનગી બેંકો મિનિમમ એવરેજ બેલેન્સની રકમ વધારી રહી છે, ત્યારે બીજી તરફ સ્ટેટ બેન્ક, પંજાબ નેશનલ બેન્ક, કેનેરા બેંક અને ઇન્ડિયન બેંક સહિત ઘણી સરકારી બેંકો નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવા માટે લઘુત્તમ બેલેન્સ ન જાળવવા બદલ લાગુ થનારો દંડ માફ કરી રહી છે.

એ પણ નોંધવું રહ્યું કે,નવા ફેરફાર મુજબ બેલેન્સ જાળવવામાં નિષ્ફળ જનાર ખાતાધારકે જેટલી રકમની ઘટ એના છ ટકા અથવા રૂ. ૫૦૦, બેમાંથી જે નાની રકમ હોય એટલી પેનલ્ટી ભરવી પડશે. અગાઉ આ રકમ રૂ. ૪૫૦ હતી.

મિનિમમ બેલેન્સ ઉપરાંત કેશ ટ્રાન્ઝાકશનના સર્વિસ ચાર્જમાં પણ વધારો કરવામાં આવ્યો છે, જે મુજબ ગ્રાહકો હવે બ્રાન્ચ અને કેશ રિસાઇક્લર મશીનમાં ત્રણ જ વખત કોમ્પ્લીમેન્ટ્રી કેશ ડિપોઝિટ કરી શકશે. એ પછી દરેક ટ્રાન્ઝાકશન પાછળ રૂ. ૧૫૦નો ચાર્જ ચૂકવવો પડશે.

એ જ રીતે, નિઃશુલ્ક ડિપોઝિટ માટે માસિક કુલ મર્યાદા એક લાખ રૂપિયાની છે, એ પછી પ્રત્યેક રૂ. ૧૦૦૦ની ડિપોઝિટ સામે રૂ. ૩.૫૦ અથવા રૂ. ૧૫૦, બેમાંથી જે ઊંચી રકમ હશે, એટલી ફી ચુકવવી પડશે.

આ ઉપરાંત થર્ડ પાર્ટી દ્વારા કેશ ડિપોઝિટ માટે ટ્રાન્ઝાકશન દીઠ રૂ. ૨૫,૦૦૦ની મર્યાદા રહેશે. એ જ સાથે એટીએમ કેશ વિડ્રોઅલ પર પણ પ્રથમ ત્રણ ટ્રાન્ઝાકશન બાદ રૂ. ૮.૫૦થી રૂ. ૨૩ સુધીનો ચાર્જ લાગુ થશે. ■

## નાણાં મંત્રાલયને ફરિયાદ

બેંકિંગ હિસ્સેદારોનાં હિતોની હિમાયત કરતી કોલકાતા સ્થિત એક સિવિલ સોસાયટી ફોરમે નાણાં મંત્રાલયને પત્ર લખીને નવા બચત ખાતાઓ માટે લઘુતમ સરેરાશ બેલેન્સ (એમએબી)ની જરૂરિયાત વધારવાના બેંકના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની વિનંતી કરી છે.

સંગઠનના મતે આ પગલું સરકારના સર્વસમાવેશી બેંકિંગ અને વિકાસના વિઝન માટે હાનિકારક, અન્યાયી અને અધોગતિ તરફ દોરી જનારું છે.


પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com


# ટ્રમ્પનો નવો વર્લ્ડ ઓર્ડરઃ હુમલો કરો - તાકાતથી જીતો ને પ્રદેશ પણ રાખો!



હવે વિશ્વમાં નવો વર્લ્ડ ઓર્ડર જોવા મળે છે. આ ઓર્ડર 'જેની લાઠી એની ભેંસ' જેવો છે. જે હુમલાખોર હોય એને કોઈ સજા થતી નથી અને એને ઈનામમાં જીતેલી જમીન મળે છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને રશિયાના એમના સમકક્ષ વ્લાદિમીર પુતિન ભારતના આઝાદી દિન એટલે કે ૧૫ ઓગસ્ટે અમેરિકાના અલાસ્કામાં મળવાના છે. અગાઉ શિખર પરિષદ યુએઈમાં મળવાની હતી, પરંતુ પછી અલાસ્કા પર કળશ ઢોળવામાં આવ્યો છે. આ એ જ અલાસ્કા છે, જે રશિયાએ અમેરિકાને ૧૮૬૭માં ૭૨ લાખ ડૉલરમાં વેચ્યું હતું. આના રશિયન કનેકશનને જોઈને જ આ સ્થળની પસંદગી કરવામાં આવી છે. આમે પુતિન સામે આંતરરાષ્ટ્રીય અદાલતનું વોરંટ હોવાથી એ ઘણા દેશમાં જઈ શકતા નથી. યક્ષ પ્રશ્ન તો એ છે કે 'માત્ર એક દિવસમાં રશિયા-યુક્રેન જંગને અટકાવા'નો દાવો ચૂંટણી પ્રચાર દરમિયાન કરનારા ટ્રમ્પ સત્તા સંભાળ્યાના છ મહિનામાં આ કિસ્સામાં કોઈ મોટો મીર મારી નથી શક્યા.

પુતિન પોતાના મિત્ર હોવાનો ટ્રમ્પ હંમેશાં દાવો કરે છે. આમ તો ટ્રમ્પ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ પોતાના મિત્ર હોવાનો દાવો કરતા રહ્યા છે, પરંતુ ભારત પર ૫૦ ટકા ટૅરિફ લાદીને એમણે કેવી 'અચ્છી દોસ્તી' નિભાવી એ સૌ કોઈ જાણે છે. ટ્રમ્પ એક તરંગી, જુઠા બોલનારા અને વારંવાર યુ-ટર્ન લેનારા શાસક છે. ઓબામાની જેમ નોબલ પ્રાઈઝ મેળવવાની એમની અદમ્ય ઈચ્છા (કે પછી વાસના!) છે... આથી 'માન ન માન મૈં તેરા મહેમાન' બની જાય છે. 'ભારત- પાકિસ્તાનની લડાઈ મેં અટકાવી' એવો દાવો એમણે ૩૦થી વધારે વાર કર્યો છે.

આ દાવાને ભારતે નકારી કાઢતાં ક્રોધિત થયેલા ટ્રમ્પે ભારત પર પચાસ ટકા ટૅરિફ ફટકારી છે. બીજી બાજુ, પુતિન વારંવાર દગો આપ્યા છતાં ટ્રમ્પ એમનો પીછો છોડતા નથી. ટ્રમ્પ કહે છે કે મારી વાઈફ મેલાનિયાએ મને પુતિન અંગે સાવધાન કર્યા હતા. એણે મને કહ્યું હતું કે પુતિન સવારે ફોન પર તો સમાધાનની વાત કરે છે, પરંતુ સાંજે યુક્રેન પર જબરદસ્ત બોમ્બમારો કરે છે. પુતિનના આવા વિશ્વાસઘાતથી ટ્રમ્પ એટલા ધુંઆપુંઆ થઈ ગયા કે એમણે પુતિનને નવી મહેતલ આપીને જબરદસ્ત ટૅરિફ લાદવાની ધમકી આપી હતી.... આ ડેડલાઈન આઠ ઓગસ્ટે પતે એના બે દિવસ પહેલાં ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફે મોસ્કો જઈને પુતિન સાથે ત્રણ કલાક મંત્રણા કરી હતી. આમાં શિખર પરિષદનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો હતો.

જોકે, પુતિને વાતચીત પહેલાંજ અમેરિકા આગળ કડક શરતો મૂકી છે અને આ શરતોના આધારે યુદ્ધવિરામ થયો તો યુક્રેને ક્રિમીયા ઉપરાંત તેનો ૨૦ ટકા પ્રદેશ રશિયાને સોંપી દેવો પડશે. મુશ્કેલી તે છે કે યુક્રેનના ચાર પ્રદેશો લુહાન્કસ, ડોનેન્સક, ઝાપોર્ઝિયા અને ખેરસન માગી રહ્યું છે. કાળા સમુદ્રમાં આવેલા ક્રિમિયન દ્વિકલ્પની ઉપર તો રશિયાનો ૨૦૧૪થી કબજો છે હવે તે પ્રદેશો રશિયા વિધિવત રીતે પોતાને મળે એમ પુતિન ઈચ્છે છે. શાંતિ યોજનામાં યુક્રેનના અમુક વિસ્તારો રશિયાને સોંપવાના બદલામાં યુદ્ધ ખતમ કરવાની જોગવાઈ છે. રશિયા ઈચ્છે છે કે, યુક્રેન પોતાની બે મોટી જમીન ડોનેટ્સ્ક અને લુહાંસ્ક ખાલી કરે. બદલામાં રશિયા ખારકીવ અને સુમી જેવા નાના વિસ્તારોમાંથી પોતાની સેના પાછી ખેંચી લેશે.

ટ્રમ્પ નિવેદનમાં કહે છે કે, એ પુતિન સાથે મુલાકાત કરવાના છે. યુક્રેનને અનેક શરતો પર તૈયારી દર્શાવવી પડશે. જમીનની અદલા-બદલીનો પ્રસ્તાવ પણ છે. આનો અર્થ એ થયો કે ટ્રમ્પના નવા વર્લ્ડ ઓર્ડરમાં આક્રમણ કરનાર દેશ બીજાનો પ્રદેશ હડપ કરી લે એ ટ્રમ્પને માન્ય છે... ટ્રમ્પ રશિયા સાથે સારી વેપાર ડીલની લાલચ આપે તો તરત જ માની જાય એમ છે.

પ્રશ્ન તે છે કે ઝેલેન્સ્કી તે વિસ્તારો જતા કરવા સહમત થશે? અમેરિકા આ બેઠકમાં યુક્રેનને સામેલ કરવાની વિચારણા કરી રહ્યું હતું, પરંતુ રશિયાએ આ પ્રસ્તાવનો જોરદાર વિરોધ કર્યો હતો. ટ્રમ્પ અને પુતિનની શિખર પરિષદ સફળ રહે તો બાદમાં ટ્રમ્પ-પુતિનને ઝેલેન્સ્કી વચ્ચે ત્રિપક્ષીય મંત્રણા થાય એવી સંભાવના છે.

રશિયા જાપોરિઝિયા અને ખેરસોનમાં ચાલુ યુદ્ધને રોકી શકે છે, પરંતુ આ યુદ્ધમાં ૭૦ ટકાથી વધુ જમીન પર કબજો મેળવી લીધો હોવાથી તે કબજો પોતાની પાસે જ રાખવા માગે છે. યુક્રેન કોઈપણ રીતે જમીન આપવા તૈયાર નથી. ગત શનિવારે ઝેલેન્સ્કીએ ગુસ્સામાં નિવેદન આપ્યું હતું કે, યુક્રેનનું બંધારણ જમીનનું રક્ષણ કરે છે. એક ઈંચ જમીન પણ રશિયાને આપીશું નહીં. યુક્રેનના આવા વલણથી એ બંને દેશ વચ્ચે શાંતિ મંત્રણામાં આ શરત અવરોધ સર્જી શકે છે.

રશિયા વિશ્વને જણાવવા માગે છે કે, યુક્રેન ટ્રમ્પની આકર્ષક યોજનાને ફગાવી રહી રહ્યું છે. આ પગલાં સાથે રશિયા વિશ્વને ગેરમાર્ગે દોરવા માગે છે. રશિયા જમીનના બદલામાં શાંતિ ઈચ્છે છે. જે તેનો રાજકીય દાવ છે.

અત્યારે તો બધાની નજર પુતિન અને ટ્રમ્પ વચ્ચેની શાંતિ મંત્રણા પર છે. ટ્રમ્પે યુક્રેન અને યુરોપની બાદબાકી કરીને એમના પર યુદ્ધવિરામ ઠોકવા માગે છે. યુરોપના દેશોએ તો શિખર મંત્રણા પહેલાંજ વિરોધનો સૂર વ્યક્ત કર્યો છે. યુક્રેનને ઘણું સમાધાન કરવું પડે એમ છે. ઝેલેન્સ્કીની રાજકીય કરીઅર ભયમાં મૂકાઈ જશે. યુક્રેનના 'નાટો'ના સભ્ય બનવાની કોઈ સંભાવના નથી. યુક્રેને ક્રિમિયા ઉપરાંત ૨૦ ટકા જેટલી જમીન ગૂમાવી પડે તો રશિયા અને પુતિન બાજી મારી જશે એમાં કોઈ શંકા નથી. આમ પુતિનના છટકામાં ટ્રમ્પ ફરી સપડાઈ જશે. હા, એમની નોબેલ પારિતોષિક મહેચ્છા કદાચ સાકર થઈ જાય. જો યુદ્ધવિરામ થાય તો ભારતને પણ રાહત મળી શકે. અમેરિકા રશિયા પાસેથી તેલ લેવા માટે લાદેલી ટૅરિફ રદ કરી શકે. ■

## આ તો સ્કેમ છે...




# વહાલામાંથી દવલા ને ભાગેડુ બનેલા ડૉ. તેજાની આંચકાજનક દાસ્તાન...


પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com



ડૉ. જયંતી ધર્મા તેજાની સંપૂર્ણ પડતીનું કાઉન્ટડાઉન જોશભેર શરૂ થઈ ગયું હતું. જવાહરલાલ નહેરુના અવસાન સાથે આરંભ થયો, ને લાલ બહાદુર શાસ્ત્રીના આગમન સાથે સારો સમય પૂરો થયો. પછી આવ્યાં ઈંદિરા ગાંધી. તર્ક મુજબ તો જવાહરલાલ ખાસમખાસને તો દીકરી ઈંદિરાના શાસનમાં વાંધો આવવો ન જોઈએ, પરંતુ એવું થવાનું નહોતું. કારણ? રાજકારણ જાણે.

ઈસ્વી સન ૧૯૬૬માં ઈંદિરા ગાંધી વડા પ્રધાન બન્યાં અને ડૉ. તેજાની જયંતી શિપિંગ કોર્પોરેશન વિરુદ્ધ તપાસ શરૂ થઈ ગઈ. આ તપાસમાં એક પછી એક નવા ફણગા ફૂટવા માંડ્યા. આ જહાજી કંપનીની ગાઈ વગાડેલી સૌથી મોટી સિદ્ધિ હતી જાપાનની વિશ્વ-વિખ્યાત કંપની મિત્સુબુસી સાથે જોડાણ. પરંતુ જહાજ ખરીદ્યા બાદ પહેલો હપ્તા આવ્યા બાદ એને કોઈ ચુકવણી કરાઈ નહોતી. આને લીધે જાપાની કંપનીએ બીજાં જહાજોની ડિલિવરી સ્વાભાવિક રીતે જ અટકાવી દીધી હતી.

બીજી ચોંકાવનારી હકીકત એ બહાર આવી કે જયંતી શિપિંગ કોર્પોરેશન નુકસાનમાં ચાલતી કંપની બની ગઈ હતી પણ એના સર્વેસર્વા ડૉ. તેજાના નફા-કમાણીમાં લેશમાત્ર ઘટાડો થયો નહોતો. આક્ષેપ એવો પણ થયો કે ડૉ. તેજા તો દરેક કોન્ટ્રેક્ટ કમિશન-કટ થકી પોતાની કમાણીમાં વધારો કરી રહ્યો હતો.

સરળ ભાષામાં સમજીએ તો સરકારી લોનથી ઊભી થયેલી કંપની નુકસાનમાં ડૂબી રહી હતી, ને એના -થકી ધંધો કરીને તેજા મસ્ત તરી રહ્યો હતો. આ સાથે ડૉ. તેજા પર નિતનવા આરોપો થવા માંડ્યા. પૈસાની ગેરકાયદે લેવડદેવડ, પાસપોર્ટ નિયમોના ઉલ્લંઘન અને વિઝાની છેતરપિંડી.

૧૯૬૬માં જ ડૉ. જયંતી ધર્મા તેજાની ધરપકડ માટેનું વૉરંટ બહાર પડાયું. એ સમયે ડૉ. તેજા પત્ની સાથે ફ્રાંસમાં વેકેશન માણી રહ્યો હતો અને ભારતીય પોલીસ એના સુધી પહોંચે એ પહેલા એકદમ હવામાં ઓગળી ગયો.



એક સમયે રાજકારણી, મીડિયા અને ઉદ્યોગોનો વહાલો હવે દવલો બનીને ભાગમભાગ કરવા માંડ્યો હતો. આટલું જ નહિ, ભારત સહિત અમુક દેશોની સરકાર અને ઈન્ટરપોલ સાથે પાંચ-પાંચ વર્ષ સુધી સંતાકુકડી રમતો રહ્યો ડૉ. તેજા.

આખરે ૧૯૭૦માં અમેરિકામાં ડૉ. જયંતી ધર્મા તેજાની ધરપકડ કરાઈ, પરંતુ અમેરિકાની અદાલતમાં એને જામીન મળી ગઈ. પછી તો જામીનની શરતોને ઘોળીને પી ગયા બાદ ડૉ. તેજા ભાગીને કોસ્ટારીકા પહોંચી ગયો . ત્યાંની સરકારે એને ત્રણ વર્ષ સુધી આશ્રય આપ્યો.

ફરી ૧૯૭૦માં બનાવટી ઓળખાણ સાથે સફર કરતા લંડનના હિથ્રો એરપોર્ટ પર ડૉ. તેજા પકડાઈ ગયો. અહીંથી એક અલગ શરૂઆત થઈ, જેણે ભારતભરને આંચકો આપ્યો. બ્રિટન પોતાને પ્રત્યાર્પણ સંધિ હેઠળ ભારત ન મોકલી દે એટલે ડૉ. તેજાએ લંડનના કોર્ટમાં સનસનીખેજ દાવો કર્યો કે નહેરુના શાસનમાં મને ટૉપ સિક્રેટ મિશન માટે ૧૪-૧૪ વખત સોવિયેત સંઘ મોકલાયો હતો.

અહિં એ સમયનો આંતરરાષ્ટ્રીય રાજકીય સીનારિયો ટૂંકમાં સમજીએ. અમેરિકા અને સોવિયેત સંઘ વચ્ચેના શીત યુદ્ધમાં બ્રિટન અમેરિકાની પડખે હતું. ડૉ. તેજાએ ભારત સરકારની આબરૂને રેવડી દાણાદાણ કરવી હતી. સાથોસાથ આવા અમેરિકા વિરોધી મિશન હાથ ધરનારને બ્રિટન ભારતને પાછો સોંપી ન દે એવી ડૉ. તેજાની રમત હતી. પરંતુ લંડનમાં ખેલેલા આ ડ્રામામાં ડૉ. તેજાને ધાર્યું કલાઈમેક્સ કે પરિણામ હાંસલ ન થયા.

છેવટે ૧૯૭૧ના એપ્રિલ મહિનામાં ડૉ. તેજાને ભારત મોકલી દેવાયો. એ ચમકદાર-દમદાર શૂટમાં ઊતર્યો. તરત તેને કારમાં બેસાડીને પોલીસ વડાની કચેરીમાં લઈ જવાયો. ત્યાં ઠંડું પીણું પીવડાવાયું.

ત્યારબાદ અદાલતમાં ડૉ. જયંતી ધર્મા તેજા વિરુદ્ધ ખટલો શરૂ થયો. ૧૯૭૨ના ઑક્ટોબરમાં ત્રણ વર્ષની કેદ થઈ. ૧૯૭૫માં જેલમાંથી બહાર આવી ગયા, પરંતુ એના દુસાહસનો આ અંત નહોતો.

ભારતીય કાયદા મુજબ બે વર્ષથી વધુ સમયની જેલની સજા થઈ હોય એ ગુનેગારને પાસપોર્ટ પાછો મળતો નથી, પરંતુ અખબારી અહેવાલો પ્રમાણે પછી ડૉ. તેજા ભારતના તત્કાલીન વડા પ્રધાન મોરારજી દેસાઈના પુત્ર કાંતિ દેસાઈ અને કેન્દ્રિય પ્રધાન સિકંદર બખ્ત સાથે એરપોર્ટ પર દેખાયો હતો. અહીંથી ડૉ. તેજા વિમાનમાં ઊડીને અમેરિકા પહોંચી ગયો. સાવ પાસપોર્ટ વગર, કાયદા વિરુદ્ધ અને પાસપોર્ટ પાછો મળી ગયો કે...?

આ ઘટનાએ કંપારી જગાવી. સંસદમાં હોબાળો મચ્યો ત્યારે વડા પ્રધાન મોરારજી દેસાઈ બોલ્યા હતા, ડૉ. તેજાએ સરકાર પાસેથી જેટલું લીધું, એનાથી ઘણું આપ્યું છે. આથી તે ગમે ત્યાં આવવા-જવા માટે સ્વતંત્ર ગણાય.

પરંતુ મોરારજી દેસાઈની જનતા દળની ખીચડી સરકાર તૂટી પડ્યા બાદ ચૌધરી ચરણસિંહ વડા પ્રધાનપદે આવ્યા. એમની સરકારે તો ડૉ. તેજાને લઈ જનારા વિમાનની કંપની પેન એમ વિરુદ્ધ અદાલતમાં કેસ કરી દીધો. પેન એમનો દાવો હતો કે જ્યારે બે સરકારી માણસ ડૉ. તેજાને મૂકવા આવ્યા હોય તો અમારી ભૂલ શા માટે ગણાય? આ દલીલબાજીમાં કેસ લાંબો ચાલ્યો. પણ ૧૯૯૧માં પેન એમ કંપનીએ નાદારી નોંધાવી અને કેસ તો ચુકાદા વગર ખતમ થઈ ગયો. ડૉ. જયંતી ધર્મા તેજા વિરુદ્ધના આ ખટલામાં ભારત સરકારે નવ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો, જેની વસૂલી ક્યારેય ન થઈ શકી. ડૉ. તેજાની કંપની તો દેવાળું ફૂંકી ચુકી હતી. અંતે જયંતી શિપિંગ કોર્પોરેશનનું રાષ્ટ્રીયકરણ કરીને સરકારે સંતોષ માનવો પડ્યો હતો.

ડૉ. તેજાની વાર્તામાં હજી અણધાર્યા વળાંક આવવાના હતા. ૧૯૮૩માં ફરી એની ભારતમાં પધરામણી થઈ. શા માટે? ફરી વેપાર શરૂ કરવાની ઈચ્છા હતી, પરંતુ આ વખતે ક્યાંય જરાય મેળ ખાધો નહીં. અંતે ૧૯૮૪માં ઈન્દિરા ગાંધીની હત્યા બાદ તેણે ફરી ભારત છોડી દીધું. ૧૯૮૫ની ૨૫મી ડિસેમ્બરે બધા ક્રિસમસ ઉજવતા હતા, ત્યારે તેજાએ અમેરિકાના ન્યૂ જર્સીમાં અંતિમ શ્વાસ લીધા ને આખરી સફર પર નીકળી પડ્યો. (સંપૂર્ણ) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## ઢળતી સાંજે સૂર્યોદય



ઉમંગ - ઉત્સાહ હોય તો ઉંમર જખ મારે એવા પ્રસંગ વાર તહેવારે બનતા હોય છે અને અન્યોને પ્રેરણા આપતા રહે છે. બૌદ્ધિક અને સાંસ્કૃતિક ઊંચાઈ ધરાવતા સ્કોટલેન્ડની રાજધાની એડિનબર્ગના ક્રિસ્ટિન થાયને નામના સન્નારી (માજી કે વૃદ્ધા કહેવું અજુગતું લાગે છે) ૮૨ વર્ષની ઉંમરે 'ઊગતા કલાકાર'ની ઓળખ મેળવી પ્રથમ કાર્યક્રમ આપવા સજ્જ થઈ રહ્યાં છે.

હાલ ચાલી રહેલા એડિનબર્ગ ફ્રિન્જ ફેસ્ટિવલમાં સોલો પરફોર્મન્સ આપી 'ન કરવા જેવાં બધાં કામ' કરવાના છે. નહીં કરવાના કામ વિશે કોઈ ગેરસમજ નહીં બાંધી લેતા, કારણ કે ૮૦ વર્ષની ઉંમરે કોઈ ન કરી શકે અથવા હિંમત ન કરવી જોઈએ એવી કોશિશ લેડી ક્રિસ્ટિન કરી રહ્યાં છે. ૧૯૬૦માં ફિઝિયોથેરાપીસ્ટની ડિગ્રી મેળવ્યા ઉપરાંત એડવેન્ચર સ્પોર્ટ્સમાં ખેડાણ કર્યું હોવાથી સાહસિક વૃત્તિ એમનામાં વણાઈ ગઈ હતી. ૧૯૮૦ના દાયકામાં લગ્ન તૂટી ગયા પછી મેડમે 'એડિનબર્ગના નેશનલ સેન્ટર'ની ડાન્સ ક્લાસની એડવર્ટાઈઝમેન્ટ જોઈ જેમાં લખ્યું હતું કે ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે ફ્રી કલાસીસ. ક્રિસ્ટિનની ઉંમર ત્યારે ૬૮ વર્ષની હતી અને એમણે જાતને સવાલ કર્યો કે 'હિંમત કરું?' માંહ્યલાએ હા પાડી અને ૨૦ - ૩૦ વર્ષની ઉંમરની યુવતીઓ જે પ્રકારના ડાન્સ કરે છે એ કરવા સન્નારી તૈયાર થઈ ગયાં છે. 'મન હોય તો માળવે જવાય' જેવી કહેવતો આવા જ ઉદાહરણ પરથી બની હશે.

## સાચે જ કાયદો...



'ડેવિડ કોપરફિલ્ડ, 'ધ પીકવિક પેપર્સ' જેવી ખ્યાતિ પ્રાપ્ત નવલકથા લખનારા બ્રિટિશ સર્જક ચાર્લ્સ ડિકન્સની નોવેલ 'ઓલિવર ટ્વિસ્ટ'માં Law is an ass- કાયદો ગધેડો છે એવું સણસણતું વિધાન એક કેસના સંદર્ભમાં કરવામાં આવ્યું છે. આ વિધાનનો પરચો સમયાંતરે માણસજાતને મળતો રહ્યો છે. ઉત્તર પ્રદેશના એક જૂના મારપીટના તારીખ પે તારીખના મામલામાં ૨૯ વર્ષના અંતે અદાલતે સુણાવેલો ફેંસલો ચાર્લ્સ ડિકન્સના વિધાનનું સ્મરણ કરાવી દે છે. ૧૯૯૬માં મામૂલી ઝઘડામાં બે ચાર અડબોથ લગાવી દેવાનો મામલો અદાલતમાં ગયો અને અનેક સુનાવણી પછી ન્યાયમૂર્તિએ ત્રણ આરોપીને એક એક દિવસની જ્યુડિશિયલ કસ્ટડી અને ૫૦૦ - ૫૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. દંડ નહીં ભરવામાં આવે તો વધુ ૨૦ દિવસની સજા કરવામાં આવશે. ૨૯ વર્ષ ચાલેલા કેસમાં આવી સજા! કેસના કેટલાક સાક્ષીની ભાળ આજની તારીખમાં મળવી અસંભવ છે. આશ્ચર્યની વાત એ છે કે ત્રણેય આરોપી હયાત છે અને સજા સાંભળી તેઓ દુઃખી થયા હશે કે હસવું આવ્યું હશે એનું અનુમાન દરેક જણે જાતે બાંધી લેવું. સાચે જ કાયદો....

## ગીરની ગાય વગાડે છે ડંકા બ્રાઝિલમાં...



દુધાળા પ્રાણીમાં ગીરની ગાયનું નામ માનવંતું છે. સૌરાષ્ટ્રના ગીર પ્રદેશ ઉપરથી આ જાતનું નામ આપવામાં આવ્યું છે. વિદેશમાં અને ખાસ કરીને બ્રાઝિલ તેમ જ ઑસ્ટ્રેલિયામાં તેની નિકાસ કરવામાં આવી છે. હાલ બ્રાઝિલમાં આપણી ગીર ગાય અને બ્રાઝિલની હોલ્સ્ટીન ગાયના વર્ણસંકરની ઓલાદ Girolando ગાય દૂધ આપવામાં ડંકો વગાડી રહી છે. આ બધી ગાય સમગ્ર વર્ષ દરમિયાન અઢળક દૂધ આપે છે. એમાં હેરત પમાડનારી વાત એ છે કે કેટલીક ઓલાદ એક દિવસમાં ૧૦૦ લિટરથી વધુ દૂધ આપે છે.!

'કમાઉ દીકરા સૌને વહાલા' એ ન્યાયે બ્રાઝિલના પશુપાલકો વિક્રમી દૂધ આપતી Girolando ગાયની માલિકી બદલ ગર્વ અને ગૌરવ અનુભવે છે. ફૂટબોલ માટે જગ પ્રસિદ્ધ દક્ષિણ અમેરિકાના દેશ બ્રાઝિલના પશુપાલકો તેમને ત્યાં આયોજિત ડેરી ટુર્નામેન્ટમાં ગીરની ગાયની ઓલાદ સ્પર્ધામાં ઉતારે છે અને નિયત સમયમાં કોની ગાય વધુ દૂધ આપે છે એની હરીફાઈ કરે છે. બ્રાઝિલના મહત્તમ દૂધ ઉત્પાદક રાજ્ય મિનાસ ગેરેસમાં થયેલી સ્પર્ધામાં ગીરની ગાયની વર્ણસંકર ઓલાદ ત્રણ દિવસમાં ૩૪૩ લિટર દૂધ આપી નવો રાષ્ટ્રીય વિક્રમ સ્થાપવામાં સફળ રહી હતી. ગીરની ગાયના ગીત બ્રાઝિલમાં ગવાઈ રહ્યા છે એ આપણા માટે અતિ આનંદના સમાચાર છે.

## ટેનિસની કમાણી ટેનિસમાં સમાવી



ક્રિકેટ 'સજ્જનોની રમત' (જેન્ટલમેન્સ ગેમ)નો સિક્કો ધરાવે છે. જોકે, સમયાંતરે ક્રિકેટમાં બદમાશીનું તત્ત્વ ઘૂસી ગયું છે અને આજની તારીખમાં ટેનિસની રમત જેન્ટલમેન્સ ગેમ તરીકે વધુ સ્વીકૃત છે. આ પ્રમાણપત્રને યથાર્થ ઠેરવતા પ્રસંગો વારંવાર જોવા-સાંભળવા મળે છે.

તાજેતરમાં વિમ્બલ્ડન ટેનિસ સ્પર્ધામાં સિંગલ્સના ચેમ્પિયન બનેલા ઈટલીના યાનિક સિનરને પ્રાઈઝ મની પેટે ત્રણ લાખ પાઉન્ડ (આશરે ત્રણ કરોડ ૪૫ લાખ રૂપિયા) મળ્યા. આ પૈસામાંથી મોંઘીદાટ કાર ખરીદવા કે બીજી કોઈ વૈભવી વસ્તુ પાછળ ખર્ચવાને બદલે એણે સમગ્ર રકમ ટેનિસની એકેડેમી બાંધવા માટે દાન કરી દીધી. ટેનિસ રમી એમાં કરિયર બનાવવા ઉત્સુક એવાં ઘણાં બાળકો હોય છે જેમના માટે આ રમતની તાલીમ મેળવવી પહોંચ બહારની વાત હોય છે. એવા બાળકો કોશિશ કરી શકે અને આ રમતમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનું સપનું સાકાર કરી શકે એ માટે સિનર કટિબદ્ધ છે. એ કહે છે:

'નાનપણમાં મારા હાથમાં એક જૂનું રેકેટ હતું, પણ હું મોટાં સપનાં જોતો હતો. હવે બીજાં અનેક બાળકોના સપનાં સાકાર થાય એ દિશામાં મેં પગલું માંડ્યું છે.'

હોટેલમાં જમવા જતી વખતે વાનગીના ભાવ જોયા પછી ઓર્ડર આપતા સિનર પાસે એટલા પૈસા છે કે ફરારી- લેમ્બર્ગીની કે મેઝેરાટી જેવી દોઢ બે કરોડ રૂપિયાની કાર ખરીદવી એના માટે મુશ્કેલ નથી, પણ એની પાસે ૫૦ લાખ રૂપિયાની કિંમતની કાર છે. પૈસાની કિંમત સમજી શકતા આવા લોકોથી જ ખેલકૂદ વધુ ઉજળું બને છે.

## લ્યો કરો વાત!

*દાન કોઈ હેતુસર કરવામાં આવે ત્યારે એને દાન કહેવું કે સોદા તરીકે ખપાવવું એવો વિચાર ક્ષણિક આવી જાય ખરો. આયર્લેન્ડના એક ખેડૂતે ચાલીસીની ઉંમરમાં પોતાની સમગ્ર પ્રોપર્ટી વેચી છ લાખ યુરો (આશરે છ કરોડ રૂપિયા) અંકે કર્યા. શેષ જીવન સુખ ચેનથી વિતાવવાને બદલે ભાઈશ્રીએ એકાદ મહિનામાં તો અડધોઅડધ રકમ તો ગરીબોને દાન કરી દીધી છે. ના, આ ભાઈ દાનવીર કર્ણના અવતાર નથી, પણ પ્રભુએ આદેશ આપ્યો હોવાનું કહેવાય છે કે જો તારી સમગ્ર સંપત્તિ દાન કરી દઈશ તો તને સ્વર્ગ મળશે. આ વાત ખેડૂત ભાઈએ ગંભીરતાથી લીધી છે અને ચાર હાથે દાન કરી રહ્યો છે. સ્વર્ગના દરવાજા વિશે તો પ્રભુ જાણે, પણ આ સિલસિલો ચાલુ રહ્યો તો મોઢાના પ્રવેશદ્વારથી અન્નના પ્રવેશનો પ્રોબ્લેમ થશે એટલું નક્કી.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**માતા શિક્ષક ગણાય તો પત્ની?**
* મહા-શિક્ષક...

**વાંદરો ગુલાંટ ખાવાનું કેમ ભૂલતો નથી?**
* ભૂલી પણ જાય તો વાંદરી સજા કરે!

**પ્રોફેસર ભૂલકણા શેમાં શેમાં હોય છે ?**
* પગાર સિવાયની બધી બાબતમાં...

**કઈ રેખાને પામવી અઘરી?**
* અભિનેત્રી રેખા...

**પાકિસ્તાન ક્યારે સીધું થશે?**
* ભારત જ્યારે ખરાખરીના પાઠ ભણાવશે ત્યારે...

**લગ્ન માટે જન્માક્ષરમાં ગુણાંક ના મળે તો?**
* જ્યોતિષને બમણાં ગુણાંકની દક્ષિણા આપવી...

**ડોક્ટર ભગવાન ગણાય. તો કમ્પાઉન્ડર?**
* પૂજારી!

**નોકરીદાતા પગાર કેવી રીતે બચાવી શકે?**
* કર્મચારીનો એકાદ મહિનાનો પગાર ગપચાવીને...

**ઝોકું આવી જાય તો?**
* ખાઈ લેવાનું ... બગાસાની જેમ!

**લોકો કઈ ફિલ્મ મફત જોવા તૈયાર હોય?**
* ફિલમ ઊતરતી હોય એની.

**મદહોશીમાં શું થાય?**
* ભલભલાના હોશકોશ ન રહે...

**જૂનું એટલું સોનું... તો નવું એટલે?**
* નવું અને વધુ મોંઘું સોનું!

**સપનાં સાચાં ક્યારે લાગે?**
* સૂતા હોઈએ ત્યારે...

**પોલીસ પીધેલાને જ કેમ પકડે છે?**
* કારણ કે પેલા પીતા હોય ત્યારે એનું પીવાઈ જાય ત્યાં સુધી પોલીસ રાહ જોતી હોય છે...

**ઝેરના પારખાં કેમ ના થાય?**
* જેમાં મરી જવાય એવા ખતરાના અખતરા કોણ કરે.

**પડ્યા પર પાટું એટલે?**
* પ્રેમિકાના પિતા ના પાડી દે પછી પ્રેમિકા પણ ના પાડે એને! ■

કચ્છી ચોવક__કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# શણગારો તો બાવળ પણ શોભે!

**'સોન જિત ઘડા જે, ઉતે અગે'** આ ચોવકમાં ઉપયોગમાં લેવામાં આવેલા શબ્દોના અર્થ મુજબ સંકલિત અર્થ એવો થયો છે કે, 'સોનું જ્યાં ઘડાય ત્યાં તેનું મહત્ત્વ રહે'! પ્રથમ શબ્દ 'સોન' એટલે સોનું, 'જિત'નો અર્થ થાય છે જ્યાં અને 'ઘડાજે' એટલે ઘડાય. 'ઉતે'નો અર્થ થાય છે ત્યાં અને 'અગે'નો મૂળ અર્થ તો 'આગળ' એવો થાય છે, પરંતુ અહીં 'અગે'નો પ્રયોગ છે, જે મહત્ત્વ કે માન-સન્માનના અર્થમાં લઈ શકાય! ચોવકનો ભાવાર્થ તો વળી જુદો જ છે! **'સોન જિત ઘડાજે'** એટલે આપણા શરીરનું પિંડ જ્યાં બંધાય, જ્યાં આપણે જન્મ થાય એ ધરતી પર આપણા જીવનને પોષણ મળે, માન મળે, સન્માન મળે! અગ્રેસર તરીકે ગણના થાય! છેને? શબ્દાર્થની અજાયબી?

સોનાની જ વાત શરૂ કરી છે તો, તેના પ્રયોગ વાળી બીજી એક ચોવક પણ માણીએ! ચોવક છેઃ **'સોનજી થારી મેં લો જી લી'** પહેલા શબ્દ સમૂહને 'સોનજી થારી મેં'નો અર્થ થાય છે, સોનાની થાળીમાં. 'લો' એટલે લોખંડ અને 'લી'નો અર્થ થાય છે, 'રેખા' કે લીટી કે મેખ! હવે યાદ કરો એક ગુજરાતી કહેવત! 'સોનાની થાળીમાં લોઢાંની મેખ'! એક વસ્તુ આખી ખૂબ જ સુંદર હોય પણ તેમાં કંઈક એવું હોય જે તેની સુંદરતામાં ડાઘ સમાન હોય! ભલે આપણે 'સોનાની થાળી'નું ઉદાહરણ જોઈએ છીએ, પણ ભાવાર્થનું ઊંડાણ સમજવાની જરૂર છે. ચોવક, માણસનાં વ્યક્તિત્વના ઓપની, તેની પ્રતિષ્ઠાની કે સમાજમાંના સન્માનનીય સ્થાનની વાત કરીને કહે છે કે, આ બધા ગુણોને લુણો લગાડે તેવા અવગુણોની! જેના કારણે વ્યક્તિત્વ ઝંખવાતું હોય છે.

એક સુંદર મજાની ચોવક છેઃ **'સુડબ સૂંણાં નેં પાલર ભિનાં'** અહીં પણ બે શબ્દના સમૂહનો એક અર્થ છે. 'સુડબ સૂંણાં' એટલે ચઢેલાં ડાચાં વાળો-વાળી! એ જ રીતે 'પાલર ભિનાં' એટલે વરસાદનાં તાજાં પાણીમાં પલળેલો! આટલી કવાયત પછી પણ અર્થ તો એટલો જ નીકળે છે કે, કોઈનો દેખાવ બરાબર ન હોવો!

ઘણાને સામે ચાલીને આફત વહોરી લેવાની આદત હોય છે. એવા લોકો માટે કચ્છીમાં એક ચોવક પ્રચલિત છેઃ **'સુતલ કે છીર ડીંણું'** 'સુતલ' એટલે આપવું કે દેવું. વળી એક ગુજરાતીમાં પ્રયોજાતી કહેવત આ ચોવકનો મૂળ અર્થ સમજવા જોઈએઃ 'સૂતા સૂર જગાવવાં' કે 'સિંહની બોડમાં હાથ' નાખવો!

**'સિભાજે ઈતરો વીતરીજે'** 'સિભાજે' એટલે સહન થાય તેટલું પણ અહીં 'પહોંચી વળવા'ના અર્થમાં તેનો ઉપયોગ થયો છે. 'ઈતરો' એટલે 'એટલું જ' 'વીતરીજે'નો અર્થ થાય છે વેતરવું! કોઈપણ આયોજન આપણે પહોંચી વળીએં કે પછી આપણી ક્ષમતા પ્રમાણે જ કરવું જોઈએ.

ઘણા લોકો, એટલે કે પુરુષો કે સ્ત્રીઓ જરા પણ શોભતાં ન હોય, પણ પાર્લર કે બ્યુટી પાર્લરમાંથી નીકળે અને પછી જરા ચિવટથી શણગાર કરે તો કાંઈક અંશે શોભે! આવા અર્થમાં એક ચોવક છે, જેમાં હકીકત પણ છે અને કોઈની મજાક-મશ્કરી કરવાની કળા પણ છે. ચોવક છેઃ 'સિણગાર્યો બાવર ય શોભે' અર્થ થાય છે બાવળને શણગારીએં તો એ પણ શોભી ઉઠે! 'સિણગાર્યો' એટલે શણગારેલો. 'બાવર' એટલે બાવળ. 'ય'નો અર્થ છે પણ અને શોભે એટલે... શોભે જ તો વળી! ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# ...પણ જીવન ઘડતરના શિક્ષણનું શું?



પ્રતીકાત્મક તસવીર

આમ જોઈએ તો શિક્ષણના બે ભાગ પાડી શકાયઃ વ્યવસાયલક્ષી શિક્ષણ અને વ્યવહારલક્ષી શિક્ષણ.

આજે વ્યવસાયલક્ષી શિક્ષણની વાત કરીએ. એ પછી અંકમાં વ્યવહારલક્ષી શિક્ષણની વાત કરીશું.

હાલમાં આપણે જે કંઈ પણ ડિગ્રીઓ માટે ભણીએ છીએ એ બધું જ વ્યવસાયલક્ષી શિક્ષણ કહેવાય છે. આ પ્રકારનું શિક્ષણ રોજગારી પૂરતું સીમિત છે. આ શિક્ષણનો મુખ્ય હેતુ બુદ્ધિનો વિકાસ કરવાનો, વ્યક્તિને વ્યવસાયમાં નિપુણ બનાવવાનો અને પોતાના જીવનનિર્વાહ માટે જરૂરી ધન કમાઈ શકે તે રીતે તેને પગભર કરવાનો છે.

આ શિક્ષણ વ્યક્તિને સાક્ષર બનાવે છે માટે અત્યંત જરૂરી છે. તેમ છતાં કોઈ વ્યક્તિ જીવનભર માત્ર વ્યવસાયલક્ષી શિક્ષણ લઈને બેસી રહે તો સાધન સંપન્ન જરૂર થાય, પણ જીવન ઘડતર તો બાકી જ રહે!

આ જીવનઘડતર માટે વ્યવહારલક્ષી શિક્ષણ જોઈએ. વ્યવસાયલક્ષી શિક્ષણ ના મળે તો લોકો સાક્ષર ના બને, પરિણામે સમાજમાં નિરક્ષરતા વ્યાપી જાય. તેથી વ્યવસાયલક્ષી શિક્ષણ જરૂરી માત્રામાં હોવું જ જોઈએ. પહેલાના સમયમાં ગામડાઓમાં લોકો ખૂબ અંધશ્રદ્ધા ધરાવતા હતા-દોરા-ધાગામાંઅટવાયેલાં હતા. હવે થોડું ઘટ્યું છે. લોકજાગૃતિથી સમાજમાં સાક્ષરતાનું પ્રમાણ વધ્યું છે. એકલું વ્યવસાયલક્ષી શિક્ષણ આપવામાં આવે તો પણ તકલીફ છે. તેનાથી બૌદ્ધિકતા ઊભી થાય, લોકો ઉદ્ધત અને અવિવેકી બની જાય. આપણે સમાજમાં ઘણી વાર કેટલાંક ડૉક્ટર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો અને એન્જિનિયરોને તોછડાઈથી વર્તતા જોઈએ છીએ અથવા તો ભ્રષ્ટાચાર -અનૈતિક કાર્ય કરતા જોઈએ છીએ એનું કારણ એમને વ્યવહારલક્ષી શિક્ષણ પૂરતા પ્રમાણમાં મળેલું હોતું નથી. એમણે વિદ્યા મેળવી છે, પરંતુ સદ્વિદ્યા નથી મેળવી.

ટૂંકમાં, વ્યવસાયલક્ષી શિક્ષણનો છેદ ઉડાવી દેવો એ પણ નુકસાનકારક છે અને એકલું વ્યવસાયલક્ષી શિક્ષણ ચાલુ રાખીએ તો એ પણ સમાજ માટે પૂરતું નથી. તો હવે કરવું શું?

જેમ કોઈ આયુર્વેદિક દવાને મધ અને દૂધ સાથે મિશ્ર કરીને લેવામાં આવે છે તેમ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની સાથે-સાથે વ્યવહારલક્ષી જ્ઞાન પણ અપાવવું જોઈએ. વિદ્યા સાથે સદ્વિદ્યા અને બ્રહ્મવિદ્યા પણ આપવી જોઈએ. જો તેમ કરવામાં આવે તો દવા ગરમ પણ ન પડે અને તેની યોગ્ય અસર પણ થાય! વ્યક્તિના વિકાસ માટે, સામાજિક ઉન્નતિ માટે અને દેશને પ્રગતિના પંથે લઈ જવા માટે જેટલું જરૂરી હોય, તેટલું શિક્ષણ આપવું જ જોઈએ. લોકોએ ઉચ્ચ ડિગ્રીઓ હાંસલ કરવી જોઈએ, તેમાં કંઈ ખોટું નથી. એમાં રોકાયેલા શિક્ષકો પૂરતું વેતન પણ લઈ શકે. કુટુંબનો આર્થિક વિકાસ થાય અને સામાજિક સ્તર ઊંચું આવે તે માટે આ શિક્ષણ જરૂરી છે. શિક્ષકોએ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક વાતાવરણ પૂરું પાડીને તેમના વ્યક્તિત્વનો વિકાસ કરવાનો હોય છે પણ અફસોસ! અત્યારે આ પ્રકારના શિક્ષણને ઉધઈ લાગી ગઈ છે. શાળાઓ અને કોલેજો એક 'ધંધો' બની ગયાં છે. આ પ્રકારના શિક્ષણનું મુખ્ય અંગ અનુશાસન કહી શકાય, જે હવે સમૂળગું લુપ્ત થઈ ગયું છે. શાળાઓ, બોર્ડ અને કૉલેજની પરીક્ષાઓમાં પોલીસ ઊભી રાખવી પડે છે. આ અનુશાસનની અધોગતિનું પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. 'ડોનેશન'ના પૂરમાં અત્યારની શાળા અને કૉલેજો તણાઈ ગઈ છે. બુદ્ધિની તીવ્ર હરીફાઈઓ વચ્ચે સમાજમાં રહેલા નબળા વિદ્યાર્થીઓનું કોઈ જ સ્થાન હોતું નથી. પચાસથી સાઈઠ ટકા માર્કસ લાવનારને લોકો 'બિચારો' કહે છે. આ બધી વસ્તુઓ વ્યવહારલક્ષી શિક્ષણને લાગેલાં કલંક છે. આ બધામાં દોષ શાળાઓ, સંસ્થાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો નથી, પણ દોષ આપણે જે બીજા પ્રકારનું શિક્ષણ લીધું નથી તેનો છે. તેના પરિણામે આજે આ પહેલા પ્રકારનું શિક્ષણ પણ આપણા હાથમાં રહ્યું નથી. એમાં પણ કોઈ શાળાઓ અને સંસ્થાઓ એટલી બધી 'પ્રોફેશનલ' બની ગઈ છે કે અમુક ટકાવારીથી નીચેના વિદ્યાર્થીઓને પ્રવેશ જ નથી આપતી. એ તો 'ભણેલાને ભણાવવા' જેવી વાત છે. નબળા વિદ્યાર્થીઓને ભણાવીને હોશિયાર બનાવવાની મહેનત કરવામાં કોઈને રસ નથી.

જગતમાં જો આ એક જ પ્રકારનું શિક્ષણ ચાલુ રહે તો, માણસની પ્રગતિ થવાની જગ્યાએ અધોગતિ થઈ જાય. લોકોનો માત્ર બૌદ્ધિક વિકાસ થાય, લોકો મની માઈન્ડેડ બની જાય અને શિક્ષણ એક બોજ બનીને રહી જાય. બોર્ડની પરીક્ષા અને પરિણામો પછી થતા આપઘાતની વાતો કોણ નથી જાણતું?

બીજા શબ્દોમાં બંને પ્રકારના શિક્ષણની યોગ્ય માત્રા જ આપણને આ બધામાંથી બચાવી શકે. એ માત્રા નક્કી કરાવાનું હજી કદાચ આપણે શીખ્યાં નથી. વ્યવસાયલક્ષી શિક્ષણ પોતે એક વ્યવસાય બની ગયું છે, 'માર્કેટિંગ'ની રમત બની ગયું છે. વ્યવસાયલક્ષી અભ્યાસક્રમમાં અને વ્યવસાયોમાં પણ એકસૂત્રતા જળવાતી નથી. ભણાવવાનું કંઈક જુદું હોય છે અને નોકરીમાં જઈને કામ કોઈ જુદા પ્રકારનું કરવાનું હોય છે. આ બધાં કારણોને લીધે બેકારોની સંખ્યા વધતી જાય છે. આ રીતે વ્યવસાયલક્ષી શિક્ષણનો જરૂરી ફાયદો આપણે ઊઠાવી શક્યા નથી એ દુઃખદ વાસ્તવિકતા છે. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# અપની આઝાદી કો હમ હરગીજ મીટા સકતે નહીં...

## આઝાદીના અઢી વર્ષમાં જ દેશે વિકાસની ગતિ પકડી લીધી હતી!

ભારત દેશને સત્તાવાર આઝાદી મળી એ પહેલાં એક અંતરિમ સરકાર બની હતી. બીજી સપ્ટેમ્બર, ૧૯૪૬ના દિવસે વડા પ્રધાન જવાહરલાલ નહેરુના નેતૃત્વ હેઠળ કાર્યભાર સાંભળ્યો હતો. આ સમયગાળામાં દેશના વિવિધ ભાગોમાં ભયાનક હિંસા થતા હજારો લોકો મૃત્યુ પામ્યા હતા. બ્રિટનની પાર્લામેન્ટમાં થયેલા એક નિર્ણય મુજબ ભારતને નિર્ધારિત સમય કરતાં વહેલો આઝાદ કરવાનું નક્કી થયું.

નવા આવેલા વોઈસરોય માઉન્ટબેટન સાથે આઝાદી માટેની યોજાયેલી મિટિંગમાં કોંગ્રેસ તરફથી નહેરુ, સરદાર અને કૃપલાણી તેમજ શીખ સમુદાય તરફથી સરદાર બળદેવસિંગ તેમ જ મુસ્લિમ લીગ તરફથી જિન્ના, લિયાકત અલી તેમ જ અબ્દુલ નિસ્તર હાજર રહ્યા હતા. લાંબી ચર્ચાઓના અંતે દેશના ભાગલા પડ્યા- સરહદો બની અને લોહિયાળ ઇતિહાસ વચ્ચે ભારત-પાકિસ્તાનનું સર્જન થયું.

લગભગ અઢીસો વર્ષની ગુલામી પછી દેશ આઝાદ થયો. ભારતમાં ગરીબી, નિરક્ષરતા અને ભૂખમરા સહીત વિસ્થાપન સમસ્યાઓના સમાંતરે મર્યાદિત સંસાધનો વચ્ચે ભારતનો સર્વાંગી વિકાસ કરવો જરૂરી હતો. ભૂતકાળ ભૂલીને ભવિષ્ય બનાવવા આઝાદીના પહેલા અઢી વર્ષમાં દેશે વિકાસ કરવા તરફ હરણફાળ ભરી હતી.

રોજેરોજ જાતજાતની સમસ્યાઓ આવતી હતી, આ સમસ્યાઓનો સામનો કરવા સાથે દેશ હરણફાળ ભરતા ક્યારેય અટક્યો ન હતો. આજે સાત દાયકા પછી દેશની સોશ્યલ મીડિયામાં રોજ વાંચવા મળતી ઘટનાઓને છોડતા થયેલી યાદગાર ઘટનાઓને ચોક્કસ યાદ કરવી જોઈએ.

બ્રિટિશ ઇન્ડિયામાં આશરે હજાર કરતાં વધુ આઈસીએસ અધિકારીઓની કેડર હતી. દેશ સ્વતંત્ર થયો ત્યારે કેટલાક નિવૃત્ત થયા. કેટલાક પાકિસ્તાન ગયા અને સરવાળે ભારત સરકાર પાસે તાલીમ પામેલા સિનિયર અધિકારીઓની સંખ્યા ફક્ત ચારસોથી પાંચસો વચ્ચે બચી હતી.

મહાત્મા ગાંધી આઝાદીના સમયે બંગાળમાં હિંસા અને નફરતના વાતાવરણ વચ્ચે હતા. મહાત્મા ગાંધીને 'બીબીસી' જેવી સમાચાર સંસ્થાએ આઝાદી માટે શુભેચ્છા માગી ત્યારે સ્પષ્ટ નકાર કર્યો. ગાંધીજીએ કહ્યું હતું કે આવી આઝાદીની કલ્પના કરી ન હતી. દેશ આઝાદ થયો ત્યારે ઇન્દોર, ભોપાલ, હૈદરાબાદ અને જૂનાગઢ જોડાવાના બાકી હતા, ઇન્દોર અને ભોપાલ ભારત સાથે જોડાણની ઘોષણા કરી ચુક્યા હતા. હૈદરાબાદ અને જૂનાગઢના જોડાણની ઘટનાઓ પર અનેક પુસ્તકો લખાયા છે. કાશ્મીરને સ્વતંત્ર રહેવું હતું, પણ પાકિસ્તાની કબાલીઓના આક્રમણનો સામનો કરી શક્યું નહીં પછી ભારત સાથે જોડાણ કર્યું. લગભગ શ્રીનગર સુધી પહોંચેલી પાકિસ્તાની સેનાને ભગાડીને ભારતે કાશ્મીરનો મોટા ભાગનો હિસ્સો લોહી રેડીને લડીને જીત્યો.

ઉદ્યોગના નામે ભારત પાસે કોટન મિલની સંખ્યા ઠીકઠાક હતી, પણ કોટનનું ઉત્પાદન દેશના ભાગલા પડતા ઘટી ગયું. દેશમાં કાપડ ઉદ્યોગના વિકાસ માટે 'કોટ્સ ઇન્ડિયા'ની સ્થાપના કરવામાં આવી. ભારતની આઝાદીના દિવસે મુંબઈમાં 'શહનાઈ' અને 'મેરા ગીત' નામની ફિલ્મ રિલીઝ થઇ હતી. તત્કાલ સામાજિક ક્ષેત્રે દેવદાસી પ્રથા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો.



સ્વતંત્ર ભારતની પ્રથમ ટપાલ ટિકિટ



આઝાદ ભારતનું પ્રથમ 'એચ ટી ૨' વિમાન

સ્વતંત્ર ભારતનું પહેલું સંપૂર્ણ બજેટ ૨૬ નવેમ્બરના દિવસે આવ્યું હતું. સરદાર પટેલે સોમનાથ મંદિરમાં પૂજા કરીને મંદિરના પુનર્નિર્માણનો પ્રસ્તાવ મુક્યો હતો. આ જ નવેમ્બર મહિનામાં 'જય હિન્દ' લખાયેલી પહેલી ટિકિટ બહાર પડી હતી. આઝાદી મળી એ સાથે જ હોમી ભાભાને પરમાણુ ઊર્જા વિભાગના ડાયરેક્ટર બનાવવામાં આવ્યા હતા. અનાજની ગંભીર સમસ્યા હતી. જે હિસાબે ભારતમાં વસતિ અને ખેતીલાયક જમીન હતી એ મુજબ દેશમાં લગભગ પાંત્રીસ લાખ ટન અનાજની જરૂરિયાત હતી.

આઝાદીનું પ્રથમ વર્ષ સમસ્યાઓને સમજવા અને તેના નિરાકરણ વચ્ચે પૂરું થયું અને નવા વર્ષ ૧૯૪૮માં પ્રારંભે મહાત્મા ગાંધીની હત્યા થઇ. દેશ પાસે અઢળક સમસ્યાઓ હતી અને સદનસીબે ઉકેલ લાવી શકે એવા નેતાઓ પણ હતા. ફેબ્રુઆરીમાં બ્રિટિશ સેના મુંબઈથી રવાના થઇ અને મુંબઈ રાજ્યના ગવર્નર સર મહારાજ સિંઘ સેનાની સલામીનો સ્વીકાર કરે છે. જૂન મહિનામાં માઉન્ટબેટન ભારત છોડીને જાય છે અને સી. રાજગોપાલાચારી આઝાદ ભારતના પ્રથમ ગવર્નર જનરલ બન્યા. ધીમે ધીમે ભારતનો સંપૂર્ણ વહીવટ સ્થાનિક સત્તાધીશો પાસે આવ્યો. મણિપુર ભારત સાથે જોડાય છે. ડો આંબેડકર સાહેબ સંવિધાન સભામાં સંવિધાનની રૂપરેખા પ્રસ્તુત કરે છે.

ભારે પૂરને કારણે ઊભી થયેલી પરિસ્થિતિઓને કારણે દેશની પ્રથમ વિશાળ પરિયોજના 'દામોદર બેસીન કોર્પોરેશન'નો પ્રારંભ જુલાઈ મહિનામાં શરૂ થાય છે અને ૧૯૫૩માં તીલૈયામાં પહેલો બંધ, ૧૯૫૫માં કોર્નર નદી પર બીજો બંધ અને બે વર્ષ પછી બરાકર નદી પર ત્રીજો બંધ બનાવી દેવામાં આવ્યો.

આ તરફ, ઓરિસામાં દુનિયાની વિશાળ યોજના કહી શકાય એવી મહાનદી પર 'હિરાકુંડ ડેમ'ની આધારશિલા મુકવામાં આવી અને ૧૯૫૭માં પૂરો કરીને રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યો. આજ ગાળામાં એટલે કે ૧૯૪૮માં દિલ્હીમાં નિર્વાસિતોની સમસ્યા ગંભીર થઇ હતી. દિલ્હીમાં તિહાડ, મહરૌલી, સરાય અને કાલકા વિસ્તારનો નિર્વાસિતો માટે વિકાસ કરવાની યોજના બનાવવામાં આવી. હરિયાણામાં ફરિદાબાદનો અલગ વિકાસ કરીને હજારો પરિવારોને વસાવવામાં આવ્યા. કચ્છના મહારાજની ઉદાર સહાયતા થકી સિંધી સમાજ માટે ગાંધીધામ શહેરને આર્કિટેક ડિઝાઇન સાથે બનાવવામાં આવ્યું. આખી દુનિયા કોઈ શહેરનો અભ્યાસ કરવા માટે આવે એવું એક નગર બનાવવાની યોજના અંતર્ગત અમેરિકી આર્કિટેક અલબર્ટ મેયર અને મેથ્યુ નોવીકીની ડિઝાઇન આધારિત ફક્ત બે જ વર્ષમાં ચંદીગઢ શહેરની આધારશિલા મુકવામાં આવી.

વિશાખાપટ્ટનમમાં બનેલી પહેલી સ્ટીમર વેપારના વિકાસમાં યોગદાન આપવા સમુદ્રમાં ઉતારવામાં આવી અને 'એર ઈંડિયા' એરલાઈન્સની લંડન માટે સાપ્તાહિક સેવા શરૂ થઇ. અને હા, એ જ વર્ષે વિજય હઝારેએ ટેસ્ટની બન્ને ઇનિંગ્સમાં સેન્ચ્યુરી ફટકારીને રેકર્ડ સર્જ્યો.

એક તરફ નવાં નવાં રાજ્યો બનવાનો પ્રોસેસ ચાલુ હતો અને ૧૯૪૯ આવી ગયું. ખડકવાસલામાં સેના માટે એકેડેમી બનાવવાની જરૂર હતી અને ૧૯૫૫માં કામ પૂર્ણ થયું. ત્રિપુરા ભારતનો એક વિસ્તાર બન્યો. ભારતમાં વિજ્ઞાનના વિકાસ માટે મેડમ ક્યુરી અને પ્રોફેસર ક્યૂરીને આમંત્રણ આપવામાં આવ્યું હતું. સિનેમામાં 'એ' અને 'યુ' સર્ટિફિકેટનો પ્રારંભ કરવામાં આવ્યો. આંદામાનના વિકાસ અને ખેતી માટે યોજનાનો અમલ શરૂ થયો. વડોદરામાં 'એમએસ યુનિવર્સિટી' બની.

વર્ષ ૧૯૫૦માં ડો આંબેડકરની સાધના થકી સંવિધાન સાથે ભારતે વિકાસની ગતિ તેજ કરી. દુનિયાની સર્વોત્તમ કહી શકાય એવી રાસાયણિક પ્રયોગશાળા 'રાષ્ટ્રીય કેમિકલ લેબોરેટરી'ના નામે શરૂઆત કરવામાં આવી. ભારતમાં ઔદ્યોગિક વિકાસ થાય એ માટે વિશ્વની બેસ્ટ એકેડમી બનવી જરૂરી હતી અને આઈઆઈટીનો પ્રારંભ થયો. ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી. પોતાની ડિઝાઇન સાથે આઝાદ ભારતના સિક્કા બહાર પડ્યા, પહેલા જજની નિમણૂંક થઇ અને પહેલા ઈલેક્શન કમિશનર સુકુમાર સેને કાર્યભાર સંભાળ્યો. ભારતનો સર્વાંગી વિકાસ થાય એ માટે યોજના આયોગ બન્યું.

આ દરમિયાન કમનસીબે ભારતના મહાન આધ્યત્મિક સદગુરુ શ્રી અરવિંદોનું નિધન થયું. ભારતના પૂર્વ ભાગમાં ભયાનક ધરતીકંપ આવ્યો હતો. દેશે પહેલીવાર પેસેન્જર પ્લેન તૂટતાં જોયું. એ જ ગાળામાં સત્યજિત રે જે ફિલ્મ થકી નામના પ્રાપ્ત કરી એ 'પાથેર પાંચાલી'ના લેખક વિભૂતિભૂષણ બંદોપાધ્યાયને ગુમાવ્યા. સૌથી દુઃખદ ઘટના ભારતના રાજ્યોના અને રજવાડાના એકત્રીકરણ કરીને દેશની રચના કરનારા સરદાર વલ્લભભાઈ પટેલનું વર્ષના અંતે નિધન થયું... ■

**ધ એન્ડ :**

*૧૯૫૧માં ભારતનું પોતાની ડિઝાઇન કરેલાં 'એચ ટી ૨' વિમાને એની પહેલી ઉડાન ભરી...*

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# ૧૪૦ કરોડની આઝાદી : ઓય હોય... કૈસા દેસ હૈ મેરા!



ભારતની આઝાદીને ઘણાં વર્ષ વીતી ગયા. વીતી ગયાં તો વીતી ગયાં. એમાં આપણે શું કરી શકીએ ને કોઈ કરી પણ શું શકે? આટલા વર્ષે પણ દેશ એવો જ છે ને એવો જ રહેશે...જે ભારતીય વિદેશમાં નથી રહેતા એ લોકો, અહીં ભારતમાં જ રહે છે ને એવા લોકોની સંખ્યા ઓછી નથી. જો આપણે દેશને આગળ ના લઈ જઈ શકીએ તો ઓછામાં ઓછું દેશની વસતિને તો આગળ વધારી જ શકીએ ને?!

આઝાદીનાં આટલાં વર્ષોમાં દેશમાં મોટા-મોટા નેતાઓ થઈ ગયા. જ્યારે મોટા-મોટા નેતાઓ નહીં થવાયું ત્યારે આપણે નાના-નાના નેતા પેદા કર્યા. એ નાના-નાના નેતાઓએ બીજા નાના-નાના નેતાઓ પેદા કર્યા. આ રીતે આપણો દેશ નેતાઓની બાબતમાં તો કમસે કમ આત્મનિર્ભર થઈ ગયો છે.

જો તમારી પાસે કોઈ કામ નહીં હોય તો તમે શહેરના નેતા બની શકો છો ને જો ખોટાં કામ કરવા માગો છો તો ચોક્ક્સ નેતા બનો જ!

નેતા બનવા માટેના દરવાજા હંમેશાં બધા માટે ખુલ્લા છે. જે શહેરમાં કલાકારો વધારે હોય છે ત્યાં નાટક મંડળીઓની સંખ્યા વધી જાય છે. એ જ રીતે દેશમાં નેતાઓની સંખ્યા વધારે હોય છે, ત્યાં રાજકીય પક્ષો ઘણા વધી જાય છે.

અંતે આ રાજકીય પક્ષો છે શું? 'લોકશાહીની ટ્રેનનાં ડબ્બા.' ટ્રેન વધી રહી છે તેમ તેમ ડબ્બાઓ પણ વધી રહ્યા છે અને જેમ સુપરફાસ્ટ ટ્રેનનાં ડબ્બાઓ જુદા જુદા હોવા છતાં એકબીજા સાથે જોડાયેલા હોય છે એવી જ રીતે લોકશાહીની ટ્રેનના ડબ્બા જુદા-જુદા હોવા છતાં જોડાયેલા છે. તમે ઈચ્છો તો કોઈપણ પક્ષમાંથી બીજા પક્ષમાં જોડાય શકો છો. બધી બેઠક નરમ છે અને બધાં જ ડબ્બા એરકન્ડિશન છે. એન્જોય!

આઝાદીનાં આટલાં વર્ષોમાં આપણે ઝાડ કાપ્યાં અને એમાંથી ખુરશીઓ બનાવી! હવે આપણે ઝાડ નીચે નથી બેસતા. આપણે ઝાડમાંથી બનાવેલી ખુરશીઓ પર બેસીએ છીએ, જેથી કરીને આપણે બીજા વધારે ઝાડ કાપવાનો ઓર્ડર આપી શકીએ!

નેતાઓએ જ્યારે-જ્યારે કહ્યું- 'વૃક્ષો વાવવામાં આવશે ' ત્યારે -ત્યારે એને કાપવામાં આવ્યાં છે. જ્યાં સુધી ઝાડ કાપવામાં નહીં આવે ત્યાં સુધી જગ્યા ખાલી નહીં થાય તો પછી નવાં વૃક્ષો વાવશું ક્યાં?

દેશની ધરતી ખરેખર મહાન છે. જેટલું અનાજ પેદા કરે છે એનાથી વધારે તો એને ખાવાવાળા પેદા કરે છે! આપણે વિદેશથી અન્ન મગાવતા રહ્યા. ખાતા રહ્યા, પચાવતા રહ્યા. વિદેશી અનાજ અને દેશી ચૂરણે પેટનું સંતુલન જાળવી રાખ્યુ છે. આઝાદી પછી આ દેશને પહેલીવાર કિચન ને બેડરૂમનું મહત્ત્વ સમજાયું. ખાવા ને સૂવા માટે આપણે મકાન બનાવ્યા અને મકાન બનાવવા માટે કોન્ટ્રાક્ટરોનો સમુદાય તૈયાર કર્યો. આજે દેશના અનેક લોકોને પોતાના તકિયા, ગાદલાં ને એરકંડિશનો પર ગર્વ છે, એમને લાગે છે કે એ સુખી છે તો આખો દેશ પણ સુખી છે.

આઝાદીનાં આટલાં વર્ષોમાં માણસ સસ્તો અને ચીજવસ્તુઓ મોંઘી થઈ ગઈ. શરીર સસ્તું અને કપડા મોંઘા થઈ ગયા. ઘરેણાઓની કિંમત શરીર કરતાં વધારે થઈ ગઇ. હોદ્દાનું માન માણસ કરતાં વધારે થઈ ગયું. ઘરમાં પત્ની રહે છે, પરંતુ આંખમાં હીરોઈન. અગાઉ ગુલામ ભારતમાં યુવાન એની મંગેતરનાં સપનાં જોતો હતો, પરંતુ આઝાદ ભારતમાં યુવાન હોટલના રૂમમાં કોલગર્લને બોલાવી લે છે.

૧૯૪૮થી આપણી બહાદુરીની વાર્તા એ છે કે ગાંધીજીને ગોળી મારીને ચાલ્યા હતા તે ઈન્દિરા ગાંધીને ગોળી મારવા સુધી પહોંચી ગયા... નિઃશસ્ત્ર બૂઢા માણસથી શરૂઆત કરી હતી, જે નિઃશસ્ત્ર બૂઢી સ્ત્રીને મારવાથી પૂરી થઈ.

આઝાદીનાં આટલાં વર્ષોમાં, જ્યાં સુધી પશ્ચિમના દેશોની ફેશન નહીં કરીએ ત્યાં સુધી આપણે સુંદરતા જોઈ શકતા નથી. જ્યાં સુધી પશ્ચિમના દેશોની ધૂન નહીં હોય, આપણને સંગીત સારું નથી લાગતું. આપણે આપણા દેશની જમીન પર ઊભા છે, પરંતુ આપણું આકાશ પારકું છે. આપણું શરીર શહેર છે, તો આત્મા ન્યુયોર્ક છે. આટલાં વર્ષોમાં આપણી ઔદ્યોગિક પ્રગતિની ઓળખ એ જ છે કે આપણે ગંગા, જમુના નદીઓને ગંદી કરી નાખી છે. રસ્તાઓ ખરાબ છે, પરંતુ એના પર જે કાર ચાલી રહી છે એ સુંદર છે. ગલીમાં કાદવ છે, પરંતુ પેન્ટ ચકાચક છે.

મારું ઘર સારું છેને? પછી દેશ જેવો પણ હોય!

આઝાદીનાં આટલાં વર્ષોમાં ખિસ્સાઓ ખાલી થતા રહ્યા અને વાળ વધતા ગયા. દેશ મજબૂત થયો હોય કે ના થયો હોય, જાતિઓ મજબૂત થઈ છે. દેશમાં દૂધ પૂરું મળે ના મળે, શરાબ માટે કોઈ ફરિયાદ રહી નથી. 'બાગોં મેં બહાર હૈ'- જેવી સ્થિતિ છે. દેશમાં પૂર આવ્યાં, દુકાળ પડ્યો, લોકો ભૂખે મર્યા પણ લગ્ન પ્રસંગમાં મોટી મોટી પાર્ટીઓ થઈ. આઝાદી બાદ, નવા રસ્તાઓ બની ગયા, જે જ્યાં જવા માગતો ન હતો એ ત્યાં પહોંચી ગયો. અહિંયાનો માલ ત્યાં ગયો. સ્મગલિંગમાં તેજી આવી. ટ્રેનથી, ટેલિફોનથી, પોસ્ટથી, (મોબાઈલથી, ઈન્ટરનેટ) વગેરેથી આખો દેશ અંદરોઅંદર જોડાય ગયો. મટકા કે સટ્ટાનો નંબર મુંબઈમાં ખૂલે છે અને આખા દેશને ખબર પડી જાય છે.

દેશની એકતાનો આનાથી વધુ પુરાવો આપણી પાસે નથી! જે નિરાશ હતો એ ફૂટપાથ પર રખડતો રહ્યો. જે મહત્ત્વાકાંક્ષી હતો, એ વિદેશ જતો રહ્યો. જેને જ્યારે તક મળી, એ ફોરેન જતો રહ્યો. એમના બદલામાં ટૂરિસ્ટ આવ્યા. એમાં હિપ્પીઓ આવ્યા.

હિપ્પીઓની લાજ ભારતીય હેન્ડીક્રાફ્ટથી ઢંકાયેલી રહી! અરે, આપણી કોમેડી પણ ટીવી પર કમર્શિયલ બની ગઇ. ચમચાગિરી, આપણો ધર્મ બની ગયો ને ગુસ્સો નકલી મુખવટો... કવિઓ સરસ કવિતાઓ લખવા માંડ્યા અને દહેજ ન મળવા પર લોકો વહુઓને સળગાવવા લાગ્યા.

ખરેખર દેશે ઘણી પ્રગતિ કરી છે! દેશની દીવાલો પર જાહેરાતો ચોંટી ગઈ. આખો દેશ સુંદર સ્ત્રીઓની જાહેરાતોથી ઢંકાય ગયો. દરેક ફોટામાં દેખાતી સુંદર છોકરીએ અમને ટગરટગર જોયું, જો કે ફોટાની સુંદર છોકરીએ આપણી સામે ક્યારેય જોયું નથી!

'ગરીબી હટાવો'નો નારો લઇને નીકળ્યા હતાં ને બધાં માલ બનાવવામાં મચી પડ્યા. ચલો, જેમ આટલાં વર્ષો વીતી ગયા એમ જ આવનારાં વર્ષો પણ વીતી જશે. સત્ય ને અસત્યનો, આદર્શ ને લાંચનો, બલિદાન ને ઢોંગનો, સેવા ને સ્વાર્થનો, ચોરી ને દાનનો, જે કમાલનો કોકટેલ આપણે આ દેશમાં તૈયાર કર્યો છે... એ આપણને આગળ જઇને બહુ જલસા કરાવશે, બાપુ!

જરા રાહ તો જુઓ!

(ચોખવટઃ મૂળ લેખ ૧૯૮૪ની આસપાસનો છે) ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# મગફળીની મૌસમ પુરબહારમાં...

અત્યારે મેળાની મૌસમ પુરબહારમાં ખીલી છે...!. તેમાં ફજેત ફાળકા, રમકડાંના સ્ટોલ તો હતા જ પણ એક વાત જોવા મળી તે મગફળીનો ઓળો એટલે મેળા વચ્ચે અધકચરી લીલી મગફળીને લોખંડની ચાયણીમાં સગડીમાં સેકતા હતા અને તેની મીઠી મોજ માણવા લોકો એને મોજથી ખાતા હતાં. મગફળી આપણા જીવનનું અવિભાજ્ય અંગ બની ગયું છે.!? રસોઈનો રાજા સીંગતેલમાં મુખ્યત્વે ગુજરાતમાં લોકો મગફળીનું તેલ ખાવાનો આગ્રહ રાખે છે, પણ હવે તો કપાસિયા, સૂરજમુખી, રાયડો, પામોલિન, તલ, જેવા ઘણા તેલની બનાવટ બજારમાં જોવા મળે પણ મુખ્યત્વે મગફળીનું તેલ ખાવાનો આગ્રહ રાખે છે, કારણ સીંગતેલનો સ્વાદ ગુજ્જુ લોકોને ગમે છે અને ખાસ કરી સૌરાષ્ટ્ર, ચરોતરની માટી તેને અનુરૂપ છે, મગફળી, ઉનાળુ, ચોમાસુ વાવેતર થાય છે તેનો ભાવ પણ પૂરતા પ્રમાણમાં સારો મળે છે.

મગફળીમાંથી ખારી સીંગ પણ લોકો બહુ જ ખાય છે, સીંગદાણાની ચીક્કી પણ સ્વાદિષ્ટ બને છે. મગફળીનો છોડ નાનો થાય પણ ફેલાયેલો હોય ને જમીનમાં મગફળી થાય તેમાં પણ અસંખ્ય જાતો બજારમાં આવી ગઈ છે તો આજે વિગતે મગફળી વિશે વિસ્તૃત આલેખન કરું છું.

રેતાળ, ગોરાળુ તથા કાળી જમીન મગફળીના પાકને વધુ માફક આવે છે, મગફળીની સારી વૃદ્ધિ અને ડોડવાના સારા વિકાસ માટે જમીનને પોચી અને ભરભરી બનાવવી જરૂરી છે. સૌરાષ્ટ્ર, ચરોતરમાં મગફળીનું વાવેતર પણ સારા પ્રમાણમાં થતું હોય છે. જો વાવેતર યોગ્ય પદ્ધતિથી કરવામાં આવે તો સારું એવું ઉત્પાદન મેળવી શકાય છે. સારી રીતે નિતાર શક્તિ ધરાવતી રેતાળ, ગોરાળુ તથા કાળી જમીન મગફળીને વધુ માફક આવે છે. વધુ પડતી કાળી ચિકાશવાળી તેમજ ક્ષારવાળી જમીન માફક આવતી નથી. સારી મગફળી ઉગાડવા માટે, છોડની પૂરતી સંખ્યા





મેળવવા, મગફળીની સારી વૃદ્ધિ માટે અને ડોડવાના સારા વિકાસ માટે જમીનને પોચી અને ભરભરી બનાવવી જરૂરી છે. માટે આડી-ઊભી (દાંતી વડે) ટ્રેકટર અથવા હળની ખેડ કરી, કરબ મારી, આગલા પાકના જડિયાં, મૂળિયાં વગેરે વીણી પોચી અને ભરભરી બનાવવી. જે જમીનમાં ધૈણ જેવી જીવાતોનો ઉપદ્રવ થતો હોય ત્યાં દવાનો યોગ્ય છંટકાવ કરવો જોઈએ.

મગફળીના પાકમાં ખાતર વ્યવસ્થાપન મગફળીએ તેલીબિયાં પાકનો રાજા ગણાય છે. પાકમાં શરૂઆતથી જ જો યોગ્ય ખાતર વ્યવસ્થાપન કરવામાં આવે તો પાકનો શરૂઆતનો વૃદ્ધિ વિકાસ સારો થાય તથા પોષકતત્ત્વોની ઊણપ દૂર કરે છે. સૌ પ્રથમ મગફળીના પાકમાં ખાતર આપવા માટે ખેડૂતે પોતાના ખેતરની જમીનનો નમૂનો જમીન ચકાસણી પ્રયોગશાળામાં ચકાસણી કરાવીને, ભલામણ મુજબ ખાતરો આપવા વધુ હિતાવહ છે. ચોમાસું મગફળી માટે એકર દીઠ ૪ થી ૫ ટન છાણિયું ખાતર આપવું અથવા સંચાર ખાતર ૧૦ કિલો આપવું તથા એકર દીઠ ૬૩ કિલો સિંગલ સુપર ફોસ્ફેટ + ૨૫ કિલો એમોનિયમ સલ્ફેટ + ૮ કિલો ભૂમિકા ખાતર આપવું. તથા મગફળી કઠોર વર્ગનો પાક હોવાથી હવામાંનો નાઈટ્રોજન તેની મૂળ ગંડીકામાં લઇ લે છે. જેથી મગફળીના પાક ને પુરતું ખાતર આપવાની જરૂર રહેતી નથી. ક્ષારીય જમીનમાં સેલીનીટી /સોડીસીટીના પ્રશ્ન હોય ત્યારે જિપ્સમ અથવા સલ્ફર મેક્ષનો ઉપયોગ કરવો.

મગફળીના પાકમાં પીળી પાડવાનો પ્રશ્ન વધારે આવે છે. જો મગફળી પીળી પડે તો ડીએપી અને યુરિયા ખાતરને બદલે સિંગલ સુપર ફોસ્ફેટ અને એમોનિયમ સલ્ફેટ ખાતર વાપરવાથી ગંધકની અછત વાળી જમીનમાં અલગથી ગંધક આપવાની જરૂર પડતી નથી.

પાક ઉત્પાદન વધારવા માટે નવી સુધારેલી જાતોના બિયારણનો ફાળો ૧૦ થી ૧૫ ટકા રહેલો છે. ચોમાસું મગફળી માટે ઘણી જાતો પૈકી જે તે વિસ્તાર માટે યોગ્ય જાતની પસંદગી કરવી જોઇએ. બિયારણ સારી ગુણવત્તા ધરાવતું, સારી સ્ફુરણશક્તિવાળું, કોઇ પણ જાતોની ભેળસેળ વગરનું અને ખાતરીલાયક હોવું જોઇએ, બને ત્યાં સુધી પ્રમાણિત બીજનો ઉપયોગ કરવો. મગફળીનું વધુ ઉત્પાદન મેળવવા માટે વાવેતર કરેલ વિસ્તારમાં પૂરતા અને સપ્રમાણ છોડની સંખ્યા જાળવવી જરૂરી છે. દર વર્ષે એક જ જમીનમાં મગફળીનું વાવેતર કરવાથી જમીન તથા બીજજન્ય રોગો કે ઉગસુક તથા થડના કહોવારાનું પ્રમાણ વધતું જાય છે, જેના પરિણામે છોડની સંખ્યા ઘટવાથી ઉત્પાદન ઓછું મળે છે. રોગોને અટકાવવા માટે એક કિ.ગ્રા. બીજ દીઠ ૩ થી ૪ ગ્રામ થાયરમ અથવા બાવિસ્ટીન અથવા મેન્કોઝેબ અથવા કેપ્ટાર્ન જેવી ફુગનાશક માટે યોગ્ય દવાનો પટ આપવો જોઈએ અને બીજને સારી રીતે પટ આપવા માટે સીડ ડ્રેસર વાપરવું. જો સીડ ડ્રેસર હોય પતરાના પીપમાં દાણા અને દવા યોગ્ય પ્રમાણમાં નાખી બરાબર હલાવી પટ આપી શકાય. આંતરખેડ અને નીંદામણ પર પૂરતી કાળજી રાખો તો ચોમાસામાં મગફળીનો મબલખ પાક લઈ શકાય છે. ખેડૂત મિત્રો મગફળી માટે ચોમાસાના વરસાદ ઉપર નિર્ભર રહે છે, માટે મગફળીની સિઝન સારી લેવા સારી જહેમત પણ જરૂરી છે. ■

## ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૯. લગ્ન સંબંધી

**સમુહ જનોઈ**
બ્રાહ્મણ સેવાસમાજ કાંદિવલી રવિવાર તા. 16/11/2025, Rs. 10,000/-, સંપર્ક- અલકેશભાઈ વ્યાસ- 9819673665. (દહેજ નહીં). (૧૬૮-એ)

■ મુંબઈનાં / NRIનાં યુવકોનાં / યુવતીઓનાં બાયોડેટાઓ રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૬૩૭૫)

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693/ 7506569229. (બી-૧૬૨૯૪)

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૭૬-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**દિવ્ય ટુર**
શશીકાંત પાઠક દ્વારા સંચાલિત ૩૯ વર્ષના અનુભવી ઉત્તરાખંડ ચારધામ યાત્રા, ગંગાસાગર, જગરનાથપુરી. ત્રિવેણી યાત્રા, યુપી ટુર. 9819304112. (૧૬૬-ડી)

**ચિરાગ**
શ્રીનાથજી, ચારધામ, ગંગાસાગર, જગન્નાથપુરી, ચંપારણ્ય, ભાઈબીજ સ્નાન, ઉજ્જૈન. 9833009445. (૧૫૩૮૦/બી)

**તુષારભાઈ ટુરવાલે**
ગંગાસાગર જગન્નાથપુરી, નેપાળ, મુક્તિનાથ, અયોધ્યા વારાણસી પ્રયાગરાજ, દક્ષિણ ભારત ૯૮૩૩૭૩૦૬૩૯. (૧૯૨-એ)

**શ્રી યમુના**
ચંપારણ્ય, પુરી, શ્રીનાથજી, વ્રજયાત્રા, ભાઈબીજ સ્નાન, વૈષ્ણોદેવી, ચારધામ 9892377559. (૧૫૩૭૬/એ)

## ૧૪. નોકરી ખાલી છે

**કેશીયર, સેલ્સમેન**
થાણા (વેસ્ટ) નૌપાડા અને શિવાજી પાર્ક, દાદર વેસ્ટ, VIP Park રિટેલ બૅગના શોરૂમ માટે કેશીયર અને ન્યૂ સ્ટાર્ટર સેલ્સમેન જોઈએ છે. 9768101000. સંપર્ક સમય સવારે ૧૧ થી ૧.૩૦, સાંજે ૫ થી ૯. (૧૯૯-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**બિલ્ડરની સાઈટ**
અંધેરી, ઘાટકોપર માટે અનુભવી સાઈટ એન્જીનીયર અને સુપરવાઈઝર અરજન્ટ જોઈએ છે. નિમેષ - 8879585176. (૨૦૦-એ)

**સેલ્સમેન - સાંતાક્રુઝ (વેસ્ટ)**
સાડી લાઈનના અનુભવી સેલ્સમેનની જરૂર છે. 9867088088, 9892655555. (એસડીબી-૨૮૨૦)

50,000/-
**માર્કેટીંગ ફ્લેક્ષીબલ જોબ. મલાડ પાર્ટ ટાઈમ (25 થી 60 ઉંમર) ગ્રેજ્યુએટ. 9930774809. (૨૦૧-બી)**

REQUIRED EXPERIENCED Salesman for Readymade Menswear Retail Showroom in Borivali - Malad. Contact: 9702272736. (B-16376)

## ૧૫. નોકરીજોઈએછે

■ મલાડમાં રહેતા ઉંમર ૬૨ નોકરી જોઈએ છે. 8910897049. (એસડીબીજી-૨૮૧૮)

## ૧૭. જગ્યા આપવી છે

**પ્રભાદેવી**
ફ્લેટો, ઓફિસ, દુકાન, ગોડાઉન, લેવા-વેચવા, ભાડાથી - જીતુભાઈ 9869322453. (૧૫૭-ડી)

**વડાલા**
શાંત હરિયાળી માહોલ, નવું મકાન છ બેડરૂમ લીવલાઈસન્સથી વેચાણથી ''વિનોદ'' 9892980593. (૧૬૦-એ)

**ખાર (વેસ્ટ)**
મધુપાર્ક પાસે - ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમનો ફ્લેટ - ૨ પાર્કિંગ સાથે ભાડેથી આપવાનો છે. ડીપોઝીટ - ૫૦૦,૦૦૦/-, ભાડુ ૨,૨૫,૦૦૦/-. ફક્ત જેન્યુન પાર્ટી સંપર્કઃ- 9820156133. (બી-૧૬૩૫૩)

**વાના પ્રોપર્ટી**
૨/૩/૪ બેડરૂમના ફ્લેટો, વાલકેશ્વર, રીજ, નેપિયન્સી, પેડર, વોર્ડન રોડ, કેમ્પસ કોર્નર - ગોવાલીયા ટેન્ક, ગામદેવી લેવા/ વેચવા/ લીઝ 'મુકુન્દ ત્રિવેદી' ૯૮૨૧૦૩૬૫૫૬. (બી-૧૬૩૬૪)

**દેવલાલી**
ફ્લેટ, દુકાન, બંગલા, પ્લોટ લેવા - વેચવા / ભાડેથી. પરેશ - 9930803959 - 9930106054. (૧૬૨-સી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી આઝાદ રોડ- 2 બેડરૂમ- 650' 1st Floor 2.10 Cr. તેમજ ફર્નીસ્ડ 3 બેડરૂમ- 1025' 7th Floor 3.30 Cr. + Taxes Extra ''નવકાર એસ્ટેટ''-96196 74640. (જેપી/૪૫૦૯-સી)

**વિલેપાર્લે (વેસ્ટ)**
બાપુભાઈ વશી રોડ 1, 2, 3 તેમજ 4 બેડરૂમ એમિનીટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન- 8356990950. (જેપી/૪૫૦૯-બી)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે (વેસ્ટ)**
ઈર્લા KLS હોસ્પિટલ પાસે નવા ટાવરમાં 3-બેડરૂમ 890' હાયર ફ્લોર, પઝેશન- March 2026. ''નવકાર એસ્ટેટ''-9819117722. (જેપી/૪૫૦૯-ડી)

**સાન્તાક્રુઝ વેસ્ટ**
દેરાસર, હવેલીની પાસે 2, 3, 4 બેડ એમિનીટીઝ હાઈરાઈસ ટાવર અમિત- 7045622403. (બી-૧૬૩૫૦)

**જુહુસ્કીમ**
**૪ BHK ફક્ત શાકાહારી માટે પોડિયમ પાર્કિંગ અત્યાધુનિક સુવિધાઓ ઘણા વધુ પ્રસ્તાવ ઉપલબ્ધ આઉટરાઈટ/ ભાડે. ધિરુભાઈ એસ્ટેટ 9821121676/ 8080202000. (બી-૧૬૩૫૫)**

**વાના પ્રોપર્ટી**
૪ બેડરૂમ, તાડદેવ, ૩ બેડરૂમ ગેરેજ સાથે પેડર રોડ, ૩ બેડરૂમ નવા બિલ્ડિંગમાં ગોવાલિયા ટેન્ક - લેવા/ વેચવા/ લીઝ 'મુકુન્દ ત્રિવેદી' ૯૮૨૧૦૩૬૫૫૬. (બી-૧૬૩૬૨)

**વાના પ્રોપર્ટી**
૨ બેડરૂમ, ગામદેવી, તાડદેવ, વ્યાજબી ભાવે લેવા/ વેચવા/ લીઝ 'મુકુન્દ ત્રિવેદી' ૯૮૨૧૦૩૬૫૫૬. (બી-૧૬૩૬૫)

**અંધેરી વેસ્ટ**
2 બેડરૂમ, 660' કાર્પેટ, હાયર ફ્લોર, 3 બેડરૂમ, 1200' કાર્પેટ, હાયર ફ્લોર, એજન્ટઃ જય શાહ - 8850666935. (બી-૧૬૩૪૫)

**''રીડેવલપમેન્ટ''**
સોસાયટી - લેન્ડલોર્ડ (ઓલ ઓવર મુંબઈ) પ્રોજેક્ટ ફાયનાન્સ-લોન- નિતીન - 9867222020. (૧૭૪-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
ભાડેથી. તિલક રોડ, 2 બેડરૂમ, હોલ, કિચન- 740', કારપેટ. 9821069113, 9870769113. (૧૭૨-ડી)

**વિલેપાર્લે વેસ્ટ**
**ઓનરશીપથી નવું બિલ્ડીંગ 2 બેડરૂમ્સના 2 ફ્લેટ ૭૪૦' ૧૧મે અને ૧૦મો માળ, બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વિન મરચન્ટ : ૯૮૧૯૮૭૪૫૧૫. (૧૬૬-બી)**

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઇસન્સથી 4 બેડરૂમ્સ વેસ્ટર્લી ફ્લેટ 1236' 11મો માળો નવું મકાન બજાજ રોડ, આપવાનો છે. એજન્ટ: અશ્વિન મરચન્ટ : ૯૮૧૯૮૭૪૫૧૫. (૧૬૬-એ)**

**કાંદિવલી (વેસ્ટ)**
મહાવીરનગર- 1 BHK માસ્ટર બેડરૂમ (1.10) તુરંત પઝેશન. OC સાથે. Owner 9820990568. (૧૯૨-સી)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી / વેચાણથી લેવા - વેચવા ''જીનલ વોરા'' - 9320206906. (૧૬૨-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**માટુંગા ફાઈવ ગાર્ડન**
બે થી પાંચ બેડરૂમના લકસરીયઝ ફ્લેટો રેડી બંધાતામાં લેવા મળો જવાહર ઠક્કર ૯૮૨૧૩૬૩૧૧૩. (૨૯૬)

**પાર્લા વેસ્ટ**
લક્ઝુરીયસ 3 બેડરૂમ, ફુલ્લી ફર્નીશ્ડ, 1250' કાર્પેટ, 3 બેડરૂમ 950' કાર્પેટ, નવું મકાન, એમેનીટીસ સાથે, આઉટરાઈટ, અને 4 બેડરૂમ, બે પાર્કિંગ સાથે, ભાડેથી આપવી છે. એજન્ટઃ જય શાહ - 8850666935. (બી-૧૬૩૪૪)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૧૫૫-એ)

**વિલેપાર્લે ઈસ્ટ**
સ્ટેશન નજીક પ્રાઈમલોકેશનમાં ફુલ્લી ફર્નિશ્ડ ૩ બેડરૂમ હોલ કિચન ૧૨૦૦' કારપેટ ફ્લેટ તુરંત જ આઉટરાઈટથી રેડીપઝેશનમાં આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓ પોતાની ઓફર મોકલવા વિનયતી મોબાઈલ- 09819201737, 09820550033. (૧૬૫-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી, પંતનગર- ૨ બેડરૂમ- 695' કારપેટ, તિલક રોડ- ૨ બેડરૂમ- 820' કારપેટ, ૬૦' રોડ- 3 બેડરૂમ- 950' કારપેટ. મનીશ વોરા- 9324339343. (૧૯૬-એ)**

**કેમ્સકોર્નર**
4 બેડરૂમ - 2400' - કાર્પેટ - પાર્કિંગ- સી.ફેસીંગ - 15,0000000/= શાહ - 9820068382. (૧૫૩૭૮-એ)

**તારદેવ**
2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કિંગ - 3,75,00000/= શાહ - 9820068382. (૧૫૩૭૮-બી)

**નાનાચોક**
$2^1/_2$ બેડરૂમ - 900' - કાર્પેટ - પાર્કિંગ - ફરનીસ્ટ 6,75,00000/= શાહ - 9820068382. (૧૫૩૭૮-સી)

**અંધેરી ઈસ્ટ**
**2 BHK 2.75 CR INVESTERS Flat available in New Building, Himalaya Society સ્ટેશન નજીક લેવા સારી તક 9820601794 Bharat Mayani. (એસડીબી-૨૮૧૯)**

**ઘાટકોપર વેસ્ટ**
૧ રૂમ કિચન ૩૩૦ + ૧ બેડરૂમ ૫૮૫ જોટો યુજેબલ ૧૦૫૦ કારપેટ ૩.૫ બેડરૂમ ફુલી ફર્નિશ્ડ જગડુશાનગર તુરંત વેચાણથી 9867340225. (૨૦૫-એ)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાયસન્સથી ૪ બેડરૂમ્સ વેસ્ટર્લી ફ્લેટ ૧૨૩૬' ૧૧મો માળો નવું મકાન બજાજ રોડ, આપવાનો છે. એજન્ટ: અશ્વિન મરચન્ટ - ૯૮૧૯૮૭૪૫૧૫. (૨૦૨-સી)**

## ૧૭. જગ્યા આપવી છે

**દહિસર (વેસ્ટ)**
વેચાણમાં : 1 બેડરૂમ 536' કારપેટ. (1.10). રાજેન્દ્ર : 8291650830. (૨૦૧-એ)

FESTIVAL OFFER
**બોરીવલી (વેસ્ટ) લીંક રોડ, એક્સર મેટ્રો સ્ટેશન પાસે, વાસ્તુપ્રિય, હાયર ફ્લોર ટાવરમાં 3 બેડરૂમ, RCA કાર્પેટ 1125 ફૂટ (3.15 CR WITH STAMPDUTY) તેમજ 2 બેડરૂમ 878' કાર્પેટ (2.10 CR WITH STAMPDUTY) નોંધ: લાઈફ ટાઈમ ઓપન વ્યુ, ક્રોસ વેન્ટિલેશન, ચારે બાજુથી ઓપન 1 પાર્કિંગ, રેડી પઝેશન, WITH OC એક નજરમાં ગમી જાય તેવા આકર્ષક ફ્લેટ લેવા સંપર્ક: હિરેન ગજ્જર: 9820171612. (૨૦૧-ઈ)**

**વિલેપાર્લે વેસ્ટ**
**ઓનરશીપથી નવું બિલ્ડિંગ 2 બેડરૂમ્સના 2 ફ્લેટ ૭૪૦' ૧૧મે અને ૧૦મો માળ, બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વિન મરચન્ટ - ૯૮૧૯૮૭૪૫૧૫. (૨૦૨-એ)**

**અંધેરી (ઈસ્ટ)**
**રેડી પઝેશન સ્ટેશન / દેરાસર પાસે એમેનિટીઝવાળા ટાવરમાં 4 બેડરૂમ 1567' ફૂટના હાયર ફ્લોરના ફ્લેટો સસ્તા ભાવે વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૮૨૧)**

**વાલ્કેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાયસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૮૨૨)

**બાંદ્રા વેસ્ટ**
રેડી પઝેશન સીફેસ સીલિંક વ્યુ 4 બેડરૂમ 2260 કારપેટ 2380 કારપેટ. લેવા હરીશ 9892399459. (બી-૧૬૩૭૪)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડીંગ, વેચાણથી. ''ઓનર''- 9820156133. (બી-૧૬૩૭૩)

**MULUND (WEST) MARATHON GALAXY 2**
**L.B.S. Marg, Spacious Fully Furnished Well Maintained 3 BHK, Terrace Flat for Sale, (1 Car Parking) Swimming Pool, Gym, Garden 2.65 Cr., Owner "Kamlesh Panchal" 91-9820125374. (179-A)**

**WORLI**
Urgently Sale below Market Rate 4 BHK 3691 sqft, Omkar 1973, Call 9869070123, 9167723483. (180-A)

## ૧૭. જગ્યા આપવી છે

**MALAD (WEST)**
**3 Bedroom, 1150' Rera Carpet Adarsh Dugdhaly Road, Higher Floor, Dilip 8108307900 (Broker Excuse). (186-A)**

**MAHALAXMI**
Urgently Sale below Market Rate 3 BHK 1450 sqft Piramal Mahalaxmi Call 9869070123, 9167723483. (180-B)

**VILE PARLE EAST**
Available on Outright Sale
**Luxurious 3 BHK**
Usable Carpet 1600 sq.ft.
- 3 Toilets • 2 Walkin Wardrobes
- Fully Furnished & Air-Conditioned
- Balconies in all Rooms • Vastu Compliant
- 3 Prime Parkings • Higher Floor
- Italian Marble Flooring in Living Room
- Premium Wooden Flooring in Bedrooms
- Italian Marble Finished Vanity Tops in Toilets.
- Close to Reputed Educational
- Institutions & Prime Hospitals.
- Prime Locality • 2 Minutes from Station
- 5 Minutes from Airport
- Ideally Suited for NRIs

**Contact : 98200 72941**
(B-16337)

**MAHALAXMI READY OC FLATS**
**Resale and Investors Deals 2, 3 Bed 4.50 Cr., 7.35 Cr. 7 Star Amenities Rooftop Amenities also Byculla 2, 3 Bed with Jain Mandir and 7 Star Amenities Large Layout 3.35 Cr., 4.50 Cr. - 98192 27923. (B-16266)**

**MATUNGA EAST EXCLUSIVE**
**1 Flat Per Floor, Open on all sides, 2000 + usable Large Balcony, Beautiful views Motivated Seller 12 Cr. revised 11.25 Cr. Open to offers 9004078342. (B-16362)**

**MARINEDRIVE**
Parijat 3 Bed 1730 Carpet 1 Close Garage Sea Face 1st Floor Ashok Shah 9821036552, www.prabhadeviproperties.com (204-A)

## ૧૮. જગ્યા જોઈએ છે

**બાન્દ્રા (વેસ્ટ)**
૪૦૦ ફુટ/૫૦૦ ફુટ ડૉક્ટરને કન્સલટીંગ રૂમ માટે ભાડેથી જોઈએ છે. ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૮૯-એ)

**જુહુ સ્કીમ અથવા આજુબાજુમાં**
**1 બેડરૂમ હોલ કીચન / ઓફિસ 400 સ્કે. ફૂટ ભાડેથી - ગ્રાઉન્ડ ફ્લોર / પહેલે માળે જોઈએ છે. સંપર્ક વેંકટેશ નાયક : 7020558483. (૨૦૧-ડી)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**જોઈએ છે**
**2500' થી 3000 ફૂટની જગ્યા ગોરેગામથી દહિસરમાં મેન્યુફેક્ચરીંગ યુનિટ માટે. સંપર્ક : 7574860171. (૨૦૧-સી)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**મસ્જિદબંદર (વેસ્ટ)**
ગોદામ, સેમ્યુઅલ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફ્લોર, એરીયા 1100 ફુટ, લોરી ટચ, હાર્ડવેર, બેરિંગ, ક્રોકરી, રેડીમેડ, પ્લાસ્ટિક ધંધાને લાયક, ભાડેથી રેડી કબજો લેવા મળો. મહેશ શાહ - 9820253026. (એસડીબીજી-૨૮૦૩)

**ભાયખલા દુકાન ગોડદેવ**
એરિયા 350, ઊંચાઈ 17', ઓનરશીપથી વેચવાની છે. જીતુભાઈ: 9821041515 / 9702434343. (એસડીબીજી-૨૮૦૯)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઇસન્સથી ઓફિસ ડી જે રોડ ૧૧૫૦' આપવી છે. એજન્ટ: અશ્વિન મર્ચન્ટ: 9819874515. (૧૬૬-સી)**

**ચર્નીરોડ**
સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

**અંધેરી-મરોલ**
ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં સેન્ટ્રલી એરકન્ડીશન ઓફિસ 1000' + 1000' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, વેચાણથી/ ભાડેથી. તથા અન્ય ઘણી પ્રપોઝલ. એજન્ટ દિનેશ ઠક્કર - 9819337299. (૧૩૬-એ)

**ઓફિસ - OFFICE**
Sanjar one world, મલાડ (વેસ્ટ), એસવી રોડ, 270' થી 700' વેચાણ તથા ભાડેથી, રિઝનેબલ ભાવ - ભાડેથી, પાર્કિંગ સાથે રેડી પજેશન OC સાથે લેવા, 8898666616. (જેપી/૪૫૦૮-ઈ)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઇસન્સથી ઓફિસ એમ એલ સ્પેસીસ ડી જે રોડ ૧૧૫૦' આપવી છે. એજન્ટ: અશ્વિન મર્ચન્ટ: 9819874515. (૨૦૨-ડી)**

**ચેમ્બુર**
Dukes ફેક્ટરી પાસે 850' રેડી કિચન 1,40,000 ભાડે. 9819569698. (૨૦૩-એ)

(જુઓ પાનું ૧૧) ▶▶

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| BLUSH | કચડી નાખવું |
| CRUSH | કચરો |
| FLUSH | શરમાઈ જવું |
| PLUSH | લાલિમા |
| TRASH | રેશમનું કાપડ |

### ઓળખાણ પડી?



'ચાઇનામેન બોલર'ની ખ્યાતિ ધરાવતા તાજેતરના વર્ષોમાં સારી સફળતા મેળવનાર ભારતીય સ્પિનરની ઓળખાણ પડી?

અ) કુલદીપ યાદવ બ) રવિચંદ્રન અશ્વિન ક) અક્ષર પટેલ ડ) વરુણ ચક્રવર્તી

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ બો | ળ | ૨ ચો | થ | ■ | ૩ ના | ૪ ગ | પાં | ૫ ચ | ૬ મ |
| લ | ■ | પા | ■ | ૭ શિ | ખ | ર | ■ | ૮ મ | હા |
| ૯ પ | ૧૦ હા | ડ | ■ | ત | ■ | મ | ■ | ૧૧ ક | રા |
| ૧૨ ટ | કો | ■ | ૧૩ વ | ળા | ૧૪ વી | ■ | ૧૫ વા | ■ | જ |
| ■ | ૧૬ ટો | પી | ■ | ૧૭ સા | ગ | ■ | ટે | ■ | ■ |
| ૧૮ ગો | ■ | ■ | ૧૯ સ | ત | ત | તા | ■ | ૨૦ બો | ૨૧ રાં |
| ૨૨ કુ | ૨૩ મા | ૨૪ ર | ■ | મ | ■ | ■ | ૨૫ સા | ■ | ધ |
| ૨૬ લા | ગ | વ | ૨૭ ગ | ■ | ■ | ૨૮ ખેં | ચ | ૨૯ તા | ણ |
| ષ્ટ | ■ | ■ | ૩૦ ર | ૩૧ કા | ૩૨ સ | ■ | ■ | ૩૩ કા | છ |
| મી | ■ | ૩૪ નં | દ | મ | હો | ત્સ | વ | ■ | ઠ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | ૬ | |
| | ■ | ૭ | | | | | ■ | | ■ |
| ૮ | ૯ | ■ | | ■ | ૧૦ | | ૧૧ | | ■ |
| ■ | ૧૨ | ■ | ૧૩ | | ■ | ૧૪ | | | ૧૫ |
| ૧૬ | | ૧૭ | ■ | ■ | ૧૮ | | ■ | ૧૯ | |
| | ■ | ૨૦ | | ૨૧ | ■ | ૨૨ | ૨૩ | ■ | |
| ૨૪ | | | ■ | ૨૫ | ૨૬ | ■ | ૨૭ | ૨૮ | |
| | ■ | | ■ | ૨૯ | | ■ | ૩૦ | | |
| ૩૧ | ૩૨ | ■ | ૩૩ | | ■ | ૩૪ | | | ■ |
| ૩૫ | | | | ■ | ૩૬ | ■ | ૩૭ | | |

**આડી ચાવી**
૧. સરકાર દ્વારા મળતી રકમ-દાન (૪)
૪. માથાકૂટ (૫)
૭. ગુજરાતની એક નદી (૫)
૮. વખાણ (૨)
૧૦. સિપાઇઓની ટુકડીનો ઉપરી (૪)
૧૩. ભંગાર, નકામી ચીજવસ્તુઓ (૨)
૧૪. પાણિનિએ રચેલો વ્યાકરણ ગ્રંથ (૪)
૧૬. ઘરની પાછલી ભીંત (૩)
૧૮. દોસ્ત, મિત્ર (૨)
૧૯. ટપકવાનો અવાજ (૨)
૨૦. સોગંદ (૩)
૨૨. જલસા (૨)
૨૪. તમા, કાળજી, ખેવના (૩)
૨૫. એક સ્થાયી ભાવ (૨)
૨૭. એક રાશિ (૩)
૨૯. રાજ્યનો અધિપતિ (૨)
૩૦. નર્યુ, નીરોગી (૩)
૩૧. બીજાના--- અણગમાનો ખ્યાલ રાખવો (૨)
૩૩. સંગીતનું સાધન (૨)
૩૪. સાંઢ, આખલો (૩)
૩૫. ભગવાન બુદ્ધ (૪)
૩૭. સ્મરણ, સતત યાદ કરવું તે (૩)

**ઊભી ચાવી**
૧. કારણ વગર, અમથું (૩)
૨. ભાવ, કિંમત (૨)
૩. નહીં તો (૪) જો. છૂ.
૪. વિચારવાનું કામ કરતું અંગ (૩)
૫. ફાફડા-જલેબી તો --- જ ભાવે (૬)
૬. જાડું, બરછટ, સૂતરાઉ કપડું (૫)
૯. ત્રાંસી (૩)
૧૧. જકાત, ટેક્ષ (૨)
૧૫. પછાડવું, ઠપકો આપવો (૫)
૧૬. અગાઉથી ચાલતું આવેલું (૬)
૧૭. તકનો ફાયદો ઉઠાવનાર (૪)
૨૧. મોટો રાજા (૪)
૨૩. ગુજરાતનું એક શહેર (૫)
૨૬. દંડ (૨)
૨૮. પાસું, પડખું (૪)
૩૨. --- સાટે, મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સહેલ જો ને! (૨)
૩૩. સપ્તર્ષિમાં--- ઋષિઓ ગણાય (૨)
૩૬. ગંદુ, ન ગમે એવું (૧)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ફૂલોને જોઈતી હતી ફોરમ વસંતમાં' પંક્તિમાં ફોરમ શબ્દનો અર્થ જણાવો.

અ) ફેલાવો બ) સુગંધ ક) ખીલવું ડ) રંગ

### ગુજરાત મોરી મોરી રે

'સાગરનું માપ નીકળે, દિલનો અંદાજ ન આવે' મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

છાતીના ન કોઈની છેડા છેડા દરિયાના આવે આવે

### માતૃભાષાની મહેક

મેઘજીભાઈ વરસ્યા તો વાડમાં, નહીં તો ખેતરમાં પણ નહીં કહેવતમાં મેઘરાજાની - વરસાદની અનિશ્ચિતતા વ્યક્ત થાય છે. વરસાદ મહેર કરે તો ઠેકઠેકાણે પડે અને ઘરના વાડાને સુધ્ધાં લાભ મળે. પણ જો પ્રકૃતિ રૂઠે તો વાડો તો લાભ ન જ પામે, જ્યાં સૌથી વધુ જરૂર હોય એ ખેતર પણ મેઘરાજાથી વંચિત રહી જાય.

### ઈર્શાદ

*પાલવનો છેડલો કેટલોયે ઢાંક્યો,*
*તોયે ગુલાલ મારે કાળજડે વાગ્યો.*

*-અવિનાશ વ્યાસ*

### સુડોકુ-૯૦૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | | ૮ | | ૪ | | ૩ | ૧ |
| | ૩ | | | ૨ | | | ૮ | |
| | | ૨ | ૭ | | ૬ | ૫ | | |
| | | ૮ | | | | ૬ | | |
| ૭ | ૪ | | | | | | ૧ | ૩ |
| | | ૭ | | | | ૮ | | |
| | | ૩ | ૧ | | ૨ | ૪ | | |
| | ૮ | | | ૪ | | | ૬ | |
| ૫ | ૭ | | ૩ | | ૮ | | ૯ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૧ | ૬ | ૫ | ૨ | ૯ | ૮ | ૭ |
| ૭ | ૯ | ૬ | ૧ | ૮ | ૪ | ૩ | ૫ | ૨ |
| ૮ | ૫ | ૨ | ૭ | ૯ | ૩ | ૧ | ૬ | ૪ |
| ૫ | ૮ | ૪ | ૯ | ૬ | ૭ | ૨ | ૧ | ૩ |
| ૨ | ૬ | ૯ | ૩ | ૧ | ૫ | ૭ | ૪ | ૮ |
| ૧ | ૭ | ૩ | ૪ | ૨ | ૮ | ૬ | ૯ | ૫ |
| ૬ | ૨ | ૫ | ૮ | ૩ | ૧ | ૪ | ૭ | ૯ |
| ૪ | ૧ | ૮ | ૨ | ૭ | ૯ | ૫ | ૩ | ૬ |
| ૯ | ૩ | ૭ | ૫ | ૪ | ૬ | ૮ | ૨ | ૧ |

### માઈન્ડ ગેમ

વિશ્વના દરેક દેશના અલાયદા રાષ્ટ્રીય ફૂલ હોય છે. 'Thistle' તરીકે પ્રસિદ્ધ ફૂલ કયા દેશનું રાષ્ટ્રીય ફૂલ છે?

અ) લક્ઝમ્બર્ગ બ) અલ્જીરિયા ક) સ્કોટલેન્ડ ડ) ઇથિયોપિયા

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| BERTH | સૂવાનું પાટિયું |
| DEARTH | ઊણપ |
| GIRTH | ઘેરાવો |
| MIRTH | રમૂજ |
| OATH | શપથ |

ગુજરાત મોરી મોરી રે
ઓળખીતો સુથાર બે ટચકા વધારે મારે

ઓળખાણ પડી?
વૉશિંગ્ટન સુંદર

માઈન્ડ ગેમ
નેપાળ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ખીલી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુભાષ મોમાયા (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) ભારતી બુચ (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) નયના હરીહર (૧૦) નીતા દેસાઈ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) નૂતન વિપીન શાહ (૧૫) વિપીન શાહ (૧૬) પુષ્પા પટેલ (૧૭) મીનળ કાપડિયા (૧૮) શ્રદ્ધા આશર (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) રમેશ દલાલ (૨૩) હિના દલાલ (૨૪) ઈનાક્ષી દલાલ (૨૫) જ્યોત્સના ગાંધી (૨૬) મહેશ સંઘવી (૨૭) ધવલ શાહ (૨૮) જયલંત પદમશી ચિખલ (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) મહેન્દ્ર લોઢાવિયા (૩૨) મહેશ દોશી (૩૩) વિણા સંપટ (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) પ્રવીણ વોરા (૩૬) ભાવના કર્વે (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) અંજુ ટોલિયા (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) અલકા વાણી (૪૧) ડાયના સંતોકે (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડો પ્રકાશ કટકિયા (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ગીતા ઉદેશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) કિશોર સંઘરાજકા (૫૦) કમલ માતલિયા (૫૧) અરવિંદ કામદાર (૫૨) અંબરીષ ઓઝા (૫૩) નિતિન જયંતિલાલ બજરિયા

# આઈસીઆઈસીઆઈ બૅન્ક અને એચડીએફસી બૅન્કની આગેવાનીએ સેન્સેક્સમાં ૩૬૮ પોઈન્ટનો ધબડકો, નિફ્ટી ૨૪,૫૦૦ની નીચે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાના ઇન્ફલેશન ડેટાની પ્રતીક્ષા સાથે પંદરમી ઓગસ્ટે અલાસ્કામાં નિર્ધારિત રશિયાના ચીફ પુતીન અને અમેરિકાના ચીફ ટ્રમ્પની બેઠક અગાઉની સાવચેતીના માનસ વચ્ચે આઇસીઆઇસીઆઇ બેન્ક અને એચડીએફસી બેન્કની આગેવાનીએ વેચવાલીનું દબાણ વધી જતાં સેન્સેક્સમાં ૩૬૮ પોઇન્ટનું મોટું ગાબડું પડ્યું હતું અને નિફ્ટી ૨૪,૫૦૦ની નીચે સરક્યો હતો.

બજારના સાધનો જણાવ્યું હતું કે, રોકાણકારો જુલાઈના સ્થાનિક ફુગાવાના ડેટા અને નજીકના ગાળાના વ્યાજ દરની અપેક્ષાઓને આકાર આપી શકે તેવા મુખ્ય યુએસ ફુગાવાના અહેવાલની રાહ જોઈ રહ્યા હોવાથી એશિયાના વ્યાપક બજારોમાં લાભ અને નુકસાન વચ્ચે બદલાવ પછી સેન્સેક્સ અને નિફ્ટી ઘટ્યા હતા. સેન્સેક્સ ૩૬૮.૪૯ પોઈન્ટ અથવા ૦.૫ ટકા ઘટીને ૮૦,૨૩૫.૫૯ પર સ્થિર થયો, જ્યારે નિફ્ટી ૯૭.૬૫ પોઈન્ટ અથવા ૦.૪ ટકા ઘટીને ૨૪,૪૮૭.૪૦ પર બંધ થયો હતો.

બેંકો અને નાણાકીય ક્ષેત્રો શેરોમાં સારું ધોવાણ થયું હતું, નિફ્ટી બેંક ૦.૮૪ ટકા ઘટીને બંધ થયો, જ્યારે નિફ્ટી ફાઇનાન્શિયલ સર્વિસિસ ઇન્ડેક્સ ૦.૯ ટકા ઘટીને બંધ થયો. નિફ્ટી ઓટો, નિફ્ટી આઇટી, નિફ્ટી ફાર્મા અને નિફ્ટી ઓઇલ એન્ડ ગેસના શેરોમાં ૦.૪ ટકાથી ૦.૭ ટકાની વચ્ચેનો ઉછાળો જોવા મળ્યો હતો.

નિફ્ટીના ટોચના પાંચ સૌથી વધુ ઘટનારા શેરોમાં ટેક મહિન્દ્રા, મારુતિ સુઝુકી, હીરો મોટોકોર્પ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને એનટીપીસીનો સમાવેશ હતો, જ્યારે ટોચના સૌથી વધુ વધનારા શેરોમાં બજાજ ફાઇનાન્સ, ટ્રેન્ટ, હિન્દુસ્તાન યુનિલિવર, નેસ્લે ઇન્ડિયા અને ઇટર્નલનો સમાવેશ હતો. સેન્સેક્સના શેરોમાં બજાજ ફાઇનાન્સ, ટ્રેન્ટ, હિંદુસ્તાન યુનિલીવર, એચડીએફસી બેન્ક, ઇટર્નલ, બજાજ ફિનસર્વ, આઇસીઆઇસીઆઇ બેન્ક અને ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ લુઝર રહ્યાં હતા. ટોપ ગેઇનર્સમાં મારુતિ, ટેક મહિન્દ્રા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને એનટીપીસીનો સમાવેશ હતો.

પ્રથમ ક્વાર્ટકમાં નફો બમણાથી વધુ થતાં તિલકનગર ઇન્ડસ્ટ્રીઝના શેરમાં ઉછાળો હતો. નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૩૩ ટકાથી વધુ ઘટાડો થયા પછી એસ્ટ્રલના શેરમાં છ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટિંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ક્ષેત્રના અગ્રણી ખેલાડીઓમાંના એક, પાવર એન્ડ ઇન્સ્ટુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડે, મેસર્સ અજમેર વિદ્યુત વિતરણ નિગમ લિમિટેડ તરફથી રૂ. ૭૦.૫૫ કરોડ (જીએસટી સહિત)ના મૂલ્યના નોંધપાત્ર વર્ક ઓર્ડર મળ્યો હોવાનું જાહર કર્યું છે. આ કરાર રાજસ્થાનમાં ટર્નકી ધોરણે વીજળીકરણ માટે વિતરણથી માંડીને કમિશનિંગ સાથે સંબંધિત છે.

ત્રિમાસિક નફામાં વાર્ષિક ધોરણે ૯૪ ટકાનો જોરદાર ઘટાડો થવાને કારણે પ્રાજ ઇન્ડસ્ટ્રીઝના શેર નવ ટકાના કડાકા સાથે બાવન અઠવાડિયાના નીચલા સ્તરે પહોંચ્યા હતા. ક્લાઉડ સર્વિસીસ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, એન્ટરપ્રાઇઝ એપ્લિકેશન્સ અને મેનેજ્ડ આઇટી સર્વિસીસ પૂરી પાડતી વૈશ્વિક આઇટી સર્વિસીસ કંપની, દેવ ઇન્ફોર્મેશન ટેકનોલોજી લિમિટેડે કોન્સોલિડેટ ધોરણે પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૪૩૪.૫૯ મિલિયનની કુલ આવક, રૂ. ૪૦.૩૦ મિલિયનનો એબિટા અને રૂ. ૨૧.૮૨ મિલિયનનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૯.૨૭ ટકા અને નેટ પ્રોફિટ માર્જિન ૫.૦૨ ટકા રહ્યું છે.

મુથૂટ માઇક્રોફિનના નફામાં પણ વાર્ષિક ધોરણે ૯૪ ટકાનો કડાકો બોલાઇ જતાં તેનાશેરમાં પાંચટકાથી મોટો કડાકો જોવા મળ્યો હતો. અગાઉ ઇનર્ટિયા સ્ટીલ લિમિટેડ તરીકે ઓળખાતી ક્રાફ્ટ પેપરની વિવિધ શ્રેણીના અગ્રણી ઉત્પાદકો અને સપ્લાયરોમાંની એક બાણગંગા પેપર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૨૧.૧૭ કરોડની કુલ આવક. રૂ. ૧.૫૭ કરોડનો એબિટા અને રૂ. ૦.૬૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૭.૪૨ ટકા અને નેટ પ્રોફિટ માર્જિન ૩.૦૮ ટકા રહ્યું હતું. પ્રાઇમરી માર્કેટમાં શ્રીજી શિપિંગ ગ્લોબલનો રૂ. ૪૧૦.૭૧ કરોડનો અને પટેલ રિટેલ લિમિટેડનો રૂ. ૨૪૨.૭૬ કરોડનો ઇશ્યૂ ૧૯ ઓગસ્ટના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે. વોલ્ટાસના એસીના વેચાણમાં વાર્ષિક ધોરણે પ્રથમ ક્વાર્ટરના ચોખ્ખા નફામાં ૫૮ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

જાવાએ ૩૫૦ સીસી મોટરસાઇકલ પ્રીમિયમ લેગસી બાઇક યેઝદી રોડસ્ટર લોન્ચ કરી છે, જેની કિંમત રૂ. ૨.૦૯ લાખથી શરૂ થયા છે. આ મોટરસાઇકલ ત્રણ બ્રાન્ડ્સમાં ૧૨મું ઉત્પાદન છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે આયોજન કરાયેલા પાંચ લોન્ચમાંથી, ચાર પહેલાથી જ થઈ ગયા છે, એમ જાવા યેઝદી મોટરસાઇકલના સહ-સ્થાપક અનુપમ થરેજાએ જણાવ્યું હતું. બ્રાન્ડ ૫૦૦ ડીલરશીપ સ્થાપવાનું લક્ષ્ય રાખે છે, જેમાંથી ૩૫૦ ટૂંક સમયમાં ખુલવાની તૈયારીમાં છે.

રિટેલ ઇન્વેસ્ટર્સે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરમાં જોરદાર વાપસી કરી છે, બે ક્વાર્ટરના વેચાણ પછી રૂ. ૩,૦૦૦ કરોડથી વધુ માર્કેટ કેપ ધરાવતા ૮૭ બીએસઇ લિસ્ટેડ શેરોમાં તેમની હોલ્ડિંગમાં વધારો નોંધાયો છે. આમાંથી લગભગ ૨૫ શેરોએ અત્યાર સુધીમાં બે આંકડામાં વધારો કર્યો છે, જેમાં પાંચ મલ્ટિબેગસ સહિત ૧૧ શેરોમાં ૩૦ ટકાથી ૧૩૦ ટકા સુધીનો વધારો થયો છે.બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૨૫ ટકા ઘટ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૨૫ ટકા વધ્યો હતો.

રિટેલ હિસ્સેદારોનો સુધારો સામાન્ય રીતે નવા આત્મવિશ્વાસનો સંકેત આપે છે અને તે સૂચવે છે કે રોકાણકારો સાવચેતીના સમયગાળા પછી નવી વૃદ્ધિની તકો શોધી રહ્યા છે, જે ઘણીવાર શેરના પ્રદર્શન માટે સકારાત્મક દૃષ્ટિકોણનો સંકેત આપે છે. ■

# સોનાની લગડી પર ઊંચા ટૅરિફને ટ્રમ્પના રદિયાથી હાજર સોનામાં ૧.૬૦ ટકાના કડાકા બાદ અમેરિકાના ફુગાવાની જાહેરાત પૂર્વે ટકેલું વલણ

## સ્થાનિક સોનું ₹ ૨૮૭ ઘટ્યું, ચાંદીમાં ₹ ૧૮૮ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સોનાની લગડી અથવા તો ગોલ્ડ બાર પર ઊંચી ટૅરિફ લાદવામાં નહીં આવે એવું જણાવતા ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવમાં ૧.૬૦ ટકા જેટલો કડાકો બોલાઈ ગયા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના જુલાઈ મહિનાના ફુગાવાના ડેટા પર હોવાથી હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે અથડાઈનેટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યા હતા અને વાયદામાં સાધારણ ઘટાડો આવ્યો હતો. તેમ જ ચાંદીમાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૭નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ માગ હોવા છતાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૮૮ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ખાસ કરીને વૈશ્વિક ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ રહ્યું હતું, પરંતુ ઔદ્યોગિક વપરાશકારોની માગનો ટેકો મળતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૮૮ના સાધારણ ઘટાડા સાથે રૂ. ૧,૧૩,૩૧૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ઓવરનાઈટ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને રૂપિયામાં સાધારણ સુધારાતરફી વલણ રહેતાં સત્રના અંતે સોનાના વેરરહિત ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૭નો ઘટાડો આવ્યો હતો અને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૯,૨૭૦ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૯,૬૭૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ રાબેતા મુજબ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની સોનાની લગડી પર ઊંચી જકાત અંગેની શક્યતાઓને નકારી કાઢતાં ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજર અને વાયદાના ભાવમાં ઊંચા મથાળેથી કડાકા બોલાઈ ગયા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૩૩૪૫.૫૯ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા અને વાયદામાં ભાવ સાધારણ ૦.૨ ટકા ઘટીને ૩૩૯૪.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૭.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આજે મોડી સાંજે અમેરિકાના જુલાઈ મહિનાના ફુગાવા અથવા તો કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ છે. જોકે, બજાર વર્તુળો ફુગાવામાં ૦.૩ ટકા જેટલો વધારો થવાનો આશાવાદ રાખી રહી છે. જો, ફુગાવામાં બજારની અપેક્ષા કરતાં ઓછો વધારો જોવા મળશે તો ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા બળવત્તર બનશે, એમ ઓએએનડીએનાં વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવ્યું હતું.

જોકે, આગામી સપ્ટેમ્બર મહિનામાં ફેડરલ રિઝર્વ વ્યાજકમાં કાપ મૂકે તેવી ૮૫ ટકા શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો મૂકી રહ્યા છે. વધુમાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચીનથી થતી આયાત સામે ઊંચા ટૅરિફના દર લાદવાની મુદ્દત વધુ ૯૦ દિવસ લંબાવી હોવાના અહેવાલની બજાર પર કોઈ ખાસ અસર નહોંતી જોવા મળી. ■

# ખાંડમાં સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૦થી ૩૯૪૦માં ટકેલા ધોરણે થયા હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે એકંદરે અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી બન્ને ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સુધારો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતા ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે,આજે અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી હાજરમાં બન્ને ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સુધારા સાથે થયા હતા, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૪૨થી ૪૦૯૬માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૮૨થી ૪૧૭૬માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૫થી ૩૯૯૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૨૫થી ૪૦૬૫માં થયાના અહેવાલ હતા. ■

# ક્લાસિફાઈડ

### ૨૦. ધંધાદારી જગ્યા

**ઓફિસ વેચાણથી**

Festival Discount Rs. 3,00,000/- in stamp Duty 95 લાખ+ કાંદીવલી વેસ્ટ Swastik House- સ્ટેશન સામે મેન એસવી રોડ, 90% લોન સંપર્ક- 9820866563. (જેપી/૪૫૧૨-એ)

**વર્લીનાકા**

320' દુકાન 18' દર્શન 2,00,000 ભાડેથી મળશે. ગાર્મેન્ટ, સલોન, મેડીકલ યોગ્ય. 9819569698. (૨૦૩-એ)

**લોઅરપરેલ**

300' જુના ભાડાની દુકાન 1,65,00,000 વેચાણથી મળશે. રીડેવલપમેન્ટ ચાન્સ. 9819569698. (૨૦૩-એ)

**"SHIRDI"**

**Highway Tuch Star Hotel Resort / Dharamsala Plot 10.22 Acres for (Company) Sale / Joint Venture. Approved Layout. 4,43,343 Sq. Feets. Cont.: "Jain" - 8879705115. (194-A)**

**FORT, KALA GHODA**

**Nariman Point 200 to 2000 sq. ft. on Outright and on Rent. Contact: Megh Prakash Shah 9870032042. (B-16348)**

**REQUIRED**

1500' Office on Lease prefer Fully Furnished Budget Max 3.5 Lacs Prabhadevi, Lower Parel Only Call 9821036552 / 9870246552 SFRC. (204-B)

### ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**

''જન્માષ્ટમી'', ''ગણપતિ'', ''ભજન'', ''નવરાત્રી દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'' :- 9820889938. (૨૦૦-બી)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

### ૩૧. નાણાંકીય

**IPO**

**વેવ પાછો આવી ગયો... શું તમે તૈયાર છો? સીમલેસ, પ્રક્રિયા, રીયલ આયટમ અપડેટસ, સ્માર્ટ વિશ્લેષણથી સરળતાથી અરજી કરો. થોડીક મિનિટોમાં TRADING DEMAT ACCOUNT ખોલો... 9323009875. (૧૪૬-સી)**

**FUNDING**

For NPA, OTS, Real Est. Proj. Difficult Cases, Unsecured, Structured, Order, Import Finance. 25 yrs exp. financenetwork.in / 9819878744. (135-A)

### ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૩૦૧)

**પર્યુષણ ગિફ્ટ**

સાંજી, પારણા તથા ગણપતી નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે. -9930310057. (બી-૧૬૩૭૨)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**

બધી સમસ્યાનું ઘર બેઠા ફોન માટે જન્માક્ષર દ્વારા જાણો તમારી સમસ્યા. (હોમવિઝિટ) 9765396401. (બી-૧૬૨૯૯)

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**

કમ્પ્લીટ ઈન્ટિરિયર પ્લાનિંગ, ડિઝાઈનિંગ અને રીનોવેશન. પ્રોફેશનલ ડિઝાઈન અને એક્ઝેક્યુશન ટીમ દ્વારા, 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/= 3 બેડરૂમ 8,000/=. Helpline 8989282877. (૧૫૩૮૦/સી)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૭૮-એ)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૩૨૬)

# ડૉલર સામે રૂપિયામાં સાધારણ બે પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકણકારોની ઈક્વિટીમાં વેચવાલી અને વૈશ્વિક સ્તરે બ્રેન્ટ ક્રૂડતેલ તથા ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસા મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાધારણ બે પૈસાના સુધારા સાથે ૮૭.૭૩ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાતાં ઉમેર્યું હતું કે હાલને તબક્કે ભારત-અમેરિકા વચ્ચે ટૅરિફ અંગે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાને કારણે રૂપિયો વધુ દબાણ હેઠળ જોવા મળી રહ્યો છે.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૭.૭૫ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૭.૭૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૭૩ અને ઉપરમાં ૮૭.૫૯ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ બે પૈસાના સુધારા સાથે ૮૭.૭૩ની સપાટીએ બંધ રહ્યો હતો.

હાલમાં ભારત-અમેરિકા વચ્ચે ટૅરિફ અંગે પ્રવર્તી રહેલી અનિશ્ચિતતા અને મોડી સાંજે જાહેર થનારા અમેરિકાનાં ફુગાવાના ડેટા પર રોકાણકારોની નજર હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ રહ્યું હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૭.૪૦થી ૮૭.૮૭ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૧ ટકા વધીને બેરલદીઠ ૬૬.૭૦ ડૉલર આસપાસ અને ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા વધીને ૯૮.૫૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ૩૬૮.૪૯ પૉઈન્ટ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૯૭.૬૫ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યો હોવાથી અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૨૦૨.૬૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો.

# ટીન અને નિકલમાં સ્ટૉકિસ્ટોની લેવાલીએ ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ખાસ કરીને કોપર વાયરબાર સિવાયની કોપરની અન્ય વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ તેમ જ માગ ખપપૂરતી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૬, રૂ. ૧૮ અને રૂ. પાંચનો અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૬ વધીને રૂ. ૩૦૩૭, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૮ વધીને રૂ. ૧૩૬૫ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૯૨૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકના સુધારા સાથે રૂ. ૨૬૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૮૫૦, કોપર ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૪૦ અને રૂ. ૮૨૬ તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૭૬૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય બ્રાસ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# માર્કેટ કૅપમાં ₹ ૮૩૦૦૦ કરોડનો ઘટાડો

મુંબઇ: ફાઈનાન્સિયલ સર્વિસીસ, બેન્કેક્સ અને કેપિટલ ગુડ્સ ઇન્ડેક્સમાં પીછેહઠ રહી હતી અને ઓઈલ એન્ડ ગેસ, ઓટો, હેલ્થકેર ઇન્ડેક્સમાં સૌથી વધુ સુધારો જોવા મળ્યો હતો. માર્કેટ કેપમાં રૂ. ૮૩૦૦૦ કરોડનો ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સની ૧૧ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૯ સ્ક્રિપ્સ ઘટી હતી. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૮૫ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૯૯ ટકા ઘટ્યો હતો.

મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૮૦,૬૦૪.૦૮ના બંધથી ૩૬૮.૪૯ પોઈન્ટ્સ (૦.૪૬ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૦,૫૦૮.૫૧ ખૂલીને ઊંચામાં ૮૦,૯૯૭.૬૭ સુધી અને નીચામાં ૮૦,૧૬૪.૩૬ સુધી જઈને અંતે ૮૦,૨૩૫.૫૯ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૪૪.૧૩ લાખ કરોડથી રૂ.૦.૮૩ લાખ કરોડ ઘટીને રૂ.૪૪૩.૨૭ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ મુખ્યત્વે ઓઈલ એન્ડ ગેસ ૦.૬ ટકા, ઓટો ૦.૫૮ ટકા, હેલ્થકેર ૦.૪૨ ટકા, યુટિલિટીઝ ૦.૩૮ ટકા, એનર્જી ૦.૩૭ ટકા, મેટલ ૦.૩૬ ટકા, ફોકસ્ડ આઈટી અને આઈટી ૦.૨૮ ટકા વધ્યા હતા, જ્યારે ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૮૬ ટકા, બેન્કેક્સ ૦.૮૩ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૭૬ ટકા અને રિયલ્ટી ૦.૭૫ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૫૧ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૪૬ ટકા, એફએમસીજી ૦.૪૪ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૪૧ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૨૦૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૦૬૮ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૯૭૩ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૬૩ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૧૪ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૦૫ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૭ સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૦ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે મારુતિ ટેકનોલોજી ૨.૦૬ ટકા, ટેક મહિન્દ્ર ૧.૯૦ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૬૪ ટકા, એનટીપીસી ૧.૧૬ ટકા, તાતા સ્ટીલ ૦.૮૫ ટકા, ટાઈટન ૦.૫૯ ટકા, સન ફાર્મા ૦.૫૮ ટકા અને અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૫૩ ટકા વધ્યા હતા, જ્યારે બજાજ ફાઈનાન્સ ૨.૮૭ ટકા, ટ્રેન્ટ ૧.૩૬ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૩૫ ટકા, એચડીએફસી બેન્ક ૧.૩૧ ટકા, ઈટર્નલ ૧.૧૦ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૦૨ ટકા, બજાજ ફિનસર્વ ૦.૯૬ ટકા, બીઈએલ ૦.૯૨ ટકા, કોટક બેન્ક ૦.૯૧ ટકા અને અદાણી પોર્ટ્સ ૦.૭૯ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૬૮૧.૨૯ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૩,૧૦૮ સોદામાં ૪,૨૨૧ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૪૨,૦૯,૨૯૬ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૬,૯૫,૩૩,૮૨૦.૯૦ કરોડનું રહ્યું હતું.

# વિશ્વ બજાર પાછળ આયાતી તેલમાં મક્કમ વલણ

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૫૩ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૬ રિંગિટ વધી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં દેશી-આયાતી તેલના ભાવમાં મક્કમ વલણ રહ્યું હતું. જોકે, ભાવમાં મક્કમ વલણ રહેતાં છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

દરમિયાન કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા આજે જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી ઑગસ્ટથી ૧૦મી ઑગસ્ટ સુધી મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જુલાઈ મહિનાના સમાનગાળાના ૩,૯૧,૩૫૫ ટન સામે ૨૩.૩૧ ટકા વધીને ૩,૯૧,૩૫૫ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે વિવિધ આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૨૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૧ અને ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ રૂ. ૧૨૨૫ આસપાસના મથાળે છૂટાછવાયા કામકાજો પણ થયાના અહેવાલ હતા. જોકે, આજે ગોકુલની પામોલિનમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૦૦ના મથાળે બાયબેકમાં લેવાલી નીકળી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૩૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૨૦માં થયા હતા, જ્યારે નવી મગફળીની ૩૦૦ ગૂણીની આવક સામે વેપાર રૂ. ૭૦૦થી ૧૦૯૦માં થયા હતા. તેમ જ રાજકોટ મથકે માત્ર ૩૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૫૦માં થયાના અહેવાલ હતા. ■

# બિઝનેસ ફેમિલીનું વેલ્યુએશન ₹ ૬૬.૭૦ લાખ કરોડ

મુંબઈ: બાર્કલેઝ પ્રાઇવેટ ક્લાયન્ટ્સ હુરુન ઇન્ડિયા મોસ્ટ વેલ્યુએબલ ફેમીલી બિઝનેસ લિસ્ટ ૨૦૨૫માં અંબાણી ફેમિલીએ રૂ. ૨૮.૨ લાખ કરોડના વેલ્યુએશન્સ સાથે ટોચનું સ્થાન મેળવ્યું છે.

હુરુન રિસર્ચ ઇન્સ્ટિટ્યુટે બાર્કલેઝના સહયોગ સાથે તૈયાર કરેલી આ યાદીમાં બીજા સ્થાને રૂ. ૬.૫૦ લાખ કરોડના વેલ્યુએશન સાથે કુમાર મંગલમ બિરલા ફેમિલી અને ત્રીજા સ્થાને રૂ. ૫.૭૦ લાખ કરોડના વેલ્યુએશન્સ સાથે જિંદાલ ફેમિલીનો ક્રમ છે.

ટોચના દસ બિઝનેસ ફેમિલીનું કુલ વેલ્યુએશન રૂ. ૬૬.૭૦ લાખ કરોડ રહ્યું છે, જે પાછલા વર્ષે રૂ. ૫૯.૫૦ લાખ કરોડના સ્તરે હતું. ભારતના સૌથી વધુ મૂલ્યવાન બિઝનેસ ફેમિલીમાં સૌથી વધુ સંપત્તિનું સર્જન કરનારા ઉદ્યોગોમાં એનર્જી, ફાઇનાન્શિયલ સર્વિસિસ અને સોફ્ટવેર કેન્દ્ર સ્થાને રહ્યાં હતાં.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

O/o. ધ પેસ્ટ કંટ્રોલ ઓફિસ આર સાઉથ વોર્ડ, બાદશાહ રેસીડેન્સી, ૧લો માળ, પારેખ લેન, કાંદિવલી (પ.), મુંબઈ-૪૦૦૦૬૭.
નં. PCO/RS/૭૦૧/ એસઆર તા. ૧૧/૦૮/૨૦૨૫

**નોટિસ**

૦૫ મહિના એટલે કે ૧૨૧ દિવસો માટે R સાઉથ વોર્ડમાં એન્ટિલાર્વલ સારવાર ફોગિંગ, માખી નિયંત્રણ અને ઉંદર નિયંત્રણ જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે ૪૧ સ્વયંસેવકોની જોગવાઈ માટે નોંધાયેલા સહકારી/બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવાય છે.

રસ ધરાવતી સંસ્થાઓએ MCGM પોર્ટલ http://portal.mcgm.gov.inથી અરજીઓ ડાઉનલોડ કરવી જોઈશે અથવા સંપર્કઃ પેસ્ટ કંટ્રોલ ઓફિસર આર/સાઉથ વોર્ડ ઓફિસ O/o. ધ પેસ્ટ કંટ્રોલ ઓફિસ R/સાઉથ વોર્ડ ઓફિસ, બાદશાહ રેસીડેન્સી, ૧લો માળ, પારેખ લેન, કાંદિવલી (પ.), મુંબઈ-૪૦૦૦૬૭. ટેલિ નં. ૦૨૨-૨૮૦૫૬૦૦૦ એક્ષ્ટે-૩૧૫.

પેસ્ટ કંટ્રોલ ઓફિસ આર/સાઉથની ઓફિસમાં અરજીઓની સુપ્રતિની છેલ્લી તા. અને સમય કામકાજના દિવસે ૨૨/૦૮/૨૫ના સાંજે ૪.૦૦ ક. પહેલાંની રહેશે.

સહી/-
આસીસ્ટન્ટ કમિશનર
આર/સાઉથ વોર્ડ

PRO/1261/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# દહિસર ટોલ નાકાને ખસેડવામાં આવશે

## ટ્રાફિક સમસ્યાને ડામવા વેસ્ટર્ન હોટલની સામે સ્થળાંતર કરવાની વિચારણા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં પ્રવેશ કરતા સમયે મીરા-ભાયંદર શહેરના છેડા પર આવેલા દહિસર ટોલ નાકાને કારણે મોટા પ્રમાણમાં ટ્રાફિકની સમસ્યા નિર્માણ થવાની સાથે જ ઈંધણનો પણ વેડફાટ થઈ રહ્યો છે. તેથી દહિસર ટોલ નાકાને ત્યાંથી આગળ બે કિલોમીટરના અંતર પર આવેલી વેસ્ટર્ન હોટલની સામે સ્થળાંતર કરવામાં આવે એવી શક્યતા છે.

મીરા-ભાયંદર મહાનગરપાલિકાની હદ પાસેનું દહિસર ટોલ નાકું મુંબઈ મહાનગરમાં પ્રવેશ કરવા માટેનું મહત્ત્વનું પ્રવેશ દ્વારા માનવામાં આવે છે. ખાસ કરીને મુંબઈ-અમદાવાદ હાઈવે પરના આ ટોલનાકા પર ગુજરાત તરફથી આવતા વાહનોને કારણે અહીં રોજ મોટા પ્રમાણમાં ટ્રાફિક થતો હોય છે.

રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સમક્ષ એવી માગણી કરી છે કે દહિસર ટોલનાકાને બે કિલોમીટર આગળ આવેલી વેસ્ટર્ન હોટલ સામે સ્થળાંતરિત કરવી. તેથી મીરા-ભાયંદર અને મુંબઈ વચ્ચેનો પ્રવાસ વધુ સરળ અને ઝડપી બનશે.

પરિવહન પ્રધાને કહ્યું હતું કે એકનાથ શિંદે મુખ્ય પ્રધાન હતા ત્યારે તેમણે રાજ્યના અનેક ટોલનાકાને રદ કર્યા હતા. તેમ જ ટોલનાકા પર નાના વાહનોને ટોલ માફી આપી હતી. તેથી જો દહિસર ટોલનાકાને આગળ ખસેડવામાં આવે તો મીરા-ભાયંદર શહેરના ૧૫ લાખ સ્થાનિક નાગરિક, વાહનચાલક તેમ જ મુંબઈ તરફ જનારા પ્રવાસીઓને મોટી રાહત મળી રહેશે.

નાયબ મુખ્ય પ્રધાને બહુ જલદી આ બાબતે બેઠક કરીને સમસ્યાનું નિરાકરણ લાવવાનું આશ્વાસન આપ્યું હતું. ■

### કેબિનેટમાં ચાર મોટા નિર્ણય

# મહારાષ્ટ્ર પોલીસદળમાં ૧૫૦૦૦ પદ પર ભરતી

## રેશનિંગની દુકાનદારોના કમિશનમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારની કેબિનેટની બેઠકમાં પોલીસદળમાં ભરતી અને રેશનિંગની દુકાનદારોને કમિશન દરમાં વધારા સહિતના ચાર મોટા નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ નિર્ણય અંગે માહિતી મહારાષ્ટ્ર સરકાર દ્વારા આપવામાં આવી હતી.

**મહારાષ્ટ્ર પોલીસ દળમાં ૧૫ હજાર જગ્યાઓ ભરવામાં આવશે**

મહારાષ્ટ્ર પોલીસ દળમાં કોન્સ્ટેબલની લગભગ ૧૫ હજાર જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. આ માટે યોજાયેલી કેબિનેટ બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે પોલીસ કોન્સ્ટેબલ ભરતી પ્રક્રિયાને મંજૂરી આપવામાં આવી હતી. આ ભરતીમાં, ૨૦૨૨ અને ૨૦૨૩માં સંબંધિત પદની નિર્ધારિત વય મર્યાદા વટાવી ચૂકેલા ઉમેદવારો પણ એક વખતના ખાસ કેસ તરીકે અરજી કરી શકશે અને ભરતી પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.

આ ભરતી રાજ્ય પોલીસ દળમાં ૨૦૨૪ દરમિયાન ખાલી પડેલી અને ૨૦૨૫માં ખાલી પડેલી જગ્યાઓની સમીક્ષા કર્યા પછી કરવામાં આવશે. ભરવાની જગ્યાઓની સંખ્યા નીચે મુજબ છેઃ પોલીસ કોન્સ્ટેબલ - ૧૦ હજાર ૯૦૮, પોલીસ કોન્સ્ટેબલ ડ્રાઇવર - ૨૩૪, બેન્ડ્સમેન - ૨૫, સશસ્ત્ર પોલીસ કોન્સ્ટેબલ - ૨,૩૯૩, જેલ કોન્સ્ટેબલ - ૫૫૪. પોલીસ કોન્સ્ટેબલ અને જેલ કોન્સ્ટેબલની આ જગ્યાઓ ગ્રુપ - ઈ કેડરમાં છે. પોલીસ કોન્સ્ટેબલ માટે ભરતી પ્રક્રિયા જિલ્લા સ્તરે લાગુ કરવામાં આવે છે. આ માટે, ઓએમઆર આધારિત લેખિત પરીક્ષા લેવામાં આવશે.

બેઠકમાં તાલીમ અને વિશેષ ટીમ વિભાગના અધિક પોલીસ મહાનિર્દેશકને ભરતી માટે અરજીઓ મંગાવવા, અરજીઓની ચકાસણી કરવા, તેમની પ્રક્રિયા કરવા, ઉમેદવારોની શારીરિક તપાસ કરવા અને લાયક ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવા જેવી આનુષંગિક પ્રક્રિયાઓ હાથ ધરવા માટે સત્તાઓ આપવાને પણ મંજૂરી આપવામાં આવી હતી.

કેબિનેટ બેઠકમાં રાજ્યમાં રેશનકાર્ડ ધારકોને અનાજ અને ખાંડનું વિતરણ કરતા રેશનિંગ

(જુઓ પાનું ૪) ▸▸

# મલબાર હિલમાં બેસ્ટની ઈલેક્ટ્રિક બસે અડફેટમાં લેતાં ગુજરાતી વૃદ્ધાનું મૃત્યુ

### યોગા ક્લાસથી પાછા ફરતી વખતે નીતા શાહને નડ્યો અકસ્માતઃ ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના પૉશ વિસ્તાર મલબાર હિલમાં બેસ્ટની ઇલેક્ટ્રિક બસે અડફેટમાં લેતાં ૭૫ વર્ષનાં ગુજરાતી વૃદ્ધા નીતા નીતિન શાહનું ગંભીર ઇજાને કારણે મોત થયું હતું. નીતા શાહ સવારના યોગા ક્લાસથી પાછા ફરી રહ્યાં હતાં ત્યારે તેમને અકસ્માત નડ્યો હતો. મલબાર હિલ પોલીસે આ પ્રકરણે બસ ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને તેને નોટિસ ફટકારવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મલબાર હિલ વિસ્તારમાં સહ્યાદ્રી સ્ટેટ ગેસ્ટ હાઉસ નજીક મંગળવારે સવારે ૮.૪૫થી ૯.૦૦ વાગ્યા વચ્ચે આ અકસ્માત થય હતો. મલબાર હિલ સ્થિત રિજ રોડ પર પ્રકાશ બિલ્ડિંગમાં રહેનારાં નીતા શાહ રોજ મુજબ મંગળવારે સવારના ત્યાંની ક્લબમાં યોગા ક્લાસમાં ગયા હતા. યોગ્ય ક્લાસમાંથી તેઓ પાછા ઘરે આવવા માટે નીકળ્યાં હતાં. તેઓ તીન બત્તી તરફ જઇ રહ્યાં હતાં ત્યારે રિજ રોડ પર બિલ્ડિંગના ગેટ નજીક નો-પાર્કિંગમાં સ્કોડા કાર પાર્ક કરાયેલી હતી. કાર સામે હોવાથી નીતા શાહ રસ્તાની અંદરની બાજુ જતા હતાં.

એ સમયે વિજય વલ્લભ ચોકથી કમલા નેહરુ પાર્ક તરફ જઇ રહેલી બેસ્ટની ૧૦૫ નંબરની ઇલેક્ટ્રિક બસે સહ્યાદ્રી ગેસ્ટ હાઉસની નજીક નીતા શાહને અડફેટમાં લીધાં હતાં, જેમાં તેઓ બસની ડાબી બાજુના પાછળના ટાયર નીચે આવી જતાં તેમને ગંભીર ઇજા પહોંચી હતી. આ અકસ્માતમાં કારને પણ નુકસાન પહોંચ્યું હતું. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે બસે અડફેટમાં લીધા બાદ નીતા શાહ બસ અને કાર વચ્ચે ફસાઇ ગયાં હતાં. દરમિયાન અવાજ સાંભળીને બસ

(જુઓ પાનું ૪) ▸▸

# દહીંહાંડીમાં બાળગોવિંદા ભાગ નહીં લે

## બાળકના મૃત્યુની ઘટના બાદ મહારાષ્ટ્ર સરકારનો નિર્ણય

મુંબઇ : મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં ૧૬ ઓગસ્ટના રોજ દહીંહાંડીનો તહેવાર ઉજવવામાં આવશે. તે માટે મંડળો દ્વારા પિરામિડ બનાવવાની પ્રેક્ટિસ શરૂ થઇ ગઈ છે. મુંબઈના દહિસર વિસ્તારમાં ગયા રવિવારે (૧૦ ઓગસ્ટ) દહીંહાંડીની પ્રેક્ટિસ કરતી વખતે નીચે પટકાતા એક ૧૧ વર્ષના બાળ ગોવિંદાનું મૃત્યુ થયું હતું. નવતરુણ મિત્ર મંડળ દ્વારા પ્રેક્ટિસ દરમિયાન ગોવિંદાઓને સેફ્ટી કીટ આપવામાં ન આવી હોવાનો આરોપ છે. મુંબઈ પોલીસે આ મામલે નવતરુણ મિત્ર મંડળ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે.

હવે આ ઘટનાને પગલે મહારાષ્ટ્ર સરકારે જન્માષ્ટમીના અવસર પર દહીંહાંડીમાં બાળ ગોવિંદાનો

(જુઓ પાનું ૪) ▸▸

# ભિવંડીમાં ભાજપના યુવા મોરચાના પદાધિકારી સહિત બેની કરપીણ હત્યા

## ઑફિસમાં ઘૂસી ચારથી પાંચ હુમલાખોરે તીક્ષ્ણ હથિયારના ઉપરાઉપરી ઘા ઝીંક્યા

થાણેઃ ભાજપના યુવા મોરચાના પદાધિકારી અને તેના પિતરાઈની તીક્ષ્ણ હથિયારના ઉપરાછાપરી ઘા ઝીંકી કરપીણ હત્યા કરવામાં આવી હોવાની ઘટના ભિવંડીમાં બની હતી. ઑફિસમાં ઘૂસીને હુમલો કરનારા ચારથી પાંચ હુમલાખોર ફરાર થઈ જતાં પોલીસે તેમની શોધ હાથ ધરી હતી.

ભિવંડી તાલુકા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના સોમવારની રાતે ૧૧ વાગ્યાની આસપાસ બની હતી. ભાજપના થાણે જિલ્લા એકમના યુવા

(જુઓ પાનું ૪) ▸▸




# કચરા પર પ્રક્રિયા કરનારા બલ્ક વેસ્ટ જનરેટરોને પ્રોપર્ટી ટેક્સમાં મળશે રાહત

## ૨,૬૦૯ બલ્ક વેસ્ટ જનરેટરોમાંથી માંડ ૭૮૪ લોકો જ પરિસરમાં કચરા પર પ્રક્રિયા કરે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા મોટા પ્રમાણમાં કચરાનું નિર્માણ કરનારાઓને (બલ્ક વેસ્ટ જનરેટર) મૂળ સ્થાને જ કચરા પર પ્રક્રિયા કરવાનું ફરજિયાત કરવાને આઠ વર્ષ થયા બાદ પણ આ નિયમને અમલમાં મૂકવામાં નિષ્ફળ ગઈ છે. ૨,૬૦૯ મોટા રહેણાંક અને કમર્શિયલ બલ્ક વેસ્ટ જનરેટરોમાંથી માંડ ૭૮૪ લોકો જ સ્થળ પર ભીના કચરા પર પ્રક્રિયા કરી રહ્યા છે જ્યારે ૭૨૭ લોકો હજી પણ કચરાનો નિકાલ કરવા માટે થર્ડ પાર્ટી પર આધાર રાખી રહ્યા છે અને જે હવે સુધરાઈના

(જુઓ પાનું ૪) ▸▸

### સરકારી કર્મચારી પર હુમલો

# ભૂતપૂર્વ વિધાનસભ્ય બચ્ચુ કડુને ત્રણ મહિનાની જેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સરકારી કર્મચારી પર હુમલો કર્યાના સાત વર્ષ બાદ, મહારાષ્ટ્રના ભૂતપૂર્વ વિધાનસભ્ય બચ્ચુ કડુને મંગળવારે અહીંની એક કોર્ટે દોષી ઠેરવીને ત્રણ મહિનાની જેલની સજા ફટકારી હતી અને નોંધ્યું હતું કે વિધાનસભ્ય હોવાથી તેમને જનતાના સેવક પર હુમલો કરવાનું ‘લાઇસન્સ’ મળી જતું નથી.

એડિશનલ સેશન્સ જજ સત્યનારાયણ નાવંદરે બચ્ચુ કડુને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો અને જ્યાં સુધી તેઓ ઉચ્ચ અદાલતમાં અપીલ દાખલ ન કરે ત્યાં સુધી તેમની સજા સ્થગિત પણ કરવામાં આવી છે અને તેમને જામીન આપવામાં આવ્યા છે.

સેશન્સ કોર્ટે કડુને કલમ ૩૫૩ (જાહેર સેવક પર હુમલો કરવો અથવા તેમની ફરજ બજાવવાથી રોકવા માટે ફોજદારી બળનો ઉપયોગ કરવો) અને ૫૦૬ (ફોજદારી ધાકધમકી) હેઠળ દોષી ઠેરવ્યા હતા, જ્યારે તેમને ઇરાદાપૂર્વક અપમાનના આરોપમાંથી મુક્ત કર્યા હતા.

‘કોઈ શંકા નથી કે, કોઈ ચોક્કસ વિભાગના શાસન અથવા સંચાલન અંગે અથવા સરકારની ભરતી પ્રક્રિયાઓ દરમિયાન પરીક્ષાઓ યોજવા અંગે પણ

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# કબૂતરખાનાઓને સુપ્રીમ કોર્ટમાં રક્ષણ નહીં

## ફડણવીસે કબૂતરોના રક્ષણની યોજના જાહેર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સુપ્રીમ કોર્ટે કબૂતરખાનાઓ બંધ કરવાના બોમ્બે હાઈ કોર્ટના નિર્ણયને સમર્થન આપ્યું છે. આ સંદર્ભમાં અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ રાજ્ય સરકાર હવે શું કરશે? એવી ઈંતેજારી બધાને થઈ રહી છે.

સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને પડકારતી અરજી ફગાવી દીધી હતી. ન્યાયાધીશ જે.કે. મહેશ્વરી અને વિજય બિશ્નોઈની બેન્ચે આ મામલે દખલ કરવાનો ઇનકાર કર્યો હતો અને અરજદારોને ફરીથી હાઈકોર્ટનો સંપર્ક કરવાની મંજૂરી આપી હતી.

સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી દીધા પછી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર

(જુઓ પાનું ૪) ▸▸

# કોલાબામાં સુધરાઈની બે શાળા બંધઃ વાલીઓ પ્રશાસન વિરુદ્ધ રસ્તા પર ઉતર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોલાબામાં મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત બે સ્કૂલ અચાનક બંધ થઈ જવાથી વાલીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે. ગયા મહિને અચાનક સ્કૂલ બંધ થઈ જતા ઈંગ્લિશ મિડિયમના લગભગ ૧,૫૦૦ વિદ્યાર્થીઓને ઓનલાઈન ક્લાસિસમાં શિફ્ટ થવાની ફરજ પડી છે, તેને કારણે તેમના શિક્ષણને ફટકો પડયો છે.

કોલાબાના ભૂતપૂર્વ નગરસેવક મકરંદ નાર્વેકર અને અસરગ્રસ્ત વિદ્યાથીઓના વાલીઓએ પાલિકા સત્તાધીશ પાસે વૈકલ્પિક સ્કૂલ બિલ્ડિંગની વ્યવસ્થા કરવાની માગ કરી છે. તો પ્રશાસને આ વિદ્યાર્થીઓ માટે સ્કૂલ બિલ્ડિંગની વ્યવસ્થા નહીં કરી તો તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે રસ્તા પર ઊતરીને વિરોધ પ્રદર્શન

(જુઓ પાનું ૪) ▸▸






"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**